બુદ્ધં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ, સંઘ શરણં ગચ્છામિ (બુદ્ધ પૂર્ણિમા, તા. ૬-૫-૨૦૧૨)

ગુજરાત દિવ્ય જીવન સંઘ, પ્રાદેશિક સંમેલન (તા. ૨૯-૪-૨૦૧૨),
પ્રવક્તા : શ્રી સ્વામી પરમાત્માનંદજી, શ્રી પી. કે. લહેરી સાહેબ

ગુજરાત દિવ્ય જીવન સંઘ, પ્રાદેશિક સંમેલન
(તા. ૨૯-૪-૨૦૧૨), પ્રવક્તા : સુશ્રી ઈન્દુબહેન કાટદરે

લાયન્સ ક્લબ વિદર્ભ પ્રાદેશિક પરિષદ,
નાગપુર (તા. ૮-૪-૨૦૧૨)

શ્રી સ્વામી અધ્યાત્માનંદજીનો ૬૮મો પ્રાકટ્યોત્સવ સંગીત ઉત્સવ -
શ્રી નીતિન મુકેશ (૩૦ એપ્રિલ) અને હાસ્ય દરબાર- શ્રી સાંઈરામ દવે (૪ મે, ૨૦૧૨)

શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન, વ્યાખ્યાતા :
ડૉ. નરેશ વેદ, મ.મં. શ્રી સ્વામી વિશ્વેશ્વરાનંદજી મહારાજ (તા. ૨-૫-૨૦૧૨)

શ્રીશ્રી તિરુપતિ બાલાજીનો બ્રહ્મોત્સવ
(તા. ૧૧-૪-૨૦૧૨)

શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન : પૂજ્ય સ્વામીજી, મ.મં. અદ્વૈતાનંદજી, શ્રી સ્વામી માધવપ્રિયદાસજી,
શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી તથા સ્વામી ગીતાનંદજી (તા. ૧-૫-૨૦૧૨)

પૂજ્ય જોગી સ્વામીજીનો ૧૦૮મો પ્રાકટ્યોત્સવ, ગુંદાસરા (તા. ૫ મે, ૨૦૧૨),
પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન

શ્રી ગુરુ સંગમમ્-દિલ્હી (તા. ૧૨-૪-૨૦૧૨)

શ્રી દેવીભાગવત કથા (તા. ૨૨ એપ્રિલથી ૨૮ એપ્રિલ)

સંત સમાગમ, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનો ૬૮મો પ્રાકટ્યોત્સવ (તા. ૩-૫-૨૦૧૨)

ઉપનિષદોની ઝાંખીઓ

તમારે હંમેશાં તમારું વચન પાળવું જ જોઈએ. આ સફળતાની કૂંચી છે. જીવનનાં બધાં વિઘ્નોનું કારણ તમે તમારું વચન પાળતા નથી તે છે. આ સંદર્ભમાં વચનપાલનમાં નિષ્ફળ જનારને કમનસીબ દુર્ઘટનાઓ માટે સાવધ રહેવું પડે છે. તમે મિત્રોને શત્રુઓ બનાવો છો. આધ્યાત્મિક જીવનમાં તમે અનેક સંકલ્પો કરો છો, પણ તમે એકેય સંકલ્પને વળગી રહેતા નથી. જો તમે આ વચનપાલનના અતિઅગત્યના સદ્‌ગુણનો વિકાસ ન કરો તો આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ અશક્ય છે.

- સ્વામી ચિદાનંદ

Print Vision

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- ● વર્ષ - ૯, અંક - ૪, મે - ૨૦૧૨

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad-380 002. Annual Subscription Rs.100/-

સત્ય

સત્ય એ ભગવાન છે, ભગવાન એ સત્ય છે. સત્ય એક જ છે, પરંતુ સંતો તેને જુદાં જુદાં નામોથી કહે છે. ધૈર્ય, દયા, ઉદારતા, સહનશક્તિ, અપક્ષપાતીપણું, આત્મસંયમ, ત્યાગ, ધ્યાન, અહિંસા તથા ન્યાય એ બધાં સત્યનાં સ્વરૂપો છે. સત્ય શબ્દોના ઘોંઘાટથી રહિત આંતરિક રીતે બોલે છે. તે શાંતિની ભાષા છે. તે ભગવાનનો સૂક્ષ્મ અવાજ છે.

- સ્વામી શિવાનંદ

બુદ્ધં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ, સંઘ શરણં ગચ્છામિ (બુદ્ધ પૂર્ણિમા, તા. ૬-૫-૨૦૧૨)

ગુજરાત દિવ્ય જીવન સંઘ, પ્રાદેશિક સંમેલન (તા. ૨૯-૪-૨૦૧૨),
પ્રવક્તા : શ્રી સ્વામી પરમાત્માનંદજી, શ્રી પી. કે. લહેરી સાહેબ

ગુજરાત દિવ્ય જીવન સંઘ, પ્રાદેશિક સંમેલન
(તા. ૨૯-૪-૨૦૧૨), પ્રવક્તા : સુશ્રી ઈન્દુબહેન કાટદરે

લાયન્સ ક્લબ વિદર્ભ પ્રાદેશિક પરિષદ,
નાગપુર (તા. ૮-૪-૨૦૧૨)

શ્રી સ્વામી અધ્યાત્માનંદજીનો ૬૮મો પ્રાકટ્યોત્સવ સંગીત ઉત્સવ -
શ્રી નીતિન મુકેશ (૩૦ એપ્રિલ) અને હાસ્ય દરબાર- શ્રી સાંઈરામ દવે (૪ મે, ૨૦૧૨)

શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન, વ્યાખ્યાતા :
ડૉ. નરેશ વેદ, મ.મં. શ્રી સ્વામી વિશ્વેશ્વરાનંદજી મહારાજ (તા. ૨-૫-૨૦૧૨)

શ્રીશ્રી તિરુપતિ બાલાજીનો બ્રહ્મોત્સવ
(તા. ૧૧-૪-૨૦૧૨)

શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાન : પૂજ્ય સ્વામીજી, મ.મં. અદ્વૈતાનંદજી, શ્રી સ્વામી માધવપ્રિયદાસજી,
શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી તથા સ્વામી ગીતાનંદજી (તા. ૧-૫-૨૦૧૨)

પૂજ્ય જોગી સ્વામીજીનો ૧૦૮મો પ્રાકટ્યોત્સવ, ગુંદાસરા (તા. ૫ મે, ૨૦૧૨),
પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન

શ્રી ગુરુ સંગમમ્-દિલ્હી (તા. ૧૨-૪-૨૦૧૨)

શ્રી દેવીભાગવત કથા (તા. ૨૨ એપ્રિલથી ૨૮ એપ્રિલ)

સંત સમાગમ, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનો ૬૮મો પ્રાકટ્યોત્સવ (તા. ૩-૫-૨૦૧૨)

ઉપનિષદોની ઝાંખીઓ

તમારે હંમેશાં તમારું વચન પાળવું જ જોઈએ. આ સફળતાની કૂંચી છે. જીવનનાં બધાં વિઘ્નોનું કારણ તમે તમારું વચન પાળતા નથી તે છે. આ સંદર્ભમાં વચનપાલનમાં નિષ્ફળ જનારને કમનસીબ દુર્ઘટનાઓ માટે સાવધ રહેવું પડે છે. તમે મિત્રોને શત્રુઓ બનાવો છો. આધ્યાત્મિક જીવનમાં તમે અનેક સંકલ્પો કરો છો, પણ તમે એકેય સંકલ્પને વળગી રહેતા નથી. જો તમે આ વચનપાલનના અતિઅગત્યના સદ્‌ગુણનો વિકાસ ન કરો તો આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ અશક્ય છે.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision

દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- ● વર્ષ - ૯, અંક - ૪, મે - ૨૦૧૨

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad-380 002. Annual Subscription Rs.100/-

સત્ય

સત્ય એ ભગવાન છે, ભગવાન એ સત્ય છે. સત્ય એક જ છે, પરંતુ સંતો તેને જુદાં જુદાં નામોથી કહે છે. ધૈર્ય, દયા, ઉદારતા, સહનશક્તિ, અપક્ષપાતીપણું, આત્મસંયમ, ત્યાગ, ધ્યાન, અહિંસા તથા ન્યાય એ બધાં સત્યનાં સ્વરૂપો છે. સત્ય શબ્દોના ઘોંઘાટથી રહિત આંતરિક રીતે બોલે છે. તે શાંતિની ભાષા છે. તે ભગવાનનો સૂક્ષ્મ અવાજ છે.

- સ્વામી શિવાનંદ

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
દિવ્ય જીવન

વર્ષ : ૯ | અંક : ૫ | મે-૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી :
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
સંપાદક મંડળ :
શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
ડૉ. મફતલાલ જે. પટણી
ડૉ. હરીશ દ્વિવેદી

લેખ મોકલવાનું સરનામું :
તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

મુખ્ય કાર્યાલય :
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

E-mail : sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

'દિવ્ય જીવન'નું લવાજમ
જૂન-૨૦૧૨થી આ મુજબ રહેશે

ભારતમાં		
વાર્ષિક લવાજમ	:	રૂ. ૧૫૦/-
શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે)	:	રૂ. ૧૫૦૦/-
પેટ્રન લવાજમ	:	રૂ. ૩૦૦૦/-
છૂટક નકલ	:	રૂ. ૧૫/-
વિદેશ માટે (એર મેઈલ)		
વાર્ષિક (એર મેઈલ)	:	રૂ. ૧૮૦૦/-
શુભેચ્છક લવાજમ	:	રૂ. ૧૫૦૦૦/-

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ॐ

सदैवात्मा विशुद्धोऽस्ति ह्यशुद्धो भाति वै सदा ।
यथैव द्विविधा रज्जुर्ज्ञानिनोऽज्ञानिनोऽनिशम् ॥
यथैव मृण्मयः कुम्भस्तद्वद्देहोऽपि चिन्मयः ।
आत्मानात्मविभागोऽयं मुधैव क्रियते बुधैः ॥
सर्पत्वेन यथा रज्जू रजतत्वेन शुक्तिका ।
विनिर्णीता विमूढेन देहत्वेन तथाऽऽत्मता ॥

अपरोक्षानुभूतिः ६८, ६९, ७०

જેમ જ્ઞાનીને (અને) અજ્ઞાનીને સદા દોરડી બે પ્રકારની જ (છે, તેમ જ્ઞાનીને) આત્મા સર્વદા વિશુદ્ધ જ છે, ને (અજ્ઞાનીને તે) સદા અશુદ્ધ જ ભાસે છે.

જેમ ઘડો માટીરૂપ જ (છે) તેમ શરીર પણ ચૈતન્યરૂપ (છે, માટે) આ જડચેતનનો વિભાગ જ્ઞાનીઓ વડે ખોટો જ કરાય છે.

જેમ (દોરડીને નહિ જાણનાર મનુષ્યે) દોરડી સર્પરૂપે (અને છીપને નહિ જાણનારે) છીપ રૂપારૂપે તેમ અજ્ઞાનીએ આત્મા દેહરૂપે નક્કી કરેલ છે.

શિવાનંદ વાણી

ગરીબોની પૂજા કરો : યોગ્ય સમજ અને સાચા ચિંતનનો વિકાસ કરો. ભગવાનની હંમેશાં પ્રાર્થના કરો. વૈશ્વિક પ્રેમનો વિકાસ કરો. સ્વાર્થીપણાનો ત્યાગ કરો. સચ્ચારિત્ર્યના નિયમોનો અમલ કરો. સદ્‌ગુણોનો વિકાસ કરો. તમારી ઉપર દિવ્ય કૃપા ઉતરશે. પવિત્ર ઈચ્છાઓથી અપવિત્ર ઈચ્છાઓનો નાશ કરો. આળસુ ન બનો. હંમેશાં કર્મ કરતા કરતા ઊંચે જાઓ. અજ્ઞાનનો પડદો તોડી નાખો. તમારા સ્વરૂપને ઓળખો અને મુક્ત થઈ જાઓ. ગરીબો અને માંદાઓમાં રહેલા ભગવાનને પૂજો. ગાઢ પ્રેમથી દરેકની પૂજા કરો. તમારા હાથને કામમાં રત રાખો, પણ મનને ભગવાન સાથે જોડી રાખો. તમને પરમશાંતિ, પરમ આનંદ અને અમરત્વ પ્રાપ્ત થશે.

- સ્વામી શિવાનંદ



"દિવ્ય જીવન" આ અંક સૌજન્ય દાતા મંત્રી-ટ્રસ્ટી શ્રી રાજીવ શાહ (મીહીકિતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ) ઈશ્વર અનુગ્રહ અને ગુરુકૃપાની શુભાકાંક્ષા.

પ્રકાશક-મુદ્રક : અરૂણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી, પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

અનુક્રમ

૧.	શ્લોક - આત્મબોધ	શ્રીમદ્ આદિ શંકરાચાર્ય	૧
૨.	અનુક્રમ, તહેવાર સૂચિ		૨
૩.	સંપાદકીય	સંપાદક	૩
૪.	સત્સંગ-૨	ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી	૪
૫.	જાગૃતિ આવી કે હેતુપૂર્ણ કાર્ય શરૂ	શ્રી સ્વામી ચિદાનંદજી	૭
૬.	શ્રી સંતરામ મહારાજના શુભાશીર્વાદ		૯
૭.	યોગ એટલે શું ?	શ્રી સ્વામી અધ્યાત્માનંદજી	૧૦
૮.	ભક્તિ : લક્ષણ અને સ્વરૂપ-૩	શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી	૧૨
૯.	એકાગ્રતા પ્રાપ્તિના ઉપાયો	સ્વામી નિખિલેશ્વરાનંદજી	૧૪
૧૦.	શિવાનંદ કથામૃત	ગુરુદેવના સંન્યાસી શિષ્યો	૧૭
૧૧.	અમૃતપુત્ર-૧૧	શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે	૨૦
૧૨.	ઉપનિષદ-યાત્રા	ડૉ. ગુણવંત શાહ	૨૪
૧૩.	યોજના હંમેશ માટે ખુલ્લી છે	આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી	૨૬
૧૪.	મન-ઊર્જાશક્તિનો અનંત ભંડાર	ડૉ. હરીશ દ્વિવેદી	૨૭
૧૫.	વૃત્તાંત		૨૯

તહેવાર સૂચિ

મે, ૨૦૧૨

તા.	તિથિ	(વૈશાખ સુદ)
૨	૧૧	એકાદશી
૩	૧૨	પ્રદોષ
૪	૧૩	નરસિંહ જયંતી
૫	૧૪	શ્રી કૂર્મ જયંતી
૫/૬	૧૪/૧૫	પૂર્ણિમા
૬	૧૫	બુદ્ધ જયંતી
		(વૈશાખ વદ)
૧૬	૧૧	એકાદશી
૧૮	૧૩	પ્રદોષપૂજા
૨૦	૩૦	અમાવાસ્યા
		(જેઠ સુદ)
૩૦	૧૦	ગંગાદશહરા
૩૧	૧૧	નિર્જળા એકાદશી

● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર

કર્મયોગી ભગવાનની વધુ નજીક હોય છે : કર્મયોગી કહે છે, 'બધાં કામો ફળની અપેક્ષા વિના કરો. આનાથી મન પવિત્ર થશે. પછી તમે આત્મા કે ભગવાનનું જ્ઞાન મેળવશો. તમને મુક્તિ કે શાશ્વત આનંદ અને અમરત્વ મળશે.' આ સિદ્ધાંત છે. જો તમે ઉપરોક્ત સિદ્ધાંત પ્રમાણે વર્તશો તો તમારું મન શુદ્ધ થશે. તમારાં કર્મોનો આ ઘણો મોટો બદલો છે. પવિત્ર મનવાળા માણસની ગૌરવશીલ સ્થિતિઓની તમે કલ્પના નહિ કરી શકો. તેનાં અમર્યાદ શાંતિ, બળ અને આનંદની કોઈ સીમા હોતી નથી. તે ભગવાનની ખૂબ નજીક હોય છે. **- સ્વામી શિવાનંદ**

"અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાંની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

દિવ્ય સ્ફુલિંગ

પ્રાણાયામ : જે પ્રાણાયામ કરશે તેને સારી ભૂખ લાગશે, તેઓ આનંદી રહેશે, શરીરનાં ઊંચાઈ અને કાઠું સારાં થશે, શરીર બળવાન થશે; હિંમત, ઉત્સાહ અને મનની એકાગ્રતા વધશે. યોગી તેનું જીવન વર્ષોમાં લંબાવતો નથી, પણ તેના શ્વાસની સંખ્યામાં વધારે છે. સાધારણ રીતે મનુષ્ય ચોવીસ કલાકમાં ૨૧૬૦૦ શ્વાસ લે છે. જો આ સંખ્યા આધ્યાત્મિક સાધના કે પ્રાણાયામ દ્વારા ઘટાડવામાં આવે તો, આયુષ્ય વધારી શકાય. **- સ્વામી ચિદાનંદ**

સંપાદકીય

આપણે સૌ જીવીએ છીએ. આપણું અસ્તિત્વ છે, તેવું પણ માનીએ છીએ, પરંતુ આપણાં સૌનાં જીવન કે અસ્તિત્વનો હેતુ શું ? આ પ્રશ્ન વિશે આપણે કદીયે વિચાર્યું નથી અને જ્યારે ખરેખર કટોકટી હોય ત્યારે આપણે આપણી જાતનું રક્ષણ કરવા માગીએ છીએ કે આપણાં શરીરોનું ? આ પણ એક જટીલ પ્રશ્ન છે.

કોઈને ખૂબ કપરો ડાયાબિટીસ થાય અને ડોક્ટર કહે કે, 'જો બચવું હોય તો પગ કપાવવા પડશે ?' અહીં આપણે પગ કપાવી જ નાખતા હોઈએ છીએ. કારણ ? આપણે આપણી જાતને બચાવવા માગીએ છીએ. પગ કપાવ્યા છે, ક્યારેક હાથ પણ કપાવવા પડે, ક્યારેક કોઈ સડાને કારણે લોકોને અઢી ફૂટ લાંબું આંતરડું પણ કપાવવું પડતું હોય છે. પરંતુ હાથ કપાયા, પગ કપાયા, આંતરડું કપાય. આંખો બંધ થઈ જાય. કાને સંભળાય નહીં, મોઢે મૂંગો-બહેરો હોય છતાં આ પોતે જીવે તો છે ? તેનો આનંદ છે.

આ 'પોતે' એટલે શરીર તો જાણે નહીં જ, તો શું ? કોણ વહાલું છે ? શું વહાલું છે ? આ બચાવવાનું કોને ? આ સંરક્ષણ કોનું ? આ બધું આપણા આર્ષ ગ્રંથો, આપણી આર્ષ વિદ્યા આપણને શિખવે છે. આ રક્ષણ જીવનું છે, આત્માનું નહીં. આત્માને તો આવાગમન જ નથી. તે તો નિત્ય સત્ય, શુદ્ધ, બુદ્ધ, અજર, અમર, અવિનાશી, સર્વત્ર વિદ્યમાન પરમતત્ત્વ છે, જેને આપણે-વેદોએ-સંહિતાઓએ, ઉપનિષદોએ 'અયં આત્મા બ્રહ્મ'ના નામે ઓળખેલ છે. પરંતુ આ ઓળખાણ અને ઓળખનારની વચ્ચે એક પડદો છે. અહંકારનો, મમત્વનો, સ્વાર્થનો, દંભ કે છળનો. આપણે દુર્ભાગ્યે એટલા બધા 'મીઢા' થઈ ગયા છીએ કે આપણી આ જડતાને જ સત્ય, સદાચાર અને નૈતિકતા છે તેમ જાણીને જીવીએ છીએ.

આ ફરીથી 'જીવીએ' છીએ તે સત્ય છે ? આપણને જન્મ મળ્યો છે. મૃત્યુ મળશે. આ બંને વચ્ચેનું અંતર એટલે જીવન તો કદાપિ નહીં, તે છે ક્ષણે ક્ષણે, પળે પળે મૃત્યુ ભણીની આપણી યાત્રા. અને આ મૃત્યુ તરફની યાત્રાને જીવન કહીને આપણે આપણી સાથે જ છળ, પ્રવંચના કરી રહ્યા છીએ.

આત્માથી દૂર, અનાત્મમાં સ્થિરતા. માટે સ્વાધ્યાય, અર્થાત્ આત્મતત્ત્વ શ્રવણ, મનન, નિદિધ્યાસન અને તેની પ્રાપ્તિ માટેના પ્રમાણિક પ્રયત્નો થકી જ આપણે વાસ્તવિક જીવનના યાત્રી બની શકીએ. બાકી જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, દુઃખ અને દોષાનુદર્શનના તાણાવાણામાં અટવાયેલી જીવનયાત્રા પોતાના જ જાળામાં ફસાયેલા કરોળિયા જેવી છે. છતાં આ કરોળિયો પોતાની લાળમાંથી જે જાળું બનાવી શકે છે, તેને પાછું સંકેલી પણ શકે છે.

કાંટાની બોરડીમાં વસ્ત્ર ફસાય તો તેને ખેંચાય નહીં, ધીરે ધીરે કરીને કાઢી લેવું પડે, ખેંચીએ તો વસ્ત્ર ફાટી જાય. જીવનશૈલી સાથે બળાત્કાર કરવાનો નથી, ધીરે ધીરે બધું સંકેલી લેવાનું છે. એક નૂતન યાત્રાનો પ્રારંભ, અનાત્મમાંથી આત્મા તરફ, અંધકાર કે અજ્ઞાનમાંથી પ્રકાશ કે જ્ઞાન તરફ, મૃતમાંથી અમૃત તરફ અને ભ્રાન્તિમાંથી સત્ય તરફ. ત્યાં જ જીવન સાર્થક્ય. ત્યાં જ સાચું દિવ્ય જીવન. ૐ શાંતિ.

- સંપાદક

સત્સંગ-૨

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

સંગનો પ્રભાવ

હવે આપણે સત્સંગના બીજા પાસા-ભલા અને પવિત્ર માણસોનો સંગ-નો વિચાર કરીએ-આ વિષે વિચારતાં પહેલાં સોબત આપણા ઉપર કેવી અસર કરે છે તે વિશે કેટલાંક સામાન્ય નિરીક્ષણો જોઈએ.

પવન સાથે ભળેલી ધૂળ આકાશમાં ઘણે ઊંચે સુધી ઊડે છે; જો તે ડહોળા પાણી સાથે ભળે તો તે ગંદો કાદવ બને છે. ચમેલીની આસપાસની હવા આપણને મીઠી સુગંધ આપે છે; સડતી વસ્તુની આસપાસની હવા દુર્ગંધ ફેલાવે છે. પોપટને દુષ્ટ માણસના સહવાસમાં રાખો તો તે ખરાબ ભાષામાં ગાળો બોલવા માંડશે; તે જ પોપટને ભગવાનના ભક્તના સંગમાં રાખો તો તે 'શ્રીરામ, શ્રીરામ' બોલવાનું શરૂ કરશે.

ટૂંકમાં આ ઉદાહરણો સોબતની અસર દર્શાવે છે. આપણે કોઈ તપસ્વીના સંપર્કમાં હોઈએ તો આપણને દિવ્ય જ્ઞાન મળે અને સનાતન આનંદના રાજ્યમાં ઉડ્ડયન કરીએ. પણ જો આપણે શઠ, દારૂડિયા અને ગુંડાની સોબત કરીએ તો આપણામાં ખરાબ ટેવો આવશે અને આપણે અધમ કામો કરવા માંડીશું. ડ્રગ્સ લેનારની સોબતમાં આપણે ચોક્કસ ડ્રગ્સ લેતા થઈ જઈશું અને આપણાં શરીર અને મન બરબાદ થઈ જશે.

હે વહાલાં બાળકો ! તમે દિવ્ય જીવનના ઉંબરા ઉપર છો. તમે તમારી સોબત વિશે સભાન રહો. જેમ નર્સરીના નાના છોડવાઓને પ્રાણીઓ અને હવામાનથી બચાવવા માટે શરૂઆતમાં તેમની આસપાસ વાડ કરવામાં આવે છે તેમ તમારે અનિષ્ટ અસરોથી પોતાની કાળજીપૂર્વક રક્ષા કરવી જોઈએ. જો તમે તેમ નહીં કરો તો તમે તમારી જાતને ઘણું નુકસાન પહોંચાડશો.

કોઈ ઘણી શક્તિશાળી વ્યક્તિ જ પોતાને એકાંતમાં તેજસ્વી રાખી શકે. મોટા ભાગના લોકો તેમના માર્ગમાં આવતી દરેક તકને ઝડપી લઈ, તેમની આધ્યાત્મિક આકાંક્ષાને તૃપ્ત કરે તેવા લોકોના સંપર્કમાં આવી તેમની મુમુક્ષુતાને સુદૃઢ બનાવે છે. હિંદુજીવનનું એક અનન્ય લક્ષણ એ છે કે આપણા વડીલો આપણને હંમેશાં પવિત્ર માણસોનો સત્સંગ કરવાની અને તેમની વાતચીતને ધ્યાનથી સાંભળવાની સલાહ આપે છે. આ રીતે આપણે આપણા હૃદયમાં રહેલી પ્રેમ અને આતુરતાની ચિનગારીને સત્સંગ દ્વારા ફૂંકીને જ્વાળા બનાવીએ છીએ. તે હિંદુ પ્રણાલીનું પવિત્ર સંતો પ્રત્યે માન અને પૂજ્યભાવ એ સામાન્ય લક્ષણ છે. આપણા આ વારસાએ આપણને આ ઉમદા પ્રણાલીનું પ્રદાન કર્યું છે તેનું આપણે ગૌરવ લઈએ તે ઉચિત છે.

કુસંગની વિનાશક અસરો

સત્સંગની વિધાયક બાજુનો વિચાર કરતાં પહેલાં કુસંગની વિઘાતક અસરો વિશે જાણવું તે વધુ ઉપયોગી નીવડશે. તો જ આપણે સારી સોબતની કિંમતની કદર કરી શકીશું અને દુષ્ટ સંગથી બચવા માટે ખાસ પ્રયત્ન કરીશું.

કુસંગની અસરો ખૂબ અનર્થકારી છે. કુસંગથી મન અપવિત્ર કામનાઓથી ભરાઈ જાય છે. આધ્યાત્મિક જીવનની શરૂઆતમાં જો આપણે દુષ્ટ અને સંસારાસક્ત લોકોનો સંપર્ક રાખીએ તો આપણે ચોક્કસ ભક્તિભાવ ગુમાવી દઈશું અને અનિષ્ટ વૃત્તિઓના ભોગ બનીશું. આપણી ઈશ્વરમાં રહેલી થોડી શ્રદ્ધા પણ અદૃશ્ય થઈ જશે. અંતે આપણે અનંત કામનાઓ અને મહત્ત્વાકાંક્ષાઓથી ગ્રસ્ત સાંસારિક માણસની કક્ષામાં આવી જઈશું.

મન કુદરતી રીતે જ અનુકરણશીલ છે. દુષ્ટ માણસોના સંગથી આપણે અનીતિ, વ્યભિચાર, પતન નોતરનારી ટેવો, લોભ, વિષયલોલુપતા, દંભ, ઉદ્ધતાઈ અને છેતરપિંડી અપનાવીશું. કુસંગ સર્વ સદ્‌ગુણો જેવા કે પવિત્રતા, સત્યપ્રિયતા અને કરુણાનો નાશ કરે છે.

જૂઠા, ચોર, અવિશ્વાસપાત્ર, નિરર્થક વાતો કરનારા, નિંદા કરનારા, કૂથલીખોર અને નાસ્તિક લોકોની સોબત તદ્દન છોડી દેવી જોઈએ. કામોપભોગને લગતી ગાળો બોલીને વાતો કરનારા માણસોની સોબત ભયંકર છે. તેને નિષ્ઠુરતાથી ત્યજી દો. દારૂડિયા અને

ડ્રગ્સ લેનારાની સોબત ઘણી નુકસાનકારક છે.

અહીં ખરાબ સોબતનાં થોડાં વધારે ઉદાહરણો આપ્યાં છે. અશ્લીલ ગીતો અને સંગીત સાંભળવાં, ખરાબ વિસ્તારો કે જ્યાં જુગાર રમાતો હોય, દારૂની દુકાનો હોય ત્યાં જવું; સિનેમા જોવો, તામસિક ખોરાક ખાવો, પ્રાણીઓની કામક્રીડા જોવી; ગુનેગારોની, કામવાસના અને શારીરિક પ્રેમ વગેરેની કથાવાળી નવલકથાઓ વાંચવી, નગ્ન ચિત્રો જોવાં, કામવાસના અને દુષ્ટ વિચારોને ઉત્તેજે તેવાં ટેલિવિઝનનાં દશ્યો જોવાં, સંતોની નિંદા કરનારા લોકોની સોબત, નાસ્તિકનો સંગ, શાસ્ત્રનિંદકનો સંપર્ક, દારૂડિયા અને ડ્રગ્સ લેનારાની સોબત-આ બધાં કુસંગનાં ઉદાહરણો છે. ટૂંકમાં જે કંઈ મનમાં બૂરા વિચારો પેદા કરે તે સર્વ કુસંગ જ છે.

ઘણીવાર મુમુક્ષુઓ ફરિયાદ કરે છે કે લાંબા સમયથી સાધના કરવા છતાં તેઓ કોઈ પ્રગતિ કરી શકતા નથી. તેનું કારણ એ છે કે તેમણે કુસંગનો સંપૂર્ણ ત્યાગ કર્યો નથી. ખરાબ સોબતથી આધ્યાત્મિક સાધનાનો છેદ ઊડી જાય છે અથવા નિષ્ફળ જાય છે તેથી કુસંગ કડક રીતે તજી દેવો જોઈએ.

સત્સંગની જરૂરિયાત

આ જગતમાં પોતાની બુદ્ધિથી આધ્યાત્મિક સત્યો સમજવાની શક્તિ ધરાવતા લોકોની સંખ્યા બહુ થોડી છે. પરંતુ જે લોકો સાચી રીતે વિચારી શકતા ન હોય અને પોતાના વિચારો, લાગણીઓ અને આવેગો ઉપર ભરોસો ન રાખી શકતા હોય તેમની સંખ્યા ઘણી છે. આવા લોકોને તેમને જીવન જીવવાની યોગ્ય દિશા દર્શાવવામાં મદદરૂપ થઈ શકે તેવા જ્ઞાની ગુરુની જરૂર છે. આવા લોકો માટે કૃતકૃત્ય જીવન જીવવાના માર્ગો છે - સત્સંગ, સંતોની સેવા અને આધ્યાત્મિક નિયમો.

એક પાપી માટે પણ સત્સંગ દ્વારા પવિત્ર બનવાની અને સચ્ચારિત્રનિષ્ઠ સંત બનવાની આશા છે. સત્સંગમાં દુષ્ટતાને ભલાઈમાં પરિવર્તિત કરવાની શક્તિ રહેલી છે. ભક્તમાં શ્રદ્ધા ઠસાવવાની શક્તિ સત્સંગમાં છે. સત્સંગ પાવનકારી વસ્તુઓમાં સર્વશ્રેષ્ઠ પાવનકર્તા છે. સત્સંગ જેવું ઉત્ક્રાંતિ કરનાર, પ્રેરણા આપનાર અને સાંત્વન આપનાર બીજું કંઈ નથી.

સત્સંગ જીવનનો રસ છે, વિચારોનું અમૃત છે અને આત્માનો આનંદ છે. પરમ શાંતિ અને સુખ પ્રાપ્ત કરવાનો સત્સંગ સિવાય બીજો કોઈ ઉપાય નથી. સત્સંગ જેવું કંઈ મહાન નથી, મહત્ત્વનું નથી, અનિવાર્ય નથી, આનંદદાયક નથી.

સંત કોને કહેવાય ?

આપણે મહાત્મા કે સંતને કેવી રીતે ઓળખી શકીએ ? આ ઘણું અઘરું છે. તે સમુદ્રને ફૂટપટ્ટીથી માપવા બરાબર છે. માત્ર શેક્સપિયર જ શેક્સપિયરને સમજી શકે. માત્ર બુદ્ધ જ બુદ્ધને સમજી શકે. જે માણસ થોડો સમય સાધુના સમાગમમાં રહ્યો હોય તે થોડો ઘણો નિર્ણય કરી શકે, પણ તે સાચો હોઈ ન પણ શકે. માત્ર આત્મસાક્ષાત્કારી મહાત્મા જ બીજા આત્મસાક્ષાત્કારી મહાત્માને સીધેસીધા સમજી શકે.

સંતો ભગવાનનાં જીવંત વ્યક્ત સ્વરૂપો છે. સંતને જોઈને, તેની ઉપર ધ્યાન કરીને, તેનું સ્મરણ કરીને, તેના ચરણનો સ્પર્શ કરીને, તેની સાથે વાતચીત કરીને વગેરે રીતે ભગવત્કૃપાનો અંતઃપ્રવાહ આપણામાં વહી શકે.

સંતો તે છે કે જેમણે સત્યનું દર્શન કર્યું છે. જેમણે તેમના અહંકારનો, લોભનો અને અન્ય દુશ્ચરિતોનો ત્યાગ કર્યો છે તેમને સંતો કહેવામાં આવે છે. જેમનામાં સમાન દૃષ્ટિ, દરેક સંજોગોમાં મનની સમતુલા અને ભગવાન પ્રત્યે અનન્ય ભક્તિ હોય તેઓ સંતો છે. સંતોમાં ઉમદા ગુણો જેવા કે શાંતિ, આનંદ, સંતોષ, સાદાઈ, નિર્ભયતા, વિનમ્રતા, મધુર કંઠ, સંતત્વના પ્રકાશથી ઝળહળતું મુખ અને વિશાળ અને પ્રેમાળ હૃદય હોય છે.

સામાન્ય સંસારી વ્યક્તિની તુલનામાં સંત, ભગવાનના મહિમાને વધુ પ્રદર્શિત કરે છે. સૂર્યનાં કિરણો બધા જ પથ્થરો ઉપર સમાન રીતે પડે છે છતાં હીરો બીજા બધા કરતાં વધુ ઝળહળે છે. માણસના ઘરમાં ઘણા ઓરડા હોય છે પણ સારી રીતે સમજાવેલું તેનું દીવાનખાનું વધુ શોભે છે. તે રીતે ભગવાન સર્વને માટે એક છે પરંતુ તે સંતના હૃદયમાં આબેહૂબ વ્યક્ત થાય છે કારણ કે તેનું હૃદય પવિત્રતાથી પારદર્શક બનેલું હોય છે તથા શાંતિ, આનંદ, પ્રેમ, કરુણા, આત્મસંયમ, સમાન દૃષ્ટિ અને જ્ઞાનરૂપી

દુર્લભ મોતીથી અલંકૃત હોય છે.

સત્સંગથી થતી સહાય

સત્સંગ પવિત્ર કરનારાઓમાં સૌથી વધુ પવિત્ર કરનાર છે. તેની અસર કોઈ પણ પ્રકારની ક્ષતિથી રહિત હોય છે. હવે આપણે જોઈશું કે સત્સંગ ક્રમશઃ આપણા જીવનનું પૂર્ણ રૂપાંતર કઈ રીતે કરે છે.

સૌથી પહેલાં આવે છે ધાર્મિક અને ભલા માણસોનો સંગ. ક્રમશઃ તેમની સેવા કરવાની ભાવનાનો અંતઃકરણમાં ઉદય થાય છે. જ્યાં પ્રેમ હોય છે ત્યાં સેવા ચોક્કસ આવે છે. આપણે એમ ન કહી શકીએ કે આપણે સંતને ચાહીએ છીએ અને તે જ સમયે તેની કોઈ સેવા ન કરીએ. સેવા વગરનો પ્રેમ છીછરો છે.

સત્સંગ અને સેવા કરવાના અમુક સમય બાદ આપણા હૃદયમાંથી દુર્ગુણો દૂર થઈ હૃદય પવિત્ર બને છે. ત્યાર પછી આપણામાં એવા જ્ઞાનનો ઉદય થાય છે કે આપણે દિવ્ય અસ્તિત્વ છીએ. આપણે એવું સમજવા લાગીએ છીએ કે આપણો અનિવાર્ય સ્વભાવ દિવ્ય છે.

જ્યારે આ જ્ઞાન પ્રગટે છે ત્યારે આપણને સંસારની દરેક વસ્તુ પ્રત્યે કંટાળો આવે છે. આપણા હૃદયમાં વૈરાગ્ય પેદા થાય છે. તેનાથી ભગવાનને પ્રાપ્ત કરવાની ઊંડી ઝંખના થાય છે. તેને ભક્તિ કહેવામાં આવે છે.

જ્યારે આ ભક્તિ ઘણી પાકી થાય છે ત્યારે આપણે ભગવાનને પ્રિય બનીએ છીએ. આવી પ્રિયતાને લીધે તેમની કૃપા દ્વારા આપણે પસંદ કરાઈએ છીએ. ત્યાર પછી તે તેમનું આપણને પ્રત્યક્ષ દર્શન આપે છે.

આ રીતે સત્સંગ આપણને મદદરૂપ થાય છે. સંતોના જીવનદાયક શબ્દો સાંભળીને આપણે આધ્યાત્મિક આનંદ અને શાશ્વત સુખની ઊંચાઈ પ્રાપ્ત કરીએ છીએ. રત્નાકર જેવા લૂટારાને સંતના સમાગમે દિવ્ય બનાવ્યો હતો. લૂટારો અને હત્યારો રત્નાકર ઋષિ વાલ્મીકિ બન્યો જેણે રામાયણની રચના કરી. તેનું પરિવર્તન નારદ મુનિએ કર્યું હતું.

સત્સંગની પ્રાપ્યતા

ઘણા માણસોની માફક ફરિયાદ ન કરશો કે આ જગતમાં કોઈ સારા સંતો નથી. આ એક પાંગળું બહાનું છે. સંતનો સહવાસ માંગ અને પુરવઠાનો પ્રશ્ન છે. જો માંગ સાચી હશે તો પુરવઠો તરત જ આવી મળશે. આ કુદરતનો અફર નિયમ છે.

જો તમને સંતસમાગમની તીવ્ર તૃષા હશે તો સંત તમારા બારણે ચોક્કસ આવશે. ભગવાન રહસ્યમય રીતે તમને સંત મળે તે માટે યોગ્ય પરિસ્થિતિ ઊભી કરશે.

જો સંતનો સંગ આટલો બધો મૂલ્યવાન હોય તો શા માટે તેમના સંગનો આનંદ માણવા માટે આપણે શોધ કરતા નથી ? કારણ એ છે કે આપણે હજુ પણ નફકરું જીવન ગુજારવા ઇચ્છીએ છીએ. આપણી સંતો માટેની શોધ પૂરા અંતઃકરણની નથી. આપણે આપણી સ્વાર્થી અને દુષ્ટ કામનાઓને છોડવા તૈયાર નથી. આપણે ઉચ્ચ દિવ્ય જીવન માટે દરકાર કરતા નથી. આપણે આપણો સમય નકામી સાંસારિક વાતોમાં અને ગપ્પાં મારવામાં બગાડી નાખીએ છીએ. આપણે કામનાઓના, લોભના, નામ અને કીર્તિના નકામા ગુલામ બની ગયા છીએ. છતાંયે આપણે ફરિયાદ કરીએ છીએ કે આપણને સંતોના સત્સંગની તક મળતી નથી.

આપણો જ દોષ છે. આપણે આપણી ભૂલો સ્વીકારી લઈએ. આપણા વાંક માટે પસ્તાવો કરીએ. આપણે ઉપવાસ અને પ્રાર્થના કરવાં જોઈએ. આપણે તેની કૃપા માટે સાચા દિલથી રડવું જોઈએ. સૌથી પહેલાં આપણે લાયક મુમુક્ષુ બનવું જોઈએ. ઉચ્ચ આત્માઓ મુમુક્ષુઓને સહાય કરવા માટે રાહ જુએ છે પણ મુમુક્ષુઓ હજુ પાકટ બન્યા નથી. મહાત્માઓ ઘણા છે પણ સાચા જિજ્ઞાસુ ખૂબ થોડા છે.

આપણે મહાત્માઓના સંપર્કમાં આવીએ તોપણ આપણે તેમની આધ્યાત્મિક લાયકાતને ઓળખી ન પણ શકીએ. તેનું કારણ એ છે કે સંતો સામાન્ય રીતે તેમનું સ્વરૂપ છુપાવતા હોય છે. જે જિજ્ઞાસુએ તેના પ્રબળ પુરુષાર્થથી મહાન લાયકાત પ્રાપ્ત કરી છે તે જ સંતની મહાનતાને ઓળખવા અને તેમની કૃપા પ્રાપ્ત કરવા શક્તિમાન બનશે. આળસુ અને એશઆરામી માણસ આખો દિવસ સંતોની વચ્ચે જ રહે તોપણ તેને તેમની કૃપા મેળવવાની તક મળતી નથી.

☐ 'યોગના પાઠ'માંથી સાભાર

જાગૃતિ આવી કે હેતુપૂર્ણ કાર્ય શરૂ

શ્રી સ્વામી ચિદાનંદજી

વિશ્વવ્યાપી આત્મા, શાશ્વત સત્તા, વિશ્વાત્મા, સર્વવ્યાપી વૈશ્વિક આત્માને શ્રદ્ધાંજલિ ! તે જ વૈશ્વિક પ્રકટ આત્મા છે જે જગદ્‌ગુરુ તરીકે, દુનિયાને જાગ્રત કરનાર અને રાહદર્શક છે તે ગુરુદેવને ભક્તિભાવભર્યો આદર !

ગુરુ એ ગુરુ છે કારણ કે તે આપણા જીવનમાં જ્ઞાનનો પ્રકાશ, જાગૃતિનો આવેગ લાવે છે. ગુરુ જીવનની પરિપૂર્ણતા અને જીવાત્માનું પરમાત્મા સાથેનું મિલન કરવાનો પથ દર્શાવે છે. ગુરુ સાધનો, રીતો, દિશા અને પથ બતાવે છે, આત્મવિસ્મૃતિની સુષુપ્તિમાંથી જીવાત્માને તે જગાડે છે, અજ્ઞાનની ઊંઘ, અવિદ્યા-દેહાધ્યાસની ઊંઘમાંથી તે ઉઠાડે છે.

ગુરુ જાગ્રત કરનાર જ ફક્ત નથી, આપણી જાગૃતિને અર્થપૂર્ણ કાર્યમાં ઉપયોગ કરવાની તે પ્રેરણા પૂરી પાડે છે. જો વ્યક્તિને આત્મ-વિસ્મૃતિમાંથી જગાડીએ, તેની નિયતિના અજ્ઞાનનું જ્ઞાન કરાવીએ અને પછી પણ જો તે ઈરાદાપૂર્વકના યોગ્ય કાર્યમાં ન લાગી જાય, તેની જાગૃતિને પરમોચ્ચ ઉપયોગમાં ન લે તો જાગૃતિ સુષુપ્તિથી બહેતર ભલે ગણાય, પણ વાંઝણી, ફળહીન નીવડે છે. તેથી અર્જુનનો અતિ મહત્ત્વનો શબ્દ ભગવદ્‌ગીતાના અંતિમ અવાજ તરીકેનો શબ્દ : 'કરિષ્યે - હું કાર્ય કરીશ, હું વર્તીશ'-છે. શરૂઆતમાં એ જ અર્જુને 'ના, હું નહિ કરું, નહિ લડું' એમ જે કહેલું તે જ અર્જુન અંતમાં કહે છે, 'હું તમારી આજ્ઞા માનીશ.' ઉપનિષદનો અવાજ છે : 'ઉત્તિષ્ઠત, જાગ્રત, પ્રાપ્ય વરાન્ નિબોધત - ઊભો થા, જાગ, જ્ઞાની પાસે પહોંચી જ્ઞાન મેળવ' તેનો જાણે કે અર્જુન જવાબ આપી રહ્યો છે. હતપ્રભ અર્જુન હવે જાગ્રત થયો છે, અજ્ઞાન તજ્યું છે, એટલું જ નહીં પણ હવે લડવા તત્પર થઈ ઊભો છે.

કાર્યશીલ જાગૃતિને સાધના કહે છે. તેને અભ્યાસ પણ કહે છે. સાધના આત્મનિશ્ચયપૂર્વક અને આત્મપ્રેરિત ક્રિયાયોગ છે. તે જીવને વધુ ને વધુ ઉપર, ઊંચે પ્રભુ ભણી આગળ ચલાવે છે, ઈશ્વર-સાક્ષાત્કાર પ્રતિ મોકલે છે - એટલે યોગાભ્યાસ શબ્દનું મહત્ત્વ છે.

આમ, ગુરુ જાગ્રત કરનાર અને પ્રોત્સાહક છે. તે પથ-પ્રદર્શક છે. તે પથ પર પ્રકાશ નાખી, રાહદર્શન કરે છે. પરંતુ પથ પર દઢતાપૂર્વક પગલાં ભરી તેમાં સતત લાગ્યા રહેવાનું કામ ખુશનસીબ શિષ્યે કરવાનું છે. શિષ્યત્વ આજ્ઞાંકિત અને કાર્યશીલ થવામાં અને ગુરુ કહે તે મુજબ કરવામાં સમાયેલું છે. ગુરુ કહે છે : 'હું ઇચ્છું તેવો તું બન. હું કહું તેમ કર.'

જે પ્રમાણે 'કરિષ્યે - હું કરીશ' એમ કહી ઊભા થઈ, ફરીથી અર્જુને હાથમાં ધનુષબાણ ધર્યું તે સમયે જે જરૂરી હતું તે કાર્યમાં તે લાગી ગયો અને યુદ્ધમાં ફત્તેહ મેળવી. અઢાર દિવસની સતત લડાઈએ વિજય અપાવ્યો, તેવી જ રીતે જિજ્ઞાસુએ અને સાધકે ગુરુના આહ્‌વાનને પ્રતિસાદ આપવાનો છે. આ યોગ છે.

ઈશ્વર પોતે બધી શક્તિ અને ઊર્જાનો સ્રોત છે તે જાણી લઈને જિજ્ઞાસુએ પ્રામાણિક આધ્યાત્મિક સાધનામાં ઉદ્યમપૂર્વક લાગી જવું જોઈએ. 'તારી મરજી પ્રમાણે જ થશે માટે તારી ઇચ્છાની યોગ્ય સાર્થકતા માટે મને આંતરદષ્ટિ અને કર્મમાં લાગી રહેવાની શક્તિ આપ.' તે મુજબ જ શિષ્યે આધ્યાત્મિક સાધનામાં જોડાઈ જવું જોઈએ પરંતુ અભિમાનનો ભાવ રહેવો ન જોઈએ. 'હે પ્રભુ, તારી પરમ દયા અને કૃપાને લીધે જ આટલું પણ કરવા જેટલો હું શક્તિમાન થયો છું. 'નાહં કર્તા હરિઃ કર્તા ત્વત્પૂજા કર્મ ચાખિલમ્ - હું કર્તા નથી, ભગવાન હરિ કર્તા છે. બધું કર્મ તારી પૂજા છે.'

ખૂબ પ્રેમથી એક મા ઊંઘી ગયેલ બાળક માટે ખાવાનું બનાવે છે. મા બાળકને ઊઠાડે છે, જમવાનું તેની સમક્ષ મૂકે છે અને ખાવા કહે છે; પરંતુ ખાવું તો બાળકે જ પડે. એક જૂની કહેવત છે 'બે માણસો ઘોડાને નદી સુધી દોરી જઈ શકે પણ ગમે તેટલા માણસો આવે તો પણ ઘોડાને પાણી પીવડાવી ન શકે' પીવાનું તો ઘોડાએ જ કરવું પડે.

આ રીતે સાધના સાધકનું ચિહ્‌ન છે. યોગીની

ઓળખાણ યોગાભ્યાસ છે, ભક્તની ભક્તિનું ચિહ્ન પ્રાર્થના તથા પૂજા છે. ધ્યાની યોગીના પ્રમાણ ચિહ્નો અનુશાસન આત્મ-નિયંત્રણ, મનને કેન્દ્રિત કરવાની સતત મહેનત, મનના ભ્રમણને રોકવાનો ચાલુ યત્ન, મનને કેન્દ્રસ્થ કરવું, તેને મહાન આદર્શ પર એકાગ્ર કરવું વગેરે છે. ખરાં કર્મયોગીને જાણવો હોય તો જોઈ જુઓ કે તે પોતાની ફરજો તેમ જ કાર્યોમાં પૂજાભાવથી લાગેલ રહે છે ? કાર્ય ચાલુ હોય તે સમયગાળા દરમિયાન આખો સમય દિવ્ય પુરુષને યાદ કરે છે ? કાર્ય ચાલતું હોય ત્યારે પણ વચલા સમયમાં યાદ તાજી કરે છે ? સદા વર્તમાનમાં પરમસત્તાના ચરણોમાં કાર્યની પૂર્ણાહુતિ સમયે તે કાર્યને સમર્પિત કરે છે ?

આમ, અંતિમ સંદર્ભમાં બધી આધ્યાત્મિક જિંદગી, બધો યોગ, બધી સાધનામાં જિજ્ઞાસુ, સાધક, યોગી કે ભક્ત સાચી અને સુયોગ્ય જાતની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં શ્રદ્ધાપૂર્ણ થઈ લાગી જાય છે. તેથી આ કર્મ અને પ્રતિકર્મના ફલક પર, કર્મ અને કર્મફળના પ્રદેશમાં તથા આ બાહ્ય પ્રદેશમાં કર્મના નિયમની પૂર્તિ થાય છે. મહત્ત્વ એ વાતનું છે કે ગીતામાં ભગવાન કહે છે કે તમે ઇચ્છો કે ના ઇચ્છો, બ્રહ્માંડ વ્યાપ્ત સ્વભાવ તમારો પોતાનો માનવીય સ્વભાવ બનીને તમારા મનની બહાર પ્રસરતી વૃત્તિઓ સાથે તમારી અંદર હોય છે તે તમને અનેક વિવિધ કાર્યો કરવા માટે પ્રેરશે, તમને ફરજ પાડશે, વિવશ કરશે. જ્યારે આવું બનવું અનિવાર્ય હોય તો પછી ડાહ્યા થઈને તમારા દિવ્ય ભાગ્ય પ્રતિ જ સ્વભાવને કેમ ન વાળવો ? સમજી જઈને, તેને આધ્યાત્મિક રંગે કાં ન રંગવો ? તમારા સ્વભાવને દિવ્ય સાથે જોડવાનું સાધન કેમ ન બનાવવું ? તમારી જાતના વૈશ્વિક સ્રોત સાથે તેનું જોડાણ કેમ ન કરવું ? આમ, કરવાનું ડહાપણ શા માટે ન દાખવવું ?

કર્મ કરવામાં આવી કુશળતાને યોગ કહેવામાં આવે છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્.' જો મારે કર્મ કરવાં જ પડવાનાં હોય, તો તેને સમસ્યા બનાવવાનું ગાંડપણ તો ન જ કરું. તે કર્મ મને વધુ બંધનમાં તો ન જ પાડે તથા વધુ મોટી આત્મવિસ્મૃતિ તો ન જ થવા દે તેની ખાતરી કરું ! કર્મ કરવાથી દિવ્યતા સાથેનો મારો સંબંધ તૂટે તેવું તો હું ન થવા દઉં. તેને બદલે હું ડાહ્યો થઈ, જાગ્રત રહી, અંતર સભાનતા રાખી કાર્ય કરું જેથી તે કાર્ય ઈશ્વર તરફ આગળ વધવાનું સાધન, વૃત્તિ અને અભિગમ બની રહે.'

આ રીતે કર્મ કરવાથી સાચો યોગી કર્મયોગી જ નહીં, જ્ઞાનયોગી પણ બની રહે છે. કર્મ જ્ઞાનાધારિત, જ્ઞાનથી ભર્યું બની રહે છે. ઈશ્વર પ્રાપ્ત કરવાનો પ્રેમ વ્યક્તિની મહેચ્છાને લીધે તેનાં કર્મને તે આવી ઉત્કૃષ્ટ ઊંચાઈએ લઈ જવા ચાહે છે. તેમાં પરમને - ઈશ્વરને- પામવાની તીવ્ર આકાંક્ષા હોય છે. આ ભક્તિ છે. સ્વતઃ ભક્તિ બધી પ્રવૃત્તિઓને જ્ઞાનસભર, ગતિકારક પરિબળો બનાવી દે છે.

આમ, કર્મમાં રચ્યાપચ્યા રહેવા છતાં પણ ખરો યોગી એક જ્ઞાની અને ભક્ત બન્યા સિવાય રહેતો નથી. માટે જે લોકો આધ્યાત્મિક જીવન અપનાવે, જે યોગપથ પર ચાલે તથા જેઓ સાધનામાં લાગેલા હોય તેમની પ્રવૃત્તિ દુન્યવી માણસની પ્રવૃત્તિ જેવી રહેતી નથી, જગત અને તેમાંની ચીજ-વસ્તુઓ સાથે જેને લગાવ હોય અને બંધનમાં પડેલો જીવ હોય-સંસારી હોય, જેને ઇચ્છા, આસક્તિ, લાલસા તથા વિશ્વના ક્ષુદ્ર વિષયોના વિનાશશીલ આનંદો માણવાની પ્રેરણા થતી હોય તેવી પ્રવૃત્તિઓ યોગીની હોતી નથી. આવાં કર્મ વધુ અંધકાર અને બંધનમાં લઈ જાય છે. જે વ્યક્તિ જાગ્રત તથા જ્ઞાની હોય તેનાં કર્મો સમગ્ર રીતે આધ્યાત્મિક હોય તથા તેની પ્રવૃત્તિમાં જ્ઞાન, ભક્તિ અને યોગનાં દર્શન થતાં હોય અને સાથે સાથે તે વૈરાગ્યપૂર્ણ હોય છે.

આ પ્રવૃત્તિ તદ્દન અલગ પ્રકારની હોઈ શકે. તે મુક્તિ માટેની, આધ્યાત્મિક, ઈશ્વર-પરસ્ત તથા જ્ઞાન આધારિત તેમ જ જે પ્રવૃત્તિના કેન્દ્રમાં જાગૃતિ, સભાનતા તેમ જ ઉચ્ચ, ઉત્કૃષ્ટ ધ્યેય હોય તેવી હોય. આમ, આ પ્રવૃત્તિનું આંતરિક સ્વરૂપ તદ્દન આધ્યાત્મિક અને યોગને લગતું હોય. જેઓએ આધ્યાત્મિક જીવન અપનાવ્યું હોય, જેઓ યોગપથ પર ચાલતા હોય તથા જેઓ આધ્યાત્મિક સાધનામાં મંડી પડ્યા હોય તેઓનું આવું આંતરિક સ્વરૂપ હોય છે.

માટે તમારું જીવન ભક્તિ, જ્ઞાન અને યોગની ત્રિવેણી જેવું બનાવો. તમારી બધી કૃતિઓ ઈશ્વર-

(અનુસંધાન પાના નં.૧૬ ઉપર)

॥ श्री संतराम महाराज सत्य छे ॥

ॐ हरे राम हरे राम राम राम हरे हरे । हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ॥

श्री संतराम समाधिस्थान

नडीआद - 387 001. (गुजरात)

(Trust Reg. No. A-142-Kheda)
✆ : (91) 268-255 0005, 268-255 0006

प्रवृत्ति

* मानवसेवा
  - जरुरतमंद विद्यार्थी, दर्दी एवम् यात्रीओको बिना-मूल्य निवास एवम् भोजन की व्यवस्था
* विविध निःशुल्क मेडीकल केम्प
  - नेत्र, दंत-यज्ञ, त्वचाका रोग, कंठ रोग, बाल रोग, अस्थियोंकी सारवार, मधुमेह चेक-अप एवम् अधरंग (पोलीयो)का ऑपरेशन
* निष्णात दाक्तरी राहत सेवा
  - हृदय, बाल-रोग, अस्थियोंके, आँख-कान-गले के रोग, स्त्रीरोग, त्वचाके रोग, मानसीक रोगयुक्त, आयुर्वेदीक एवम् होमीयोपेथीक दवाये
* निःशुल्क सेवा
  - औषधी,
  - ओक्सीजन,
  - एम्बुलन्स
* राहत दर से सेवा
  - पेथोलोजी लेबोरेटरी,
  - फिजियोथेरापी सेन्टर,
  - एक्स-रे एवम् सोनोग्राफी,
  - ई.सी.जी., इको कार्डिओग्राफी,
  - सी.टी. स्केन सेन्टर,
  - औषधालय
* अन्य सेवा
  - बाढग्रस्त, दुष्कालग्रस्त एवम् आपतकाल स्थिति में दर्दीओ, रेल्वे और बस मुसाफिर को निःशुल्क अन्न, ओषधी और वस्त्रो का वितरण
* जरुरतमंद की अंतिम संस्कार सेवा

યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતિના શુભાશીર્વાદ

પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ, દિવ્ય જીવન સંઘ, અમદાવાદ એમનો અમૃત મહોત્સવ ઉજવાય છે, આથી આનંદ થયો. પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજનું વ્યક્તિત્વ તેજસ્વી, યશસ્વી, ગૌરવવંતુ સદા રહ્યું છે. ગુજરાતમાં યોગી સ્વામી મનુવર્ય પછી, યોગાસન, ધ્યાન, સાધનાપરક ગુજરાતને બનાવવામાં આપનો પ્રશંસનીય ફાળો રહ્યો છે. ઉત્તમ વક્તા, શાસ્ત્રના અભ્યાસી, ગુરુપરંપરાના ઉપાસક એવા આપે સત્સંગ-પ્રવચન દ્વારા ભાવિકશ્રોતાઓને સતત શાસ્ત્રદર્શન કરાવ્યું છે.

શ્રી સંતરામ મંદિરના બ્રહ્મલીન મહંતશ્રી નારાયણદાસજી મહારાજના સમયમાં ભારતની સંતવિભૂતિ શ્રી શ્રી મા આનંદમયી મા એ સંયમ સપ્તાહશિબિર યોજી હતી. ગુજરાતના આ તીર્થના, સંતપ્રેમના કારણે ભારતના વીતરાગ તપસ્વી સંતો પધાર્યા હતા. આ સંતોમાં દિવ્ય જીવન સંઘ, ઋષિકેશના અધ્યક્ષ પ.પૂ. સ્વામી ચિદાનંદજી મહારાજ પધાર્યા હતા. તેમની સાથે તેમના શિષ્ય સ્વામી અધ્યાત્માનંદજી સંતવૃંદ સાથે હતા, ત્યારથી આજપર્યંત તેમની શ્રી સંતરામ મંદિર, મહંતશ્રી, સંતવૃંદ સાથે આત્મીયતા રહી છે.

બે વર્ષ પહેલાં શ્રી સંતરામ મહારાજના ૧૮૧મા સમાધિ મહોત્સવ પર્વે પ.પૂ.શ્રી મોરારીબાપુના શ્રીમુખે રામકથા યોજાઈ હતી. આ પ્રસંગે પ.પૂ. મહંત શ્રી રામદાસ મહારાજના પ્રેમભર્યા નિમંત્રણે આપ પધાર્યા હતા. શ્રી સંતરામ મંદિરનું સંતત્વ, પરંપરા, સાદગી, સદાચાર, સેવામય જીવન આપના અંતરમાં વસી ગયું છે, તેથી આપ અવારનવાર દર્શન આપવા પધારો છો.

બ્રહ્મલીન મહંત શ્રી નારાયણદાસજી મહારાજનાં માતુશ્રી વાના દર્દથી પીડાતા હતા, મંદિરમાં જ નિવાસ હતો, આ માતુશ્રીના ઈલાજ માટે આપ શ્રી શ્રી આનંદમયી માના સૂચનથી વડોદરાથી ડૉ. મર્ચન્ટ સાહેબને લઈ આવી નિદાન, ઈલાજ કરાવ્યો હતો.

સતત મુખ પરની પ્રસન્નતા, ભક્તવૃંદ સાથેનો પ્રેમ અને આકર્ષક વ્યક્તિત્વના કારણે ભક્તોને આપમાં સાત્ત્વિકતાનાં દર્શન થાય છે. ગુજરાતને પોતાની સંતવિભૂતિ માટે માન ઉપજે એવું આપનું કર્મઠ જીવન, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ધર્મ, સંસ્કાર, અધ્યાત્મનો પ્રચાર, આમ આપનું સતત સેવાનું, જાગરણનું કાર્ય રહ્યું છે.

આપનું જીવન સતત ગતિશીલ, રાષ્ટ્રની મહત્ત્વની સંસ્થાઓ, એકેડમીમાં સતત યોગાસન, પ્રાણાયામ, ધ્યાનનું પ્રશિક્ષણ આપી, તેમ જ યોગગ્રંથોના પ્રકાશન દ્વારા આપે યોગગુરુનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આપનું સન્યાસીનું કાર્યશીલ જીવન, સતત પ્રવૃત્તિમાં રુચિ, અધ્યાત્મની ઉર્ધ્વગતિ સહુ આપના વિકાસને વ્યક્ત કરે છે. યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ આપને દીર્ઘાયુ, તંદુરસ્તી, શાંતિ પ્રદાન કરે, સતત ઈશ્વરાભિમુખ રહી, ભાવિકોને ઈશ્વરમય બનાવો એવી શુભભાવના.

જય મહારાજ

રામદાસ

મહંત શ્રી રામદાસ
શ્રી સંતરામ મંદિર, નડિયાદ

યોગ એટલે શું ?

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

યોગ શબ્દનો સાધારણ અર્થ 'જોડવું' એવો થાય. આ શબ્દની ઉત્પત્તિ 'યુજ્' ધાતુમાંથી થઈ છે. કોઈ ઊંધે માથે લટકે તો આપણે કહીએ કે તે યોગી છે, પરંતુ ખરેખર તેવું નથી. ઊંધે માથે તો ચામાચીડિયું પણ આખો દિવસ આખું જીવન લટકી રહે છે; પરંતુ તેને આપણે યોગી કહેતા નથી. આગ પર ચાલે કે પાણી ઉપર ચાલે તે યોગી કહેવાય તે સમજણ પણ ખોટી છે. શ્રીરામકૃષ્ણદેવ આ સંબંધી ખરો વિનોદ કરતા. તેમની પાસે આવો એક યોગી આવેલો. તેણે કહ્યું, 'મેં બાર વર્ષ સાધના કરી છે; હું પાણી ઉપર ચાલીને આવ્યો છું.' પરંતુ આ સાંભળી શ્રીરામકૃષ્ણદેવે કપાળ ઠોકેલું : 'અરે અમે એક પૈસો આપીએ તો ગંગા પાર જઈને પાછા આવીએ છીએ; હોડીવાળાને બે પૈસા આપીએ તો ગંગામાં અડધો કલાક ફેરવી લાવે છે; જે કામ એક-બે પૈસામાં થાય તેને માટે તમે બાર વર્ષ બગાડ્યાં ?'

આમ યોગ એટલે ભૂખ્યા રહેવું કે બહુ ખાવું, ઊંઘવું જ નહીં કે બહુ ઊંઘવું, બોલવું જ નહીં કે બસ બોલ્યા જ કરવું; આવી અસંતુલિતતાને યોગ ન કહેવાય. ગીતા આને માટે 'યુક્ત' શબ્દનો પ્રયોગ કરે છે. યુક્તાહાર... વિહારશ્ચ... આહાર અને વિહારમાં સંતુલન હોવું જોઈએ. માટે જ કહેવામાં આવ્યું કે 'સમત્વં યોગ ઉચ્યતે' - જીવનવ્યવહારનું સંતુલન એટલે યોગ.

આ સિવાય શ્રીકૃષ્ણે યોગની બીજી ખૂબ જ સુંદર અને સચોટ વ્યાખ્યા કરી, 'યોગઃ કર્મસુ કૌશલમ્' કર્મકુશળતાને યોગ કહેવામાં આવ્યો. આ કર્મકૌશલ એટલે શું ? જે કંઈ પણ કાર્ય આપણે કરીએ તે ચોક્કસ હોવું જોઈએ. ઢીલુંપોચું નહીં. લબાચો ન ચાલે. જે કરો તે પાકું કરો. ખૂબ વ્યવસ્થિત. એટલે જ શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે, 'જે સ્ત્રી ખૂબ સારી રસોઈ કરી શકે; તે ખૂબ જ સારું ધ્યાન કરી શકે.' કારણ એટલું જ કે બેધ્યાનપણે કરવામાં આવેલી રસોઈમાં કંઈ ભલીવાર ન હોય. આજે મીઠું ભુલાઈ ગયું; કાલે ભૂલથી બે વાર નંખાઈ ગયું. રસોડામાં અઠવાડિયે એકબે વાર દૂધ તો ઊભરાતું જ હોય છે. કારણ શું ? ધ્યાન ન રહ્યું. આ શરીર જ્યાં હોય, મન પણ ત્યાં જ રહે, તેનું નામ યોગ. પરંતુ દુર્ભાગ્યે આપણાં શરીર શિકાગો અને મન માન્ચેસ્ટર રહેતાં હોય છે. સોયમાં દોરો પરોવવાનો હોય અને એ દોરાનું એક પાંખડું ડાબે કે જમણે હોય તો તે દોરો સોયના છિદ્રમાં પરોવી શકાય નહીં. તેને એકાગ્ર કરવો પડે. આમ યોગનો અર્થ કર્મમાં કુશળતા અર્થાત્ કર્મ વ્યક્તિગત હોય કે પારિવારિક, સામાજિક હોય કે લૌકિક, નાનામાં નાના કામમાં સંપૂર્ણ જાગૃતિ કેળવી શકાય, તો યોગ શબ્દનો અર્થ સાર્થક થાય.

આ સર્વસાધારણ સમજણ સિવાય જે ખૂબ જ મહત્ત્વનું અને યોગનું ઉચ્ચતમ પાસું છે તે છે મહર્ષિ પતંજલિ કથિત વ્યાખ્યા 'યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ'-યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો તે. ચિત્ત ચંચળ છે. 'મનવા ભટકત ચહુ દિશ રામ; કેમ કરીને ઠરે એક ઠામ' આ મન જ્યાં સુધી ચંચળ હોય, વ્યગ્ર હોય, ઉત્પાત કરે ત્યાં સુધી જીવ સ્વસ્થતાનો અનુભવ કરી શકે નહીં.

યોગનો અર્થ છે, સુખ. વિયોગ એટલે દુઃખ. યોગ એટલે શાંતિ, સમૃદ્ધિ, ઉન્નતિ, ઉત્કર્ષ, અભ્યુદય અને આત્મચેતનામાં શાશ્વત સ્થિતિ અને તેનાથી વિપરીત બધું દુઃખ, અશાંતિ, અવનતિ અને આત્મવિમુખતા.

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા કે, 'માનવનું જીવનલક્ષ્ય-ઈશ્વરપ્રાપ્તિ'... 'ઈશ્વર પહેલાં, જગત પછી અને સ્વાર્થ છેલ્લે અથવા કદીયે નહીં.' આ ઈશ્વરપ્રાપ્તિના માર્ગનું નામ જ યોગ.

કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ પ્રમુખ યોગ છે. તે સિવાય નાદયોગ, લયયોગ, કુંડલિનીયોગ, સ્વરયોગ આદિ યોગ. માનવજીવનમાં કોઈ પણ કાર્યને સાર્થક કરવું હોય તો શરીરની સ્વસ્થતા હોવી જ જોઈએ, આ સ્વસ્થતા જે આપી શકે તે હઠયોગ. અને પરમ લક્ષ્યની પરમોચ્ચ સ્થિતિમાં સ્થાપે તે રાજયોગ.

યોગ શા માટે ?

કવિ કાલિદાસે રઘુવંશમાં કહ્યું છે; 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્', એટલે ધર્મની પ્રાપ્તિ કે કર્તવ્યપરાયણતામાં સર્વપ્રથમ અને અગત્યનું સાધન શરીર છે. આ કથનની પૂર્તિ શ્રુતિમાં મળે છે; કહ્યું છે,

'ધર્મ, અર્થ, કામ, મોક્ષાણાં આરોગ્યં મૂલં ઉત્તમમ્.' માનવજીવનના અંતિમ લક્ષ્ય અથવા તો પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે પણ આરોગ્યની આવશ્યકતા છે.

આ પરમતત્ત્વની પ્રાપ્તિ એ જ માનવજીવનનું લક્ષ્ય હોય કે ન હોય પરંતુ જીવનનાં નાનાંમોટાં કોઈ પણ કામને સરળતા કે સહજતાથી પાર પાડવા માટે માત્ર શરીર જ પહેલું અને અગત્યનું સાધન છે; તેમ કહીએ તો કામ નહીં ચાલે. શરીર નીરોગી, સ્વસ્થ, મન પ્રસન્ન, બુદ્ધિ સ્થિર અને ચિત્તમાં કામ પાર પાડવાની રુચિનું હોવું ખૂબ જ જરૂરી છે.

એક સારા વિદ્યાર્થી, ગૃહસ્થી, એન્જિનિયર, ડૉક્ટર, વકીલ, કલાકાર કે સમાજસેવક, જીવનનાં વિવિધ સોપાનો અને દિશાઓની સુચારુતાપૂર્વકની ઉપલબ્ધિ, નીરોગી શરીર વડે અને સ્વસ્થ મન વડે જ સંભવી શકે. તન અને મનની દુરસ્તી માટે યોગની આવશ્યકતા છે.

માનવજીવનના સુખ અને દુઃખનું કારણ મન જ છે. બાહ્ય જગતને આંખ જોઈ શકે છે; પરંતુ મનને તો મન જ જોઈ શકે. આમ સ્થૂળ જીવનમાંથી સૂક્ષ્મ જીવનમાં પ્રવેશવા માટે યોગની આવશ્યકતા છે.

કોઈ પણ કામ કરવું હોય તો મનની શાંતિ અત્યંત આવશ્યક છે. એકાગ્રતા અને સ્વસ્થતા પણ ખરાં જ. આ બધું યોગથી સંભવી શકે. થોડાં યોગાસનો; પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ નિશ્ચિત સમયે અને નિયમિતપણે કરવામાં આવે તો યમ અને નિયમ સાથે કરવામાં આવેલી સાધના, વ્યક્તિત્વનું અનુશાસન, સામાજિક અનુશાસન, શારીરિક અનુશાસન, પ્રાણનું અનુશાસન, ઇન્દ્રિયોનું અનુશાસન અર્પે છે અને ઇન્દ્રિયો અનુશાસિત થાય એટલે મન, બુદ્ધિ અને બુદ્ધિથી પર જે અગોચર તત્ત્વ છે, તેનું અનુસંધાન પણ સાધી શકાય.

આપણે જે જીવન જીવીએ છીએ તે જીવન સુરેખ નથી. ઝંઝાવાત વગરનું જીવન વળી ક્યાંથી કલ્પી શકાય ? માટે જ લગ્નવેદીના મંત્રોમાં કહેવામાં આવ્યું છે :

'જો જો રંગભર્યાં ગુલાબ ગ્રહતાં વાગે નહીં કંટકો
પંથો છે અતિ આકરા જીવનના જ્યાં ત્યાં દીસે સંકટો;
આ સંસારરણે નથી પગથી કો ગેબી તરંગો ઊઠે
ઝંઝાવાત ફૂંકાય ત્યાં શિવ સ્વયં કુર્યાત્ સદા મંગલમ્.'

જીવનની બધી પળો એકસરખી હોતી નથી; અને બિનકેળવાયેલું શરીર કે મન ગમે ત્યારે કથળી જાય છે. સહનશક્તિ તથા સમજણશક્તિની અક્ષમતા માનવજીવનની સુગંધ ઉડાડી દે છે, જીવનરસને સૂકવી નાખે છે. 'સબ દિન હોત ન એક સમાન... કહાં રાજા હરિશ્ચંદ્ર ચઢત ફિરત વિમાન... વહી રાજા હરિશ્ચંદ્ર બીકત ગયે મસાન'... પરંતુ આવી સ્થિતિમાં જીવન સ્વસ્થતા અને સુઘડતાનું પાથેય યૌગિક જીવન આપી શકે છે.

પતિ-પત્ની, માતા-પિતા, બાળકો વચ્ચે જે એકમેકના અહં અને મમત્વની દીવાલો ઊભી થાય છે તેનું કારણ શું છે ? આપણામાં આપણાપણાની ખામી ! આજે સમગ્ર સમાજની, પૂર્વ કે પશ્ચિમની કોઈ પણ સળગતી સમસ્યા હોય તો તે છે, માનસિક તનાવ. યોગનો અભ્યાસ શારીરિક, માનસિક કે સૂક્ષ્મ શરીરની શક્તિઓનો પણ વિકાસ કરે છે. સર્વ સાધારણ દૈનિક જીવનની આવશ્યકતાઓ ભૂખ લાગવી; કબજિયાત ન હોવી, ઊંઘ સારી આવવી; ગુસ્સો ન આવવો; વધુ પડતાં લાગણીશીલ ન થવું; સંક્ષેપમાં આત્મનિયંત્રણની બધી જ પૂર્તિ આ યોગ કરી શકે છે. માણસને માણસ તરીકે જાળવવાનું પાયાનું કામ યોગ કરે છે; અને જો માનવ માનવીય સ્વભાવને છોડી પાશવી કે દાનશીલ સ્વભાવનો ભોગ બન્યો હોય તો તેનામાં રહેલી તામસિક વૃત્તિનું શમન યોગ દ્વારા થાય છે; અને રાજસિક વૃત્તિઓને યોગ સત્ત્વમાં પરિણત કરે છે.

મોટા ભાગના લોકોની સમજણ કે માન્યતા એવી હોય છે કે અમે તો ઘરકામ બધું કરીએ છીએ. અમારે વળી આ પંચાત શી ? પરંતુ ખરેખર એવું નથી. આપણે વેક્યૂમ ક્લીનર ઊભા ઊભા કરીએ; કપડાં વોશિંગ મશીનમાં ધોવાય, ડિશ વૉશરમાં ક્રોકરી ધોવાય, રસોડું ઊભું છે, શૌચાલય પણ ઊભડક છે; આમાં ગોઠણ વાળીને બેસવાનો કોઈ અવસર જ નહીં. હા ! કોઈકના બેસણામાં જઈએ ત્યાં... પરંતુ આજકાલ તેમાંયે બધે ખુરશીઓ થઈ ગઈ છે, આમ આપણા ગોઠણના સાંધાઓની કસરત ભાગ્યે જ થાય છે. વળી દરિયાપારના દેશોનું પ્રમુખ ભોજન બ્રેડ (મેંદો) અને રાઈસ-ભાત જ છે. તે સિવાયની વાનગીમાં હરીફરીને પેસ્તા,

(અનુસંધાન પાના નં.૨૩ ઉપર)

ભક્તિ : લક્ષણ અને સ્વરૂપ-૩

(ભગવદ્‌ગીતા પરનાં પ્રવચનો) **શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી**

સાંસારિક આસક્તિથી બચો

હવે આપ જોઈ શકશો કે સાંસારિક, આસક્તિ અથવા કામ અને ભગવાનની આસક્તિ પ્રેમ અથવા ભક્તિ એક જ વસ્તુનાં નામ છે. એમાં તફાવત આ છે : સંસારની આસક્તિ શોકનું નિર્માણ કરે છે, મોહનું નિર્માણ કરે છે અને ભયનું પણ નિર્માણ કરે છે. ભગવાનની આસક્તિ શોકથી નિવૃત્ત કરે છે, મોહથી નિવૃત્ત કરે છે અને ભયથી પણ નિવૃત્ત કરે છે. એટલા માટે જો તમારે તમારા જીવનમાં શોકથી, મોહથી અને ભયથી પણ સદા સર્વદા છૂટવા માગતા હો તો ભગવદ્‌ભક્તિ જ એક માત્ર ઉપાય છે. ભગવાન પતંજલિ કહે છે કે વિવેકીને માટે સમસ્ત સંસાર દુઃખમય છે અને તેનું કારણ તેમણે બતાવ્યું- 'પરિણામ-તાપ-સંસ્કાર દુઃખૈર્ગુણવૃત્તિ વિરોધાચ્ચ દુઃખમેવ સર્વં વિવેકિનઃ' ટૂંકમાં ત્રણ બાબતો સ્પષ્ટ છે. પરિણામ દુઃખ, સંસ્કાર દુઃખ અને તાપ દુઃખ. કોઈ યોગ્ય ભાવતી વસ્તુ મને મળી ગઈ. કેરીનો રસ ખૂબ સ્વાદિષ્ટ લાગ્યો, વધુ ખાવો ન જોઈએ છતાં ગમતો હોવાથી ખાઈ લીધો. જે કેરીનો રસ કાલે ખૂબ સ્વાદિષ્ટ લાગતો હતો તે આજે પેટમાં બુડ-બુડ અવાજ કરે છે. ગેસ થયો હોય તેમ લાગે છે. તે સ્વાદિષ્ટ વસ્તુમાંથી દુઃખનું કારણ બની ગઈ. કેરીનો રસ મને સરસ લાગ્યો પણ પછી કેટલાય દિવસો સુધી હું તેને લઈ શક્યો નહિ પછી તેની યાદ આવવા માંડી. ન મળતાં દુઃખ થવા માંડ્યું. સાંસારિક પદાર્થોને લીધે, તેમને કારણ ઉદ્‌ભવતા તાપ અને સંસ્કાર તેને મળે છે, પણ આ સુખ, ક્ષણિક ટૂંકા સમય માટેનું સુખ હોય છે.

'વિષયેન્દ્રિયસંયોગાત્ યત્તદગ્રેડમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥'

વિષયોનો ઈન્દ્રિયો સાથે સંબંધ થવાને કારણે તે સમયે તો સારું લાગ્યું હોય પણ 'પરિણામે વિષમિવ' થાય તે રાજસ સુખ છે અને તે ટકી રહેતું નથી. સાંસારિક ભોગોની પ્રાપ્તિથી મળતું સુખ, સાંસારિક આસક્તિથી પ્રાપ્ત થતું સુખ એવું સુખ છે જે કોઈ પ્રકારના શોક, મોહ અને ભયથી મને મુક્ત કરી શકતું નથી.

કામ અને પ્રેમનો તફાવત :

જ્યાં જ્યાં સાંસારિક ભોગ છે, ત્યાં ત્યાં સુખની કામના છે, વ્યવસ્થા છે અને આગળ જતાં-ભોગમાં આગળ વધતાં-શોક, મોહ અને ભયનું નિર્માણ પણ નક્કી જ છે. અને તેને લીધે આપણું મન નિરંતર દુઃખમાં ડૂબેલું રહે છે. તે આસક્તિ જ્યારે ભગવાન તરફ જાગી જાય છે ત્યારે તે શોક, મોહ અને ભય એ ત્રણેને સમાપ્ત કરી દે છે. તે આસક્તિ જ્યારે સંસાર તરફ હોય છે ત્યારે તેને કામ કહે છે. શાસ્ત્રકારોએ કામને કેટલેક સ્થળે પુરુષાર્થ પણ કહ્યો છે. કામમાં પણ આસક્તિ છે, ભક્તિમાં પણ આસક્તિ છે. આસક્તિનું નામ ભક્તિ છે અને આસક્તિનું નામ કામ પણ છે. જ્યારે સંસારમાં આસક્તિ થાય ત્યારે તેને કામ કહેવામાં આવે છે, જ્યારે તે ભગવાનમાં થાય ત્યારે તે પ્રેમ છે. જ્યારે સંસારમાં આસક્તિ રાખવાના કેટલાંક પરિણામ અપરિહાર્ય (ન ટાળી શકાય તેવાં) હોય છે જે પરમાત્મામાં પ્રેમ કરવાથી હોતાં નથી. તેટલા માટે આપણે કામ અને પ્રેમ વચ્ચેનો તફાવત સમજવો જોઈએ. ગોસ્વામી તુલસીદાસજી મહારાજે કહ્યું છે કે, 'હે પ્રભુ, મારા મનમાં પણ એવા પ્રકારની આસક્તિ મૂકો, જે પ્રકારની આસક્તિ કોઈ કામીના મનમાં હોય છે અથવા જે પ્રકારની આસક્તિ કોઈ લોભીના મનમાં હોય છે. 'કામિહિ નારી પિયારી જિમિ લોભિહિ પ્રિય જિમિ દામ ।' સંતોને આ વાતને સમજાવવા માટે સાંસારિક ઉદાહરણ આપવા પડે છે. ઉદાહરણ એટલે પરિચિત શબ્દોનો ઉપયોગ કરી અપરિચિત સિદ્ધાંતનો પરિચય (સમજણ) કરાવવો. લોકોને સ્ત્રીમાં આસક્તિનો પરિચય છે, ધનમાં આસક્તિનો પરિચય છે. એટલા માટે ગોસ્વામીજી મહારાજ કહે છે : 'કામિ નારી... દામ' એક કામીને સ્ત્રી અત્યંત પ્રિય છે અને એક લોભીને ધન અત્યંત પ્રિય છે. ગોસ્વામીજીએ ત્યાંથી ફક્ત પ્રેમની ભાવનાની બલવત્તાને લીધી, આસક્તિની ભાવનાની બલવત્તાને લીધી અને જેમાં બને જેમાં તેઓ આસક્ત રહ્યા છે 'તિમિ રઘુનાથ નિરન્તર પ્રિય લાગહુઁ મોહિ રામ ।' એક સામાન્ય વ્યક્તિની જે

ભાવના સ્ત્રી અને ધન માટે હોય, તેવી તીવ્ર કામના મારી શ્રીભગવાનને પ્રાપ્ત કરવા માટે થઈ જાય. વિષ્ણુ પુરાણમાં શ્રી પ્રહ્‌લાદજીએ પણ ભગવાનની પાસે એ જ માગ્યું. ભગવાન, મારે આપની પાસેથી બીજું કંઈ જ જોઈતું નથી.

'યા પ્રીતિરવિવેકાનાં વિષયેષ્વનપાયિની ।
ત્વામનુસ્મરતઃ સા મે હૃદયાન્માપસર્પતુ ॥'

અવિવેકી લોકોના અંતરંગમાં જે રીતે વિષયો તરફ એટલો બધો પ્રેમ, આસક્તિ હોય છે જે દૂર થવાનું નામ જ લેતાં નથી, બાળપણથી મૃત્યુ સુધી અને કેટલાયે જન્મો સુધી તે તેવાં ને તેવાં રહે છે. પ્રહ્‌લાદજી કહે છે કે તે મારા મનમાં પણ તે બની રહે, પણ તે પદાર્થો માટે નહિ, આપના ચરણો માટે.

પ્રેમનું યથાર્થ સ્વરૂપ : આપણે જોયું કે એક આસક્તિ કામના કહેવાય છે, એક આસક્તિ પ્રેમ કહેવાય છે. એકને કામના અને એકને ભક્તિ કહેવામાં આવે છે. બંનેમાં આસક્તિ છે. એટલા માટે ભક્તિને જ્યારે 'સા ત્વસ્મિન્ પરમપ્રેમસ્વરૂપા' કહેવામાં આવે છે ત્યારે ત્યાં પ્રેમનો શું અર્થ થાય છે. તેને પણ યોગ્ય રીતે સમજવો જરૂરી છે. આજકાલ પ્રેમ શબ્દે પોતાનો અર્થ ઠીક ઠીક બદલી નાખ્યો છે. આજકાલ અખબારોમાં આવતો પ્રેમ શબ્દ જે અર્થમાં આવે છે તે અર્થમાં ભક્તિ ગ્રંથોમાં, આધ્યાત્મિક ગ્રંથોમાં હોતો નથી. સામાન્ય રીતે આસક્તિને મનુષ્ય પ્રેમ કહે છે. સંતોએ ફક્ત આ પ્રકારની આસક્તિને પ્રેમ કહ્યો નથી. સંતો જે આસક્તિને પ્રેમ નામ આપ્યું તેની વ્યાખ્યા દેવર્ષિ નારદે આપી છે.

'ગુણરહિતં કામનારહિતં પ્રતિક્ષણવર્ધમાનં
સૂક્ષ્મતરં અનુભવરૂપં પ્રેમસ્વરૂપમ્'

નારદજી મહારાજ કહે છે કે આ જે પ્રેમ શબ્દનું ઉચ્ચારણ શ્રીમદ્ ભાગવતમાં, જ્ઞાનેશ્વરીમાં અથવા રામચરિતમાનસમાં કરવામાં આવે છે તેનો અર્થ ભક્તિ છે.

અખબારમાં વપરાતો પ્રેમ શબ્દ અને અહીં વપરાતો પ્રેમ શબ્દ બંને એક નથી. શાસ્ત્રીય દૃષ્ટિએ અખબારોમાં વપરાતા 'પ્રેમ' શબ્દને બદલે 'કામ' શબ્દ હોવો જોઈએ. છતાં તે ક્રિયા પ્રેમ છે કે કામ તે આ લક્ષણોથી આપણે જાણી શકીએ છીએ. નારદજી સૌથી પ્રથમ વાત કહે છે. ગુણરહિત કોઈ છોકરાના ધનને જોઈને કોઈ કન્યાએ તેની સાથે વિવાહ કર્યો, પરંતુ ધન ગુમાવ્યા પછી તેની પ્રત્યેનું આકર્ષણ પણ પૂરું થઈ ગયું. સુંદર છે, એટલા માટે મને આકર્ષણ થયું, કાલે મોંનો લકવો થયો. પછી શું થશે ? કોઈના ગુણો જોઈને તેના પ્રત્યે આકર્ષણ થાય તે કામ છે, પ્રેમ નહિ. જો આપણો પ્રેમ ગુણરહિત હોત તો આપણને આપમેળે તેનામાં ગુણ દેખાવા લાગત. કઈ માને પોતાનો દીકરો સુંદર નથી લાગતો. તે તેને ખૂબ સારો લાગે છે. એવી કઈ સાસુ છે જેને પોતાનો જમાઈ સારો નથી લાગતો ? પછી તેનામાં કોઈ ગુણ છે કે નહિ તે બીજી વાત છે. પરંતુ તેની અંદર જે આત્મીયતા છે, તેને લીધે તેનામાં ગુણો દેખાયા, સારાશ દેખાવા માંડી.

અહીં પ્રેમમાં આત્મીયતાનું પ્રાધાન્ય છે ગુણનું સ્થાન પછી છે. ગુણોને જોતાં આત્મીયતા ઉદ્‌ભવતી નથી. શેક્સપિયરનું એક સુંદર વાક્ય છે : 'સંસારમાં કંઈ પણ સારું નથી અને સંસારમાં કંઈ ખરાબ પણ નથી, જેનું મન જ્યાં લાગી ગયું, તે તેને સારું લાગે છે.'

દધિ મધુરં મધુ મધુરં દ્રાક્ષા મધુરા સુધાઽપિ મધુરૈવ ।
તસ્ય તદેવ હિ મધુરં યસ્ય મનો યત્ર સંલગ્નમ્ ॥

એક વ્યક્તિને જે ભોજન ખૂબ ઉત્તમ લાગે છે, તે જ ભોજન બીજાને જરાય સારું લાગતું નથી. પંદર દિવસ પહેલાંની જ વાત આપને જણાવું છું. એક સજ્જનની સાથે હું ભોજન કરવા બેઠો. કેરીનો રસ પીરસ્યો હતો. તેણે કહ્યું : 'આ શું બનાવ્યું છે ?' તેમણે કહ્યું : 'તેને જોઈને મારો જીવ ગભરાવા લાગે છે.' અરે, તમને જ કહું છું. હવે આપણા લોકોની દૃષ્ટિએ તો ખૂબ ઉત્તમ ભોજન ગણાઈ ગયું. તે ભાઈએ કહ્યું, 'મારું તો ભોજન જ નકામું ગયું.' તેને તે જરાય સારું લાગ્યું નહિ. ગુણ વસ્તુમાં નથી હોતો, ગુણ વ્યક્તિમાં પણ નથી. વસ્તુ અને વ્યક્તિઓના ગુણોને જોઈને જ્યારે આસક્તિ થાય છે, ત્યારે તે આસક્તિનો નાશ તે ગુણો સમાપ્ત થતાં-નાશ થતાં-જ થઈ જાય છે. પણ જો તે વસ્તુમાં આત્મીય ભાવ થશે, મમત્વ થશે તો જેમ બીજાને સુંદર ન લાગતું એક બાળક તેની માતાને તો સુંદર જ લાગે છે તેમ ત્યાં સદા આસક્તિનો ભાવ રહેશે. ગુણરહિત, કામનારહિત ચિત્ત કોઈ પર આસક્ત હોય, કોઈ કામનાને પૂરી કરવામાં આસક્ત હોય-મને તેના તરફથી કંઈ મળશે તે છે કામનાપૂર્તિ. (ક્રમશઃ)

એકાગ્રતા પ્રાપ્તિના ઉપાયો

(પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વિશેષ)

શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી

પવિત્રતા

એકાગ્રતાને મનની પવિત્રતા સાથે ગાઢ સંબંધ છે. એના માટેનું સૂત્ર છે, C is directly proportionate to P. P = purity C = concentration. એટલે કે જેટલું મન પવિત્ર હશે તેટલી એકાગ્રતા વધશે. પણ પ્રશ્ન એ છે કે મનની પવિત્રતા કેવી રીતે આવે ? તો એનો સીધો ઉપાય છે, અપવિત્ર વસ્તુઓથી દૂર રહેવું અને બીજો ઉપાય છે, મનને શુદ્ધ કરવા માટે ઉપાયો કરવા, ભગવાનને પ્રાર્થના કરવી વગેરે.

ગાંધીજીના ઓરડામાં ત્રણ વાંદરાઓની એક નાની શિલ્પકૃતિ રાખેલી હતી. એમાંનો એક વાંદરો બંને હાથેથી મુખ ઢાંકીને બેઠેલો હતો. બીજાએ પોતાના બંને હાથોથી બંને આંખો ઢાંકી દીધી હતી અને ત્રીજાએ બંને કાન પર હાથ રાખી દીધા હતા. એનો અર્થ એ કે મુખથી ખરાબ બોલવું નહીં, આંખથી ખરાબ જોવું નહીં અને કાનથી ખરાબ સાંભળવું નહીં. આ ત્રણેય વાંદરાઓની શિખામણ યાદ રાખવાથી મન બગડશે નહીં અને મન શુદ્ધ રહેવાથી એકાગ્રતા વધશે.

પરંતુ આથી જુદા પ્રકારની પણ વાંદરાની આવી શિલ્પકૃતિ રામકૃષ્ણ મઠ મિશનના ઉપાધ્યક્ષ સ્વામી યતીશ્વરાનંદજીએ સ્વીટ્ઝર્લેન્ડમાં જોઈ હતી. ત્યાં એક સરોવરને કિનારે તેમણે ત્રણ વાંદરાઓનું શિલ્પ જોયું. તેમણે નજીક જઈને નિહાળ્યું તો તેમાંના એકે પોતાનો એક હાથ એક આંખ ઉપર રાખ્યો હતો અને તેની બીજી આંખ ખુલ્લી રાખી હતી. બીજાએ એક હાથથી અર્ધા મોઢાને ઢાંકી દીધું હતું, જ્યારે બાકીનું અર્ધું ખુલ્લું હતું. એ જ રીતે ત્રીજાએ પોતાનો એક હાથ એક કાન પર મૂકેલો હતો, જ્યારે તેનો બીજો કાન ખુલ્લો હતો. આ તે કેવું ? તેઓ વિચારી રહ્યા. પણ ઊંડું ચિંતન કરતાં તેમને વેદનો મંત્ર યાદ આવ્યો અને સમજાયું કે એક આંખ બંધ રાખી છે અને એક ખુલ્લી રાખી છે. એનો અર્થ એ કે સારું સારું જોવું. ખરાબ ન જોવું. એ જ રીતે અર્ધું મુખ ખુલ્લું છે, એટલે સારું સારું બોલવું પણ ખરાબ બોલવું નહીં. એક કાન ખુલ્લો છે, એનો અર્થ એ કે સારું સારું સાંભળવું, ખરાબ સાંભળવું નહીં. એટલે કે જે પવિત્ર અને સુંદર છે તેને જ ગ્રહણ કરવું. અપવિત્ર વસ્તુઓ ઇન્દ્રિયો દ્વારા ચિત્તમાં પ્રવેશવા દેવી નહીં. તેથી મન શુદ્ધ થાય છે અને ઈશ્વર પ્રત્યે હંમેશાં અભિમુખ રહી શકે છે. વેદનો આ મંત્ર હતો -

ॐ भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः
भद्रंपश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुर्वां-
सस्तनुभिर्व्यशेम देवहितं यदायुः ॥
(ऋ १.८९.८)

‘અમે અમારા કર્ણો દ્વારા કલ્યાણકારી વચનો સાંભળીએ. અમારાં નેત્રોથી કલ્યાણકારી દૃષ્યો જોઈએ. સુદૃઢ શરીરથી (હે પરમાત્મા) આપની સ્તુતિ કરતાં અમે વિદ્વાનોને માટે કલ્યાણકારી જે આયુષ્ય છે, તે પ્રાપ્ત કરીએ.’ આમ, આપણા મહાન ધર્મગ્રંથોમાં પણ, મનની પવિત્રતા માટે સદાકાળ મન શુદ્ધ રહે એ માટેની પ્રાર્થનાઓ અને ઉપાયો આપેલા જ છે.

શુદ્ધ મન કોઈ પણ બાબત પર સારી રીતે એકાગ્ર થઈને તેનું હાર્દ થોડી ક્ષણોમાં જ સમજી લે છે. આવા પ્રકારના મનને સમજાવવા માટે લાંબી સમજૂતીઓ આપવી પડતી નથી. એ ઉપરાંત પણ જો મન સંપૂર્ણપણે શુદ્ધ થઈ ગયું હોય, તો તેમાં પરમાત્માનું સ્પષ્ટ પ્રતિબિંબ પણ પડે છે. એવા પ્રકાશપૂર્ણ મનને માટે કોઈ જ કાર્ય અશક્ય રહેતું નથી. આ વિશેની બે ચિત્રકારોની એક સરસ વાર્તા આ પ્રમાણે છે :

પર્શિયાના રાજાને ચિત્રોનો ખૂબ શોખ હતો. આથી દેશવિદેશના ચિત્રકારો પોતાનાં ચિત્રો લઈને તેની પાસે આવતા રહેતા. આ વખતે ચીનથી એક ચિત્રકાર આવ્યો. તેણે કહ્યું, ‘હું શ્રેષ્ઠ ચિત્રો બનાવું છું. દરેક જગ્યાએ ત્યાંના ચિત્રકાર સાથે મારાં ચિત્રની હરીફાઈ ગોઠવવામાં આવે છે. એમાં હંમેશાં મારો જ વિજય થાય છે. આ બધાં એ વિજયનાં પ્રતીકો છે. અત્યાર સુધી ચિત્ર-હરીફાઈમાં મને કોઈ હરાવી શક્યું નથી.

હું વિશ્વવિજયી ચિત્રકાર બનવા ઇચ્છું છું. એ આશયથી જ તમારે ત્યાં આવ્યો છું. તમારા દેશના શ્રેષ્ઠ ચિત્રકાર સાથે મારી હરીફાઈ યોજો. પછી અમારા બંનેનાં ચિત્રોમાંથી તમે કયું ચિત્ર શ્રેષ્ઠ છે, એ પસંદ કરી વિજયપદ્મ આપો !'

રાજાએ પોતાના ચિત્રકારને બોલાવી આ પડકાર ઝીલી લેવા કહ્યું. ચિત્રકારે રાજાને તો હા પાડી દીધી. કેમ કે ના પાડી શકાય તેમ હતું જ નહીં. પણ પછી ઘરે આવીને તેને ખૂબ ચિંતા થવા લાગી. કેમ કે તે જાણતો હતો કે પેલા શ્રેષ્ઠ ચિત્રકારની આગળ તેનું ચિત્ર સાવ ઝાંખું લાગશે. આ હરીફાઈમાં એ ક્યારેય જીતી શકશે નહીં. આથી તેને આખી રાત ઊંઘ આવી નહીં. બીજા દિવસથી તો ચિત્ર દોરવાનું શરૂ કરવાનું હતું ! કંઈક માર્ગ મળે તે હેતુથી તે પોતાના ગુરુ પાસે ગયો. તેમને સઘળી વિગત જણાવી કહ્યું : 'આપ મને કોઈ રસ્તો બતાવો. નહીંતર મારે તો મરવું પડશે !' ખૂબ વિચાર કરીને પછી ગુરુએ કહ્યું : 'તું જા, પહેલાં તો ચિત્ર બનાવવાની દીવાલને ઘસીઘસીને એકદમ સાફ અને એકદમ ચમકતી બનાવી દે. પછી હું આવીને તને કહીશ કે શું કરવું ?'

હવે હરીફાઈ શરૂ થઈ. મોટા ઓરડાની વચ્ચે એક પડદો રાખવામાં આવ્યો. સામસામી ભીંત પર બંને ચિત્રકારો પોતપોતાનું કામ કરવા લાગ્યા. ગુરુના આદેશ પ્રમાણે આ ચિત્રકાર ભીંતને ઘસીઘસીને ચમકદાર બનાવવાના કામમાં એવો લાગી ગયો કે ખાવા-પીવા કે ઊંઘવાનું પણ એને ભાન નહોતું રહ્યું. પેલી બાજુ ચીની ચિત્રકાર પોતાની બેનમૂન કલા ભીંત ઉપર ઉતારવા લાગ્યો. આમ, પાંચ દિવસ વીતી ગયા. પણ ગુરુજી કંઈ રસ્તો બતાવવા ન આવ્યા. એટલે એ મૂંઝાઈ ગયો ! પણ છતાં એને ગુરુમાં શ્રદ્ધા હતી એટલે તે દીવાલને ચકચકિત કરવાના કામમાં લાગી રહ્યો. એમ સાત દિવસ વીતી ગયા. અને હવે તો તેની પાસે ચિત્ર દોરવાનો સમય જ ન રહ્યો ! ત્યાં તેણે જોયું કે રાજાની સાથે તેના ગુરુજી પણ આવી રહ્યા છે. તેને મનમાં થયું કે છેલ્લી ઘડીએ પણ ગુરુજી કંઈ કીમિયો બતાવશે ! એટલે તે પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો. રાજા, ગુરુજી અને પ્રધાન ઓરડામાં પ્રવેશ્યા. રાજાએ પડદો ઉઠાવ્યો અને ચીની ચિત્રકારના ચિત્ર ઉપર તેની દૃષ્ટિ પડી. તેના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા ! વાહ, અદ્‌ભુત ! અને પછી પોતાના ચિત્રકારે શું દોર્યું છે, એ જોવા એ તરફ દૃષ્ટિ કરી તો તાજુબ થઈ ગયા ! ચીની ચિત્રકારે દોરેલા ચિત્ર જેવું જ આ ચિત્ર પણ હતું. પણ આમાં વિશેષ ઊંડાણ અને ચળકાટ હતાં ! રાજાએ પોતાના ચિત્રકારનો વાંસો થાબડ્યો ને કહ્યું : 'વાહ તેં તો રંગ રાખી દીધો. એના જેવું જ ચિત્ર દોર્યું અને તારું ચિત્ર એના ચિત્ર કરતાં પણ વધારે સરસ છે.

'મહારાજ, ધૃષ્ટતા માફ કરજો. મેં ચિત્ર દોર્યું જ નથી. મેં તો ગુરુ-આજ્ઞા પ્રમાણે તેની દીવાલ ઘસીઘસીને ઊજળી ને ચમકદાર બનાવી છે.' એમ કહીને તેણે ગુરુજીને અને રાજાને પ્રણામ કર્યા. ત્યારે રાજાએ કહ્યું, 'ભલે પ્રતિબિંબ પડે છે, પણ એ તો મૂળ જેવો જ ઉઠાવ આપે છે.' આમ, રાજાએ તેને વિજયપદ્મ આપ્યું !

આ વાર્તા આપણને એ શીખવે છે કે મનને ઘસીઘસીને એવું શુદ્ધ બનાવી દેવામાં આવે તો તેમાં ભગવાનનું જે પ્રતિબિંબ પડે છે, એ પ્રતિબિંબ મૂળ જેવું જ તેજોમય હોય છે. આ પવિત્ર અને શુદ્ધ મનમાં એકાગ્રતા સહજ બની જાય છે. આવું મન બહુ સહેલાઈથી ઈશ્વરમાં એકાગ્ર થઈ જતું હોય છે !

પરંતુ પ્રશ્ન એ થાય છે કે મનમાં તો અનેક પ્રકારની ગંદકીઓ અને કૂડા-કચરા ભરેલાં હોય છે ! કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા, રાગ, દ્વેષ આ બધુંય નાનકડા મનમાં ઠાંસીઠાંસીને ભરેલું હોય છે. તો આ બધાંને કેવી રીતે દૂર કરવાં ? મન કંઈ દીવાલ નથી કે તેને ઘસીઘસીને ચકચકિત બનાવી દેવાય ? મનને સતત પીડતા રહેતા આ બધા વિકારોમાંથી કેવી રીતે મુક્ત કરવું ? મનમાં રહીને અશુદ્ધિ ફેલાવતા આ બધા વિકારો સાથે ઝઘડવાથી એ દૂર થતા નથી. ઊલટાના વધારે ઝનૂની બનીને હુમલો કરે છે. આથી એને દૂર કરવાનો સરળ ઉપાય છે, એની ઉપેક્ષા કરવી. એના પ્રત્યે બિલકુલ ધ્યાન ન આપવું. પશ્ચિમને છોડવું હોય તો પૂર્વ તરફ ચાલવા માંડવાનું. પશ્ચિમ આપોઆપ દૂર થતું જશે. ચિંતા કર્યા વગર મનના વિકારો અને દુર્વૃત્તિઓની ઉપેક્ષા કરીને ધ્યેય પ્રત્યે સતત આગળ વધતા રહેવાથી મન ધીમે ધીમે સ્વચ્છ બની જાય છે. આ સ્વચ્છ મનમાં ઈશ્વરનું પ્રતિબિંબ સહેલાઈથી પડે છે.

રામકૃષ્ણ મઠના દશમા પરમાધ્યક્ષ વીરેશ્વરાનંદજી

મહારાજને એક યુવકે આવીને પૂછ્યું : 'મહારાજ, મનમાં ખરાબ વિચારો આવે છે, મન શુદ્ધ થતું નથી તો શું કરવું ?' આના જવાબમાં તેમણે કહ્યું : 'હું પુસ્તક વાંચતો હોઉં અને તમે આવો, તેમ છતાં તમારા તરફ ધ્યાન ન આપું તો શું કરશો ?'

'મહારાજ, તો હું પાછો જતો રહું.'

'બરાબર એવું જ છે. કુવિચારો મનમાં આવે, જો તમે ધ્યાન ન આપો તો તેઓ ચાલ્યા જશે.'

આશ્ચર્યની વાત એ છે કે આ બનાવના આગલા દિવસે બરાબર એમ જ થયું હતું. એ યુવક સવારે વીરેશ્વરાનંદજી મહારાજ પાસે ગયો હતો. તેઓ પુસ્તક વાંચતા હતા. તેણે ઓરડામાં પ્રવેશ કર્યો પણ પૂ. મહારાજે એના તરફ ધ્યાન આપ્યું નહોતું. થોડીવાર રાહ જોઈ એ યુવક પાછો ચાલ્યો ગયો. આમ તે યુવાનને સ્પષ્ટ ઉદાહરણ દ્વારા મનની અપવિત્રતા દૂર કરવાની સહેલી ને સરળ પદ્ધતિ મળી ગઈ.

જો મન શુદ્ધ અને પવિત્ર ન હોય, તેમાં ઇચ્છાઓ અને વાસનાઓ ભરેલાં હોય અને છતાં એવું મન જો કોઈ ધ્યેય પ્રત્યે એકાગ્ર બને તો તે ખતરનાક પરિણામો સર્જે છે. રાવણ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તપ દ્વારા તેણે મનની એકાગ્રતા સિદ્ધ કરી. પરંતુ ત્રણેય લોકને પોતાના તાબામાં રાખવાની તેની લાલસાએ રાક્ષસનું સર્જન કર્યું ! એટલે જ્યારે પૂ. યતીશ્વરાનંદજી મહારાજને એક સાધકે પૂછ્યું : 'મહારાજ, મનની એકાગ્રતા કેળવી શકતો નથી.' ત્યારે તેમણે કહ્યું : 'એ સારું છે કે તમને એકાગ્રતા મળતી નથી. જો કોઈ અશુદ્ધ મન એકાગ્ર બને તો તે બોંબની પેઠે ખતરનાક નીવડી શકે છે !' આથી જ એકાગ્રતા મેળવતા પહેલાં મનની શુદ્ધિ આવશ્યક છે.

આ મનની શુદ્ધિ માટે દુર્વૃત્તિઓની ઉપેક્ષાની સાથે સાથે સત્સંગ, સદ્‌ગ્રંથોનું વાંચન અને પ્રાર્થના પણ ખૂબ જ ઉપયોગી છે. આ બધાંથી મન ધીમે ધીમે તૈયાર થાય છે. મન તૈયાર થતાં દુર્વૃત્તિઓ અને વિકારો છૂટી જાય છે. પછી મન સહેલાઈથી એકાગ્ર બનવા લાગે છે.

□ 'એકાગ્રતા અને ધ્યાન'માંથી સાભાર

(જાગૃતિ આવી કે હેતુપૂર્ણ કાર્ય શરૂ અનુસંધાન પાના નં.૮ ઉપરથી ચાલુ)

સાક્ષાત્કાર માટેની સાધના બની રહો. તેને ઈશ્વરાભિમુખ તથા પરમ ધ્યેય પ્રતિ અભિમુખ રાખો, જેથી દરેક પગલે, દરેક ક્ષણે તમને ઈશ્વર સાથે સંલગ્ન થવા મદદ આપતી રહે. તમારા જીવનના આ અભિગમને સમજવા, તેના પર ચિંતન કરવા અને તમારી કહેવાતી સાદી દિન-પ્રતિદિનની જિંદગી એક ઊંચી, ભવ્ય સાવધાનતા, અર્થસભરતા અને ઉચ્ચ દિશા તરફ લઈ જવા તમને ઈશ્વરની કૃપા અને પવિત્ર ગુરુદેવના સર્વોત્તમ આશીર્વાદ તથા શક્તિ મળો.

આમ, તમારું સમસ્ત જીવન-જીવનનો અંશ નહિ, પણ સમગ્ર જીવન તમારી આ મુખ્ય મહેચ્છાની પરિપૂર્તિ અર્થે ગાળો. તમારું સારું યે જીવન દિવ્ય જીવન બની રહો.

છેવટે, તમારી આજુબાજુની પરિસ્થિતિને સર્જતાં બહારનાં પરિબળોની અસરને અવગણીને ખંત તથા ડહાપણથી દિવ્યતાને પામવા મચી પડો. બાહ્ય જગત તો જેમ છે તેમ ચાલતું રહેશે. પરિવર્તન તમારી ભીતર કરવાનું છે. બાહ્ય જગત તમે બદલી શકવાના નથી, પરંતુ અંદરથી તમારી જાતની કાયાપલટ કરવાની દરેક આવશ્યકતા છે. આ સફળ આધ્યાત્મિક જીવનની ગૂઢ વાત છે.

□ 'મુક્તિપથ'માંથી સાભાર

અભિનંદન

કુ. જાગૃતિ નરસિંહભાઈ દેકાવાડિયા અમદાવાદમાં અભ્યાસ કરવા આવી ત્યારથી શિવાનંદ આશ્રમ, અમદાવાદ સાથે સંકળાયેલ છે. જુલાઈ ૨૦૦૭માં નિરમા યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોની પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ બીએએલએલબીના પાંચ વર્ષના સંયુક્ત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો અને ત્યારથી અથાગ પરિશ્રમ દ્વારા કુલ ૧૦ સેમેસ્ટરમાંથી ૬ સેમેસ્ટરમાં યુનિવર્સિટી પ્રથમ આવેલ છે. દસમા સેમેસ્ટરમાં સાતમાંથી ચાર વિષયમાં A^+ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે અને ૧૦માંથી ૯.૪૩ Semester Per Index પ્રાપ્ત કરી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવેલ છે. એ જ રીતે પાંચમા વર્ષમાં પણ યુનિવર્સિટીમાં પ્રથમ છે. બિઝનેસ લોના ઑનર્સ વિષયમાં પણ સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરેલ છે. કુ. જાગૃતિએ આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદાને લગતાં નવ અધિવેશનમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી પેપર્સ રજૂ કરેલ છે અને તે ઉપરાંત રાષ્ટ્રીય સ્તરે સાતથી પણ વધુ કાયદાની કોન્ફરન્સમાં રિસર્ચ પેપર રજૂ કરેલ છે. તેણે લંડન સ્કૂલ ઈકોનોમિક્સમાં યોજાયેલ કોન્ફરન્સમાં પણ પેપર રજૂ કરેલ. આ ઉપરાંત સિંગાપોર ખાતે મેરિટાઈમ મૂટ કોર્ટ તેમજ મોરેશિયસ ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં પેપર રજૂ કરેલ. લો જર્નલમાં પણ તેના લેખો પ્રસિદ્ધ થયેલા છે અને અભ્યાસકાળ દરમ્યાન દેશની નામાંકિત લો-ફર્મમાં તેમજ ભૂતપૂર્વ સોલિસિટર જનરલ શ્રી ગોપાલ સુબ્રમનિયન તેમજ રાજ્યના એડ્વોકેટ જનરલ શ્રી કમલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તાલીમ લીધેલ. તે આગળ અનુસ્નાતક અભ્યાસ માટે તાજેતરમાં વિદેશ જનાર છે. આપણા ટ્રસ્ટી શ્રી અરુણભાઈ ઓઝા કુ. જાગૃતિને દીકરી સમાન ગણી અભ્યાસ માટે તમામ સહાય કરી રહ્યા છે. કુ. જાગૃતિની બહુમુખી પ્રતિભા અર્થે શિવાનંદ આશ્રમ ગૌરવ અનુભવે છે. અનેકશઃ અભિનંદન.

શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]

કથાનક-૧૪-૨

મનને સ્થિર કરવું

શ્રી લીલાવતી ગર્ગે ગુરુદેવને આ પ્રશ્ન પૂછ્યો : 'મન સતત ભૌતિક પદાર્થો તરફ દોડતું રહે છે. તે સ્થિર કરીને એકાગ્ર કેવી રીતે કરી શકાય ?'

ગુરુદેવનો જવાબ હતો : 'અભ્યાસ અને વૈરાગ્યથી, જપ, ધ્યાન અને કીર્તન બધાં જ મનને સ્થિર કરવામાં અને તેને એકાગ્ર કરવામાં મદદ કરે છે. ફરી ફરીને અભ્યાસ કરો. જો ગાય બીજાના ખેતરમાં ચરવા જતી રહેતી હોય તો તેનો માલિક શું કરે ? તે તેને થોડાક કપાસિયા અને બીજો ખોરાક ઘેર નીરે. જ્યારે ગાય આ વધુ સ્વાદિષ્ટ પદાર્થ ચાખશે પછી તેને સામાન્ય ઘાસ ગમશે નહિ. તે પોતાની ખેતરમાં રખડવાની ટેવ મૂકી દેશે. તે જ પ્રમાણે તમારે મનને ભગવાનના સ્વરૂપ પરના ધ્યાન અને તેના નામના રટણનો સ્વાદિષ્ટ ખોરાક આપવો જોઈએ. જો તેને ધ્યાનના પરમસુખ અને જપનો સ્વાદ પડી જશે તો પછી તેને ભૌતિક સુખો માટે વધુ આકર્ષણ રહેશે નહિ અને તેના રખડવાના સ્વભાવને તજી દેશે.'

હિંસા અને અહિંસા

સ્વામી વિષ્ણુદેવાનંદે પૂછ્યું : 'કોઈને પણ દુભવ્યા વગર જીવન જીવવું શું શક્ય છે ?'

ગુરુદેવે જવાબ આપ્યો : 'જીવનમુક્તનું જીવન આવું હોય છે. આવું જીવન જીવવું શક્ય છે. જો તમે આત્મજ્ઞાન મેળવો તો તે શક્ય છે.'

'જો આપણે કોઈ પશુને તેના પર જેણે હુમલો કર્યો છે તે પશુથી બચાવવા માગતા હોઈએ તો હુમલો કરનાર પશુને ઈજા કરવી પડે તે અહિંસાનો ભંગ ન ગણાય ?' સ્વામી વિષ્ણુદેવાનંદે પૂછ્યું.

ગુરુદેવે કહ્યું : 'તમારે હુમલો કરનાર પશુને ઈજા કરવી પડે. તે અહિંસાના સિદ્ધાંતની વિરુદ્ધ નથી. જો એક ખૂની દરરોજ પાંચ જણનું ખૂન કરતો હોય તો તમારે તે ખૂનીને મારી નાખવો જોઈએ. ખૂનીને મારી નાખવો તે અહિંસા છે.'

ઈશ્વરની દિવ્ય લીલા

સ્વામી અભેદાનંદે પૂછ્યું : 'ઈશ્વરે આ જગતને શા માટે સર્જ્યું છે ? જો કોઈ હેતુ હોય તો ઈશ્વર આ વિશ્વ સિવાય પૂર્ણ નથી એમ કહી શકાય.'

ગુરુદેવે વિનોદમાં જવાબ આપ્યો : 'ઈશ્વરને જાતે જ પૂછોને કે તેણે શા માટે આ વિશ્વનું સર્જન કર્યું ! તમે તે તમારી બુદ્ધિથી સમજી શકશો નહિ. તમે ફક્ત અંતઃસ્ફુરણા દ્વારા જ તે સમજી શકો. આ અનુભવાતીત પ્રશ્ન છે. ઈશ્વરે આ વિશ્વને દિવ્ય લીલા માટે સર્જ્યું છે. વિશ્વના સર્જન પાછળ હેતુ છે. જેવી રીતે સૂર્ય કિરણો વગર ન હોઈ શકે તેમ ઈશ્વર વિશ્વના વહેવાર વગર ન હોઈ શકે. વિશ્વ કિરણો જેવું છે. તે તેની પ્રકૃતિ છે. જેવી રીતે જાદુગર કેટલીક વસ્તુઓ બનાવે છે અને તેને અદૃશ્ય પણ કરે છે, તેવી જ રીતે ઈશ્વર વિશ્વનું સર્જન કરે છે અને તેનો લય પણ કરે છે. તે સર્વશક્તિમાન છે. ચર્ચા કરીને આપણે ફક્ત સમયનો વ્યય કરીએ છીએ. આ પ્રશ્ન પૂછ્યા પહેલાં તમારી જાત માટે પૂછો. તમે કોણ છો તે જાણો, પછી તમે દરેક વસ્તુ જાણી શકશો.'

કૃપા અને સ્વપ્રયત્ન

સ્વામી શ્યામાનંદે ગુરુદેવ સમક્ષ પ્રશ્ન મૂક્યો :

'જ્યારે ગુરુ અને પ્રભુની કૃપા હોય ત્યારે પણ મન કેમ કાબૂમાં આવતું નથી ?'

'સ્વપ્રયત્ન પણ હોવો જોઈએ. ફક્ત જ્યાં સ્વપ્રયત્ન હશે ત્યાં જ કૃપા ઊતરશે. પ્રોફેસર તમારા બદલે પ્રશ્નોના જવાબ લખીને તમને પાસ કરી દેશે નહિ. ગીતા કહે છે : 'દરેકે પોતાની જાતને ઉન્નત કરવી જોઈએ.' કૃપા મનુષ્યને પોતાની જાતને ઉન્નત કરવા માટે મદદ કરે છે. દરેકે પોતાની મુક્તિ માટે મહેનત કરવાની હોય છે. પછી તમે એમ પૂછશો કે 'પછી કૃપાનો શું અર્થ ?'

'જો જિજ્ઞાસુને તેના ગુરુ પાસેથી તેની શંકાઓનું નિવારણ કરતો પત્ર મળે તો તે કૃપા ગણાય. જો કોઈ જિજ્ઞાસુ અહીં આવે અને ગંગાસ્નાન કરે અને પ્રવચનોમાં રસ લે તો તે કૃપા કહેવાય. ઘણા લોકો, કરોડપતિઓ પણ, અહીં આવી ગંગાસ્નાન કરવા માટે તલસતા હોય છે. પણ બધાંની તે માટેની ઇચ્છા પૂરી થતી નથી. જો અધ્યયન માટે સારાં પુસ્તકો મળે તો તે કૃપા કહેવાય. જો મનુષ્યને સાધના કરવા માટે તંદુરસ્ત શરીર મળે તે કૃપા કહેવાય. જો ઈશ્વર ધારે તો તે આખી દુનિયાને તરત જ મુક્તિ આપી શકે, પણ તે તેમ કરતો નથી. જ્યાં સ્વપ્રયત્ન હોય ત્યાં જ કૃપા ઊતરે છે.'

મૃત્યુ વિશે

સ્વામી શ્યામાનંદે બીજી શંકા વ્યક્ત કરી : 'જો આત્મા સર્વવ્યાપક હોય તો મૃત શરીરમાં પણ આત્મા હોવો જોઈએ, પછી તે કેમ કાર્યશીલ હોતો નથી ?'

'મૃત શરીર કાર્યશીલ નથી કારણ કે જીવ, મન અને પ્રાણોએ તેને છોડી દીધો છે.' ગુરુદેવે સમજાવ્યું.

'આત્મસાક્ષાત્કાર પામેલા સંતની બાબતમાં જીવ હોતો નથી, પણ ફક્ત આત્મા હોય છે, તો પછી મૃત્યુ સમયે તેના શરીરે શા માટે કાર્ય કરતાં અટકી જવું જોઈએ ?' શ્યામાનંદે પછી પૂછ્યું.

'શરીર જો તેનામાં પ્રાણ હોય તો જ કામ કરી શકે છે. મૃત્યુ સમયે પ્રાણ શરીરને છોડી દે છે એટલે તે કાર્યશીલ રહી શકતું નથી. કેટલાક એવા દાખલા છે જેમાં મહાપુરુષોનાં ભૌતિક શરીરો મૃત્યુ પછી પ્રકાશમાં રૂપાંતર પામી અદૃશ્ય થઈ ગયાં હોય.'

અભ્યાસ માટેનાં સૂચનો

દક્ષિણ આફ્રિકાનો હરિ બદરી નારાયણ ઉનાળાના વેકેશનમાં આશ્રમમાં આવ્યો હતો; હાલ તે લખનઉ યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો.

'ઓ હરિ ! અહીં પણ તારા વર્ગના પાઠ તૈયાર કરતો રહેજે. આવતા વર્ષ માટે સરસ તૈયારી કર. પ્રથમ છ માસના પાઠ તારે હમણાં જ યોગ્ય રીતે ભણી લેવા જોઈએ. જો તારે, મૂળભૂત વિષયનો પાયો સારો હશે તો વર્ગમાં તું તારા પાઠ સરળતાથી જલદીથી સમજી શકીશ. પાછળથી માંદગી કે એવા બીજા કોઈ કારણે તું હાજર રહી શક્યો નહિ હોય તો પણ તને ખાસ વાંધો આવશે નહિ. અને છેલ્લે અંતિમ પરીક્ષામાં તને ઝળકતી સફળતા પ્રાપ્ત થશે. તારે સાધનાનો અભ્યાસ અને આશ્રમમાં થોડી સેવા પણ કરવી જોઈએ. સાથે સાથે તારે આવતા વર્ષના કોર્સની પણ તૈયારી કરવી જોઈએ.'

હરિ બદરી નારાયણને ગુરુદેવે ઉપરનાં સૂચનો કર્યાં કારણ કે થોડાક સમય પહેલાં તે આશ્રમમાં આવ્યો હતો. ત્યારે તેની કેટલીક વસ્તુઓ ગુમાવી હતી અને ભારતમાં મુશ્કેલીમાં મુકાયો હતો. ગુરુદેવે તેને માટે લખનઉ યુનિવર્સિટીમાં પ્રવેશ લઈ લીધો હતો.

વૈદકશાસ્ત્રનું ભણતર

એક પારસી છોકરો આશ્રમમાં આવ્યો હતો. તે આશ્રમના સાર્વજનિક દવાખાના તરફથી થતી સેવાથી આકર્ષાયો હતો. તેને વૈદકશાસ્ત્ર ભણવાની ઇચ્છા થઈ.

'ઓમ્ નમો નારાયણાય ! હમણાંથી તને ક્યાંય જોતો નથી; નથી ઑફિસમાં જોતો કે નથી દવાખાનામાં જોતો. તું શું કરે છે ?'

'સ્વામીજી, હું વૈદકશાસ્ત્ર શીખું છું.'

'વૈદકશાસ્ત્ર શીખે છે ? કયાં ?'

'હું આપના 'Family Doctors hygiene' 'કુટુંબ માટેના ડૉક્ટર' પુસ્તકની નકલ તૈયાર કરું છું.'

'તેને તું વૈદકશાસ્ત્રનું ભણતર કહે છે ? એક

કાગળના ટુકડા પર 'ખાંડ' લખી તેને ચાખવાથી ગળ્યો સ્વાદ આવશે ? તેનો અભ્યાસ કરીને શીખવાનું હોય છે. દવાખાનામાંની અને ત્યાં કાર્ય કરતા ડૉક્ટરને તેની રજા લઈ મદદ કર. પછી તને રોગોનાં નામોની ખબર પડશે અને દવાનું મિશ્રણ કેમ બનાવવું તે પણ આવડશે. શીખવા માટેનો આ વધુ સારો માર્ગ છે.'

મારી ન નાખો

ચિન્મયાનંદજીનાં ઉપનિષદ પરનાં પ્રવચનો ચાલી રહ્યાં હતાં. વાંચવાના ટેબલ પાસે એક વીંછી દેખાયો. વિષ્ણુ સ્વામીજી ચીપિયો લેવા માટે દોડ્યા. તે બાપડા જંતુ પર કોઈકે ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. તે સંકોચાઈ ગયો અને તેની પૂંછડીને ડંખ દેવા માટે તૈયાર કરી.

આંબેકરજીનો જમાઈ તે મંડળીમાં હતો. તે દોડ્યો અને ટોર્ચના પાછળનો ભાગ તેના પર જોરથી મૂકી તેને કચડી નાખ્યો. તેની દૃષ્ટિએ પ્રશ્ન પતી ગયો હતો !

પાછળથી ગુરુદેવનો સખત અવાજ આવ્યો : 'મારી નાખશો નહિ.'

તે યુવાન માણસ ગુરુદેવ અને મરેલા વીંછી બંને તરફ જોતો ઊભો હતો.

'તે વીંછી હતો. સ્વામીજી, તેણે ગમે તેને ડંખ દીધો હોત.'

'વીંછી હોય કે નાગ - તેને મારી ન નાખો ! તેને ઈજા કર્યા વગર જવા દો, તેને જીવતો પકડી દૂર તેને નુકસાન કર્યા વગર મૂકી દો. જો તમારા ઘરમાં નાગ પ્રવેશે તો કદી તેને મારી નાખશો નહિ. તેને બદલે ઘર ખાલી કરી તમે બહાર નીકળી જાઓ. આ ઝેરી જંતુઓ સામાન્ય રીતે તમારા ઘરમાં આવતાં નથી અને જાણી જોઈને તમને સતાવતાં પણ નથી. ઈશ્વરે તેમને, તેમના ભલા માટે અને મનુષ્યના ભલા માટે, માનવીય રહેઠાણમાં ન જવાની સહજ બુદ્ધિ આપી છે. છતાં તેઓ રહેઠાણમાં ચૂકથી આવી જાય તો તેમને જવાનો માર્ગ બતાવવો જોઈએ, પણ તેમને કોઈ પ્રકારની ઇજા કરવી ન જોઈએ.'

'મારી નાખવાથી મગજમાં તેની ઊંડી છાપ પડે છે. પાછળથી આવી છાપને કાઢી નાખવાનું ખૂબ મુશ્કેલ બને છે. તમે જે કરો છો તે બધી જ સાધનાનો હેતુ તમારા મનમાં પડેલી-પૂરી રાખેલી- આવી છાપોને દૂર કરવાનો છે. જ્યારે આ કામનાઓ અને છાપોનો પૂરેપૂરો નાશ થાય છે ત્યારે આત્માનો પ્રકાશ પોતાની મેળે પ્રકાશી ઊઠે છે. માટે એ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે તમારે મગજ પર ખોટા સંસ્કારો ઉત્પન્ન કરે તેવાં આવાં કૃત્યો ફરીથી ન કરવાં જોઈએ.'

સંસ્કારોને દૂર કરવા

ગઈ રાત્રે જે યુવાને વીંછી મારી નાખ્યો હતો તે સવારે ગુરુદેવની સમક્ષ આવ્યો. તેનો ચહેરો તેના મનમાં ચાલી રહેલી માનસિક મથામણને વ્યક્ત કરતો હતો.

ગુરુદેવે તેના પર દૃષ્ટિ પડતાં જ તે જોયું : 'ઓજી, કંઈ બગડ્યું નથી. સંસ્કારો તો મનમાં હોય છે જ. તેઓ તેમને વ્યક્ત કરવા પ્રયત્ન કરે છે અને આમ તક મળતાં જ બળવત્તર બનતા જાય છે. એવું પણ બને કે ઘણી વાર તમે આવી અભિવ્યક્તિઓને કાબૂમાં રાખવા અશક્તિમાન બની જાઓ છો અને આમ દરેક વખતે આ અભિવ્યક્તિઓનો હાથ ઉપર રહે છે, આવું બને ત્યારે નીચે બેસો અને શાંતિથી તમારા વર્તનને બરાબર તપાસો, પસ્તાવો કરો, ભૂલ માટે દિલગીર થાઓ અને પોતાની જાતને સુધારવા માટે સંકલ્પ કરો. ધીમે ધીમે, ક્રમશઃ સંસ્કારો ઝાંખા થતા જશે અને છેવટે તેનો નાશ થઈ જશે. મારી નાખવાનો અનિષ્ટ વિચાર પછી મનમાં કદી આવશે નહિ. આ સ્થિતિ સંતની છે.'

થોડોક સમય રોકાઈ ગુરુદેવે ઉમેર્યું : 'જો તમે ખંતભર્યો પ્રયત્ન કરશો તો પૂરેપૂરી સફળતા મેળવવાનું શક્ય છે. સંતો કંઈ સ્વર્ગમાંથી આવતા નથી. તેઓ સતત સદાચરણથી બને છે. એક વાર હું પણ વીંછીને મારી નાખતો હતો. ખૂબ પ્રયત્ન કરો અને પૂર્ણતા પ્રાપ્ત કરો.'

☐ - Sivananda's Gospel of Divine Lifeમાંથી સાભાર અનુવાદ

અમૃતપુત્ર-૧૧

- શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે

['અમૃતપુત્ર'ના અંશો પૂજ્યશ્રી ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ સમક્ષ લોનાવલા-ખંડાલા અને દહેરાદૂનમાં વાંચવામાં આવેલા. મૂળ મરાઠી લેખન અને પછી હિન્દી ભાષાંતર શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડેએ કર્યું છે. તેમની અનુમતિથી આ ગુજરાતી ભાષાંતર દિ.જી.ના ગુરુભક્ત સાધકોની સેવાર્થે પ્રસ્તુત કરવાનો આનંદ છે. -સંપાદક]

૧૯૪૭ના ડિસેમ્બરના દિવસો હતા. હિમાલયમાં હિમવર્ષા થઈ રહી હતી. શિયાળો ચોપાસથી ઉગ્રરૂપે ઠંડી લઈને આવ્યો હતો. કોઈ પણ ઋતુ હોય પણ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવાનો રાવસ્વામીજીનો નિયમ હતો. તેમની તિતિક્ષા તો અસામાન્ય હતી. આવી કડકડતી ઠંડીમાં અંગે એક માત્ર ખમીસ પહેરીને ચાદર પણ ઓઢ્યા વગર એક આખી રાત તેમણે પોતાની કુટીરની બહાર ગુજારી હતી. પરંતુ આજે તેઓ ઊઠી શક્યા જ નહીં. નસેનસમાં ઠંડી ભરાઈ ગઈ હતી. બેચાર ધાબળા તેમના ઉપર નાખ્યા પરંતુ કંઈ ફરક ન પડ્યો. સૂરજ ઊંચા આકાશમાં આવતાં જ શ્રી ગુરુદેવ રૂ-બ-રૂ તેમની પાસે આવ્યા. તેમને જોઈને રાવસ્વામીજીએ ઉઠવાની કોશિષ કરી, પરંતુ શ્રી ગુરુદેવે પોતાના હાથે તેમને ફરીથી સુવડાવી દીધા, તેમના સ્પર્શથી શ્રીગુરુદેવને લાગ્યું કે તેમનું શરીર જાણે દાઝી રહ્યું છે. તાવથી રાવસ્વામીજીનું શરીર ધાણી ફૂટે તેવા તાવમાં લપેટાઈ ગયું હતું. શ્રીગુરુદેવે તેમની તબીબી પરીક્ષા કરીને અનુભવ્યું કે તેમને કોઈ ઝેરી તાવ છે. તેમને દવા આપી. પોતાનાં તબીબી જ્ઞાન અને વાત્સલ્યસભર મમતા સાથે શ્રી રાવસ્વામીજીની શ્રીગુરુદેવ કાળજી લઈ રહ્યા હતા. પરંતુ કંઈક હવા એવી ચાલી હતી કે રાવ સ્વામીજીનું સ્વાસ્થ્ય પાટે ચડતું જ ન હતું અને આશ્રમમાં તે વળી તેમનાથી આરામ થાય ? જે કંઈ બને તેટલી કંઈ ને કંઈ સેવા તેઓ કર્યા જ કરતા. હવે શ્રીગુરુદેવે નક્કી કર્યું કે તેમને આશ્રમથી દૂર હવાફેર માટે મોકલવા. સ્વામી વિશ્વેશ્વરાનંદજીની સાથે તેમણે રાવ સ્વામીજીને નાગપુર મોકલ્યા. ત્યાં ધંતોલીમાં ગુરુદેવના શિષ્ય ડૉ. બી.એ. વૈદ્યનું દવાખાનું હતું. તેઓ નાગપુર હોસ્પિટલના વિઝિટિંગ ડૉક્ટરના સ્વરૂપે પણ સેવા બજાવતા હતા. સ્વામીજી તેમને ત્યાં રોકાયા.

શ્રી રાવ સ્વામીજીની સેવા કરીને ડૉક્ટર વૈદ્યને લાગ્યું કે તેમનાં તબીબીજ્ઞાનનું સન્માન થઈ રહ્યું છે, જાણે કેમ આજે તેમણે અનુભવ્યું કે 'મારું ડૉક્ટરપણું સાર્થક થયું.' ગળામાં સ્ટેથોસ્કોપ નહીં પરંતુ... સ્વર્ગથી ઉતરી આવેલ દૈવી પુષ્પહાર છે.

નાગપુરમાં ત્રીસ જાન્યુઆરીનો દિવસ પ્રારંભ તો થયો દરરોજની માફક જ... પરંતુ સાંજ ઢળતાં ઢળતાં રાષ્ટ્રના એક મહાન આત્માની હત્યા... આ દિવસ કરી ગયો.

સ્વામી વિશ્વેશ્વરાનંદજીએ રાવ સ્વામીજીને કહ્યું કે... મહાત્મા ગાંધીજીની હત્યા કરવામાં આવી છે.

સ્વામીજીને ઊંડો આઘાત લાગ્યો. મહાત્માજીનાં દર્શનનો પ્રભાવ તેમના બાળપણમાં જ તેમની ઉપર પડ્યો હતો. રામનામથી રંગાયેલું તેમનું જીવન સ્વામીજીના જીવનનો આદર્શ હતો. અસ્પૃશ્યતા નિવારણ માટે તેમનું કાર્ય, કુષ્ટરોગીઓની સેવા, સત્ય પ્રત્યેની તેમની નિષ્ઠા, અહિંસાનું તત્ત્વજ્ઞાન આ બધું એક સાથે તેમની આંખો સામે ચિત્ર સ્વરૂપે ઉપસી આવ્યું. આંખો ભીની થઈ ગઈ. મનમાં વિચાર આવ્યો... 'હિંસાથી સમસ્યાનું સમાધાન થઈ શકે ? શરીરના નષ્ટ થવાથી વિચાર નષ્ટ થઈ શકે ?'

સ્વામીજીના વિચારોમાં નક્કર સત્ય હતું. આજે તે સત્યનો મહાન ઉપાસક અને હત્યારો બંને નથી રહ્યા. પરંતુ ગાંધીજીની વિચારધારા નષ્ટ નથી થઈ... અને દુર્ભાગ્યે તેમના વિરોધી વિચાર પણ નષ્ટ નથી પામ્યા. હિંદુ-મુસ્લિમોમાં સંશય અને તનાવ વધુ પ્રગાઢ થયા છે... અને યાદ શું રહ્યું ?... પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીની હત્યા પછી થયેલાં હિંસક તોફાનો... શ્રી રાવ સ્વામીજી ખૂબ ધીરેથી કુંઠિત સ્વરે બોલ્યા... 'શ્રી

રામ જય રામ જય જય રામ...'

નાગપુરમાં થોડા લોકોએ પ્રાર્થના કરી કે... સ્વામી રાવજીના પ્રમુખપદે પૂજ્ય બાપુજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવે. શરીર રુગ્ણ હતું. સ્વસ્થ ન હતું... પરંતુ આ તો મહાન આત્માની સાથે જોડાયેલા કર્તવ્યનો પ્રશ્ન હતો... આમ આ વિનંતીના અસ્વીકાર કરવાનો પ્રશ્ન જ ન હતો.

બીમારીમાં થાકેલો પરંતુ કરુણાથી ભર્યો સ્વર નાગપુરમાં મહાત્મા ગાંધીજીની શ્રદ્ધાંજલિ સભામાં ગૂંજ્યો... વૈષ્ણવ જન તો તેને રે કહીએ... જે પીડ પરાયી જાણે રે...

રાવ સ્વામીજી પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજી માટે બોલી રહ્યા હતા... 'મહાત્મા ગાંધીજી એક મહાન આધ્યાત્મિક વ્યક્તિ હતા. તેમણે રાજનીતિમાં જીવન સમર્પણ કર્યું. પરંતુ તેમાં નીતિ અને નિષ્ઠા પાયામાં હતાં. ત્યાં સ્વાર્થ નહીં પરમાર્થ હતો. તેમણે સમાજસેવા નહીં... રાષ્ટ્ર સેવા કરી છે. અનેક નૂતન અર્થશાસ્ત્રીય વિચાર તેમણે દેશને આપ્યા છે. પરંતુ પ્રાર્થના અને રામનામ જ તેમના જીવનના પાયાના પથ્થરો હતા. તેમના જીવનમાં પ્રાર્થના, ધ્યાન, રામનામ, ગીતા અને સત્યમાં નિષ્ઠા આ પંચશીલ હતા. ગાંધીજી આપણા રાષ્ટ્રની એક મહાન આધ્યાત્મિક વિભૂતિ હતા.'

રાવ સ્વામીજી સ્વસ્થ થઈને શિવાનંદ આશ્રમ, હૃષીકેશ પાછા ફર્યા. અહીં શ્રી ગુરુદેવની પાસે સેવાર્થે સ્વામી નિજબોધજી બેસતા હતા. સન. ૧૯૪૪થી તેઓ દિવ્ય જીવન સંઘના સચિવ... મહામંત્રી હતા. વૃદ્ધાવસ્થાને કારણે તેઓ હવે આ જવાબદારી ઉપાડવામાં મુશ્કેલી અનુભવતા હતા. તેમણે શ્રી ગુરુદેવ પાસે નિવૃત્તિ માટે આજ્ઞા માગી. શ્રીગુરુદેવે તેમને નિવૃત્ત કરીને તેમની સાથે રાવ સ્વામીજીને સંસ્થાના જનરલ સેક્રેટરીપદનો સ્વીકાર કરવા આદેશ કર્યો. શ્રી રાવ સ્વામીજી જનરલ સેક્રેટરી થયા... જાણે કે દિવ્ય જીવન સંઘ સન્માનિત થયું.

એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના જનરલ સેક્રેટરી પદ સંભાળ્યા બાદ પણ તેમની રહેણીકરણીમાં કંઈ ફેરબદલ થયો નહીં. સાદું ખાદીનું ખમીસ અને કમર નીચે ટૂંકું ધોતિયું... જ રહ્યાં. શ્રીગુરુદેવ ખુશમિજાજ હતા... વિનોદી સ્વભાવ પણ ખરો... એકવાર થોડે ઊંચે સ્થાનેથી ઝરણું જેમ સહજતાથી નીચે આવે તેમ ઉતરતા આ તેમના પ્રિય શિષ્યને જોઈને તેમણે વિનોદ કરતાં કહ્યું...

ઓ જી ! હવે તો તમો દિવ્ય જીવન સંઘના મહાસચિવ છો, હવે સારાં પૂરાં... લાંબાં કપડાં કેમ નથી પહેરતા ?

શ્રી રાવ સ્વામીજીએ ખૂબ જ વિનમ્રતાથી જવાબ આપતાં કહ્યું, 'જી, આ પહાડો ઉપર ચઢતાં ઉતરતાં આવાં ટૂંકાં કપડાંમાં ઝપાટાબંધ ચાલવાનું સહેલું પડે છે.' આમ તો શ્રી ગુરુદેવ પોતે પણ આંતરરાષ્ટ્રીય સંસ્થાના પરમાધ્યક્ષ હતા. મહત્ કીર્તિના તત્ત્વજ્ઞ, વિશ્વવંદ્ય હતા પરંતુ પરમ સાદગીમાં રહેતા હતા. એક શિષ્યે બહુ શ્રદ્ધાપૂર્વક શ્રી ગુરુદેવને ઓવરકોટ આપ્યો. શ્રી ગુરુદેવે તેને પહેર્યો. એ જોઈને થોડા લોકોના મનમાં આવ્યું, 'શું સંન્યાસીઓથી આવાં કપડાં પહેરાય ? પરંતુ દુર્ભાગ્ય છે કે લોકો ઉપરનો કોટ જ જોતા હતા, તેમના પગ તો ઉઘાડા હતા ! સાચા સંતને તો તે કંઈ પહેરે કે ન પહેરે અથવા કંઈ પણ પહેરે, તેને તેમાં કંઈ પણ આસક્તિ કે મોહ હોતાં જ નથી. (શ્રી ગુરુદેવ ડૉક્ટર હતા, સેવા કરતા હતા. તેમની સમજણ સ્પષ્ટ હતી. તમે ધાબળો ઓઢો છો. મારે સેવા કરવાની છે, ધાબળો ઓઢીને બેસવાથી નહીં ચાલે માટે તેને કાપીને કોટ સીવી કાઢ્યો છે... તેમાં ભલા ખોટું શું ?)

કપડાં તો શરીરની રક્ષાનું એક સાધન છે, અને શરીર ઈશ્વર પ્રાપ્તિનું સાધન ! શ્રી રાવ સ્વામીજીને પોતાની તરફ જોવાની ફુરસદ ક્યાં હતી, અને જ્યારે ફુરસદ હતી ત્યારે પણ તેમણે પોતાની સગવડ કે સુવિધા ભણી ક્યાં જોયું હતું ?

સૌ સંતો-મહંતો હવે રાવ સ્વામીજીને સન્માન આપવા લાગ્યા અને પગે પણ લાગવા લાગ્યા. હિમાલયનાં ઉત્તુંગ શિખરો તેમની પાસે નતમસ્તક હતાં, પરંતુ હજુ તેમણે કાષાયવસ્ત્ર ધારણ કર્યાં ન હતાં.

રાવ સ્વામીજીની અધ્યાત્મસ્તરની સ્થિતિ એટલી

ઊંચી હતી કે જ્યાં પહોંચ્યા પછી જો તેઓ ગેરુ વસ્ત્ર ધારણ કરે તો તે વસ્ત્રો માટે ગૌરવનો વિષય હતો. ગેરુ વસ્ત્રોનો અર્થ થાય છે... તમામ ઐહિક ઈચ્છા, આકાંક્ષા, સંબંધો, પ્રેમ, લોભ અને માયાનો ત્યાગ. કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર આ ષડ્‌રિપુઓ પર વિજય. અને એની સાથે જ વિશ્વના સમગ્ર જનગણ-પશુ પંખી પ્રાણીઓ પ્રત્યે નિષ્કામ પ્રેમ. રાવસ્વામીજી પાસે આમાંનું શું ન હતું ?

વીસમી સદીમાં કુદરતનો કસ કાઢીને તેમાંથી ભોગનાં સાધનો નિર્માણ કરનારો પાશ્ચાત્ય રાષ્ટ્રોનો ભોગવાદ એક તરફ આગળ વધી રહ્યો હતો. ત્યારે બીજી તરફ સૃષ્ટિનું સર્વોચ્ચ સત્ય ઈશ્વરીય પ્રેમનું રૂપ લઈને સ્વામીજી પાસે આવી રહ્યું હતું.

પોતાના આ તેજસ્વી શિષ્યને સર્વોચ્ચ ત્યાગની દીક્ષા આપવાની પ્રેરણા શ્રી ગુરુદેવને થઈ અને એ શુભ દિવસ આવી પહોંચ્યો.

૧૦ જુલાઈ ૧૯૪૯ (તા.૧૦-૭-૧૯૪૯). ગુરુપૂર્ણિમાનો મંગળ દિવસ હતો. હૃષીકેશના શિવાનંદ આશ્રમમાં એક ગંભીર પરંતુ પવિત્ર સમારોહમાં પ્રારંભ થયો. 'વિરજા હોમ'નો તેજસ્વી અગ્નિપૂંજ તેની ચરમસીમા પર હતો. શ્રીધરે પોતાના પૂર્વાશ્રમનું જીવન આ યજ્ઞમાં આહુતિરૂપે અર્પણ કર્યું. યજ્ઞોપવીત તોડી નાખ્યું, લૌકિક દૃષ્ટિથી હવે હું બ્રાહ્મણ નથી, તે અહંકારનો ત્યાગ કર્યો. વિશ્વના તમામ સંબંધોનો વિચ્છેદ કરી વિશ્વને આલિંગન આપી સમગ્ર વિશ્વને સ્વકીય જીવનનું અવિભાજ્ય અંગ કહેવાનો... અદ્‌ભુત ! અલૌકિક ! પ્રસંગ !

'મનોહર વિલાસ' અને 'કિંબર્લી'થી જોડાયેલા શેષ સર્વે તંતુઓ તૂટી ગયા.

'રાવ' નામના સઘન અને કીર્તિમાન ખાનદાનના સંબંધોની પૂર્ણાહુતિ થઈ.

સર્વે ઐહિક, પારલૌકિક સુખ યજ્ઞાર્પણ થઈ ગયાં.

ચતુર્થો દક્ષિણામ્નયાયઃ શૃઙ્ગેરી તુ મઠો ભવેત્ ।
સંપ્રદાયો ભૂરિવારો ભૂર્ભુવોગોત્રમુચ્યતે ॥

દશનામ સંન્યાસ પરંપરાનો આ ચોથો આમ્નાય દક્ષિણમાં સ્થિત શૃંગેરી મઠ છે, જ્યાં 'ભૂરિવાર' સંપ્રદાયના અને 'ભૂર્ભુવઃ' ગોત્રના યતિઓની દીક્ષા સમ્પન્ન થાય છે. શ્રીધરને યાદ આવી રહ્યું હતું...

'પદાનિ ત્રીણિ ખ્યાતાનિ સરસ્વતી, ભારતી, પુરી ।
રામેશ્વરાદ્વયં ક્ષેત્રમાદિવારાહ દેવતા ॥'

આ પરંપરાના સંન્યાસીઓને સરસ્વતી, ભારતી કે પુરી નામની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તેમનું ક્ષેત્ર રામેશ્વર છે અને તેમના દેવતા આદિવારાહ છે.

આવી સરસ્વતી પરંપરામાં હવે શ્રીધર પદાર્પણ કરી રહ્યો હતો.

'કામાક્ષી તહ્‌ય દેવીસ્યાત્ સર્વકામફલપ્રદા ।
સુરેશ્વરાખ્ય આચાર્ય તુંગભદ્રેતિ તીર્થકમ્ ॥'

આ મઠનાં ઉપાસ્ય દેવી કામાક્ષી અને આદ્યાચાર્ય શ્રી સુરેશ્વરાચાર્ય તથા તીર્થ તુંગભદ્રા છે.

'ચૈતન્યાખ્યો બ્રહ્મચારી યજુર્વેદસ્ય પાઠકઃ ।
અહં બ્રહ્માસ્મિ તત્રૈય મહાવાક્યં સમીરિતમ્ ॥'

આ મઠના બ્રહ્મચારીઓને ચૈતન્ય કહેવાય છે. યજુર્વેદનું અધ્યયન આ મઠની પરંપરા છે. આ સમ્પ્રદાયનું મહાવાક્ય 'અહં બ્રહ્માસ્મિ' છે.

આંધ્ર દ્રવિડ કર્ણાટકેરલાદિ પ્રભેદતઃ ।
શૃઙ્ગેર્યધીના દેશાસ્તે હયવાચી દિગવાસ્થિતઃ ॥

આંધ્ર, દ્રવિડ (તામિલનાડુ), કર્ણાટક, કેરળ આદિ દક્ષિણી ભૂભાગ આ મઠને આધીન રહેશે.

સ્વરજ્ઞાનરતો નિત્યં સરસ્વતી કવીશ્વરઃ ।
સંસારસાગરાસાર હન્તાસૌહિ સરસ્વતી ॥

સ્વરજ્ઞાનમાં રત, સ્વર સંબંધી વિશેષ વિચક્ષણ રહેવાવાળા, શ્રેષ્ઠ વિદ્વાન, આ અસાર સંસારમાં રહીને પણ બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર કરનારા યતિઓ 'સરસ્વતી' કહેવાશે... શું શ્રીધર આવા જ ન હતા ?

આ સંપ્રદાયના ભારતી અને પુરી એ સંજ્ઞાઓના અર્થ પણ એટલા જ શ્રેષ્ઠ છે. વિદ્યા-ભારથી પરિપૂર્ણ, સંસારના 'પુત્ર-કલત્રાદિ' ભારને જેમણે ઉતારી દીધો છે, તેઓ ભારતી કહેવાય છે. જ્ઞાનથી પરિપૂર્ણ, પૂર્ણતઃ બ્રહ્મવાદી અને હંમેશાં પરબ્રહ્મમાં લીન એવા યતિ 'પુરી' કહેવાય છે. ફરીથી શ્રીધરને યાદ આવ્યું...

ભૂરિ શબ્દેન સૌર્વર્ણ્ય વાર્યતે યેન જીવિતામ્ ।
સંપ્રદાયો યતિનાં ચ ભૂરિવારઃ સ ઉચ્યતે ॥

'ભૂરિ' અર્થાત્ 'આધિક્ય' ધન ધાન્ય અને સાંસારિક વસ્તુઓનો ત્યાગ કરીને જે નિતાંત વિરક્ત રહે છે, તે સાધુઓને ભૂરિવાર સમ્પ્રદાયના સાધુઓ તરીકે ઓળખવામાં આવે છે.

ચિન્માત્ર, ચેત્યરહિતમનન્તમજરં શિવમ્ ।
યો જાનાતિ સ વૈ વિદ્વાન્ ચૈતન્યં તદભિધીયતે ॥

બ્રહ્મ ચિન્માત્ર છે. અનુભવજનિત વિષય રહિત, જન્મ મરણાદિ વિકાર ન પામનાર અને જગત્કલ્યાણકારી શિવરૂપ બ્રહ્મને ઓળખનાર મુમુક્ષુ બ્રહ્મચારીને ચૈતન્ય નામથી ઓળખવામાં આવે છે.

આવી આ ઉજ્જ્વળ પરંપરા છે.

વિરજા હોમમાં 'શ્રીધરરાવ' આ નામ યજ્ઞાર્પણ થઈ ગયું, અને ગેરુ વસ્ત્રો સહિત શ્રીધરે નૂતન નામને અંગીકાર કર્યું... 'સ્વામી ચિદાનંદ સરસ્વતી.'

આશ્રમના સર્વે વડીલ સંતોને ખબર હતી કે શ્રીધરને કયા નામથી...યોગપટથી વિભૂષિત કરવો તે શ્રી ગુરુદેવ એક વર્ષથી વિચારતા હતા. પોતાના આ સદ્‌ગુણી શિષ્યનું શું નામકરણ કરવું તે પણ અત્યંત ગહન અને આવશ્યક વિષય હતો. અંતે તેમણે નામકરણ કર્યું... 'ચિદાનંદ !'

'ચિદાનંદ' જે જ્ઞાન અને આનંદથી સદાને માટે પરિપૂર્ણ છે... આમ આજે 'સરસ્વતી' પરંપરાનું પણ સન્માન વધ્યું.

રાત્રી સત્સંગમાં આજે શ્રી ગુરુદેવે પોતાના મધુર અને ગંભીર અવાજે ગાયું...

Knowledge bliss, Knowledge bliss... bliss absolute.
In all condition I am knowledge bliss absolute.
ચિદાનંદ ચિદાનંદ ચિદાનંદ હૂં ।
હર હાલ મેં અલમસ્ત સચ્ચિદાનંદ હૂં ।

આશ્રમમાં સૌને ખબર પડી ગઈ કે શ્રી ગુરુદેવે પોતાનું જ નામ પોતાના પરમપ્રિય શિષ્યોત્તમને આપ્યું છે.

ચિદાનંદ હી શિવાનંદ હૈ, શિવાનંદ હી ચિદાનંદ હૈ !

☐ 'અમૃતપુત્ર'માંથી સાભાર

(યોગ એટલે શું ? અનુસંધાન પાના નં.૧૧ ઉપરથી ચાલુ)

પીઝ્ઝા અને કોકની ત્રિવિધ શૃંખલામાં બંધાયેલો જીવ હાઈ કોલેસ્ટ્રોલ, હાઈ ટ્રાયગ્લિસરાઈડ, હાઈ બ્લડપ્રેશરના થ્રી-હાઈફાઈની ફરિયાદ કરે, તો હાઈ સોસાયટી અને હાઈટેકના યુગમાં તમારી ફરિયાદ પણ 'હાઈ' હોય તો તેમાં નવું શું ?

આપણા શરીરમાં જે ક્રિયાઓ ચાલે છે; તેને છ ભાગમાં વહેંચવામાં આવેલ છે.

૧. શ્વસનતંત્ર એટલે રેસ્પીરેટરી સિસ્ટમ.

૨. રુધિરાભિસરણ તંત્ર અર્થાત્ રક્તસંચાર અથવા સરક્યુલેટરી સિસ્ટમ.

૩. પાચનતંત્ર અર્થાત્ એલીમેન્ટરી સિસ્ટમ.

૪. ઉત્સર્ગતંત્ર અર્થાત્ જનાઈટો-યુરીનરી સિસ્ટમ.

૫. અસ્થિતંત્ર અર્થાત્ હાડકાંઓનું તંત્ર અથવા લોકોમોટરી સિસ્ટમ.

૬. સંવેદનતંત્ર અર્થાત્ નર્વસ સિસ્ટમ.

આ બધી સિસ્ટમ્સ કે તંત્રો ઉપર યોગાસનો અને પ્રાણાયામની પ્રક્રિયાઓનો સારો એવો પ્રભાવ પડે છે. લાગણીઓ ઉપર નિયંત્રણ, ક્રોધશમન, મનની એકાગ્રતા, ભાવુકતા પર અવરોધ, માનસિક સ્વસ્થતા, રોગપ્રતિકાર કરવાની ક્ષમતા વગેરે. વિષમ પરિસ્થિતિમાં સંતુલન પ્રદાન કરવાની ક્ષમતા યોગાસનો અને પ્રાણાયામના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. પરંતુ જે કંઈ આવશ્યક છે તે એટલું જ કે તેનો અભ્યાસ નિરંતર કરતાં રહેવું જોઈએ.

આમ થોડો સમય પણ જો નિરંતર યોગાભ્યાસ સાધના, ધ્યાનનો દૈનિક મહાવરો રાખવામાં આવે તો જનસાધારણમાં જીવનની ઘણી વિટંબણાઓને નિવારી શકાય. શ્રીકૃષ્ણ ગીતામાં આ વાતની ખૂબ જ સ્પષ્ટતા કરતાં કહે છે કે આ જે વિષય છે; તેના અભ્યાસમાં લેશમાત્રેય દોષ નથી; જો થોડો પણ પ્રમાણિકપણે અભ્યાસ કરવામાં આવે તો મહાન ભયથી મુક્ત થઈ શકાય, અથવા તો આવનારી સમસ્યાઓ સામે સક્ષમ થઈ સંઘર્ષ કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકાય.

ૐ શાંતિ.

☐ 'યોગ અને આરોગ્ય'માંથી સાભાર

ઉપનિષદ-યાત્રા

ડૉ. ગુણવંત શાહ

ભારતીય સંસ્કૃતિ એટલે સમન્વયની સંસ્કૃતિ

ઋષિના શબ્દો : अथ नेति नेति एतदित्थेत्थेति । (આર્ષેય ઉપનિષદ, મંત્ર ૯)

ભાવાર્થ : આમ કહો કે તેમ કહો, કહેવું હોય તો શૂન્ય કહો !
મથીમથીને કહેતો રહ્યો છું, એ તત્ત્વ નથી, નથી ને નથી જ !

ઈશ્વરના નામે ચાલતો વેપલો

આપણા દેશમાં ધર્મને નામે ચાલતા અધાર્મિક ઉધામાનો કોઈ પાર નથી. મથામણ ધાર્મિક હોઈ શકે, પરંતુ ઈશ્વરના નામે ચાલતો વેપલો તમોગુણ અને રજોગુણના મિશ્રણનો બનેલો હોય છે. શું ઈશ્વરની માથાકૂટ વગરનો ધર્મ હોઈ શકે ખરો ? મંદિર, મસ્જિદ અને દેવળમાં જામતી ભીડથી પર એવી કોઈ સાધના હોઈ શકે ખરી ? બાઉલના ભજનમાં જવાબ મળે છે :

તોમાર પથ ઢેકે છે મંદિરે મસ્જિદે ।
તોમાર ડાક શુનિ સાઁઈ ચલતે ના પાઈ ।
ઋઈરવ્યે દાઁડાય ગુરુતે મોરશિદે ॥

કહે છે : 'તારો માર્ગ મંદિરો અને મસ્જિદોએ ઢાંકી દીધો છે. હે સ્વામી ! તમારો સાદ સાંભળું છું પણ ચાલી શકતો નથી; કારણ કે ગુરુ અને મુરશિદ બંને દુષ્ટ થયા છે.' ભારતીય પરંપરાની સમન્વય-ક્ષમતા કદાચ આજના સેક્યુલર વિચારકોના ધ્યાનમાં આવી નથી. ભારતની બ્રાહ્મણ પરંપરામાં પૂર્ણત્વની પ્રતિષ્ઠા થઈ છે અને શ્રમણ પરંપરામાં શૂન્યત્વનો મહિમા થયો છે. ઉપરોક્ત મંત્રમાં આત્મા શૂન્ય-સ્વરૂપ છે અને વળી અનંત, અજર અને અપાર છે એવી વાત થઈ છે. બૃહદારણ્યક ઉપનિષદ (અધ્યાય ૪, બ્રાહ્મણ ૪, મંત્ર-૨૨)માં આત્માના શૂન્યત્વનો મહિમા આવા શબ્દોમાં થયો છે :

એ આત્માને આ નહીં, આ નહીં (નેતિ નેતિ)-
એમ કહીને જ વર્ણવી શકાય છે.
તે પકડાતો નથી, કારણ કે તે પકડી શકાય તેવો નથી.
તે ઘસાતો નથી, કારણ કે તે ઘસાય તેવો નથી.
તે લેપાતો નથી, કારણ કે તે કશામાં લેપાય તેવો નથી.
તે બંધનમાં પડેલો નથી.
તેને દુઃખ થતું નથી, તે નાશ પામતો નથી.
જે માણસ આત્માને જાણે છે તેને
મેં પાપ કર્યું કે પુણ્ય કર્યું
એવા બે વિચારો કદી પણ આવતા નથી.

શૂન્યત્વ (નથિંગનેસ) પર ઊંડું ચિંતન કરનાર બૌદ્ધ પંડિત નાગાર્જુન શૂન્યતાનો મહિમા આવા શબ્દોમાં કરે છે :

સર્વં ચ પૂજ્યતે તસ્ય શૂન્યતા યસ્ય પૂજ્યતે ।
સર્વં ન પૂજ્યતે તસ્ય શૂન્યં યસ્ય ન પૂજ્યતે ॥

કહે છે : જ્યાં શૂન્યતાની પૂજા થાય ત્યાં બધું જ પૂજાય છે; જ્યાં શૂન્યતાની પૂજા ન થાય ત્યાં કશી બાબતની પૂજા થતી નથી.

જૈનધર્મની પ્રાણશક્તિ

આમ શૂન્ય કોઈ નકારાત્મક સંકલ્પના નથી. સર્વ પદાર્થોનું અસ્તિત્વ કેવળ શૂન્યતાને જ આભારી છે. આ પરમ શૂન્યતાને ઉપનિષદની કલ્પનાના कर्माध्यक्ष (શ્વેતાશ્વતર) કે विश्वकर्मा (શ્વેતાશ્વતર) કે एकमेवाद्वितीयम् (છાંદોગ્ય) એવા પરમેશ્વરની બિલકુલ ગરજ નથી. બૌદ્ધ દર્શનમાં ત્રણ બાબતોનું મહત્ત્વ છે : અનિત્યતા, અનાત્મતા અને નિર્વાણ. અયોધ્યામાં જન્મેલા અને શ્રીનગરમાં જઈને વસેલા બૌદ્ધ પંડિત અશ્વઘોષે કાશ્મીરની ગલીઓમાં મધુર સ્વરે ગીતો ગાઈને તથાગતનો સંદેશો લોકો સુધી પહોંચાડેલો. તેનો જન્મ થયો ત્યારે અશ્વોનો ધ્વનિ સંભળાયેલો તેથી તેનું નામ અશ્વઘોષ પડેલું.

ભારતીય સંસ્કૃતિમાં ઈશ્વરવાદી વૈદિક પરંપરાની સમાંતરે સદીઓથી નિરીશ્વરવાદી પરંપરાઓ ચાલતી રહી છે. આચાર્ય ક્ષિતિમોહન સેને 'જૈન ધર્મની પ્રાણશક્તિ' વિષય પરના લેખમાં નોંધ્યું છે : 'મહાવીર અને બુદ્ધ બંને સાંખ્ય અને યોગવાદીઓની માફક વેદે ઉપદેશેલા યજ્ઞગાનના વિરોધી હતા. તે બધાના મત પ્રમાણે સત્તામાત્ર દુઃખમય છે. કર્મવશાત્ જ નિરંતર સંસારનો પ્રવાહ ચાલે છે, તેથી જ દુઃખમય જન્મ-જન્માંતરના પ્રવાહમાંથી મુક્તિ મેળવવી એ જ સાધનાની પરમ અને ચરમ વાત છે. જૈન, બૌદ્ધ અને સાંખ્યના મતમાં ઈશ્વરનું સ્થાન નથી. યોગમત પ્રમાણે ઈશ્વર

નહીં જેવો જ છે. બુદ્ધ અને મહાવીરે જાતિની ભેદબુદ્ધિ રાખ્યા વિના જનસાધારણમાં પ્રાકૃત ભાષામાં ધર્મપ્રચાર કર્યો. બંનેએ સંન્યાસ ઉપર વિશેષ ભાર મૂક્યો. જોકે ગૃહસ્થાશ્રમ લુપ્ત થયો ન હતો. નહીં તો ધર્મની ધારા આટલા વખત સુધી કેવી રીતે ટકી શકત ?'

(સાધનાત્રયી : પાન ૫૩૬)

ભારતમાં નાસ્તિકોનો સહજ સ્વીકાર છે

ભારતીય સંસ્કૃતિમાં વિભિન્ન વિચારધારાઓનો સ્વીકાર અને સમન્વયની પરંપરા કેટલી પુરાતન છે તેનો ખ્યાલ કરીએ તો સમજાય કે સર્વધર્મ-સમભાવની વાત આપણા લોકો માટે બિલકુલ નવી નથી. દુનિયાના બીજા કોઈ જ ધર્મમાં નાસ્તિક મતનો આવો સહજ સ્વીકાર નથી. જે વૈદિક પરંપરા શૂન્યતામૂલક નિરીશ્વરવાદને સ્વીકારી શકે અને બુદ્ધ-મહાવીરને પોતીકા ગણીને પૂજી શકે તે પ્રજાને માટે સેક્યુલરિઝમ બહુ નવી વાત ન હોઈ શકે. આગળ જોયું તેમ અમર્ત્ય સેને આપેલા તાતા મેમોરિયલ લેક્ચરમાં કહેલું કે નાસ્તિકતા અંગેનું સાહિત્ય જેટલું સંસ્કૃતમાં છે, તેટલું દુનિયાની કોઈ શાસ્ત્રીય ભાષાઓ (ગ્રીક, લેટિન, હિબ્રૂ અને અરબી)માં નથી. ભારતના ભાગલા જે કારણે થયા અને જે રીતે થયા, તે પછી (પાકિસ્તાન સિવાયના) ભારતમાં સૌ નાગરિકોને બંધારણીય રીતે સમાન નાગરિક અધિકારો પ્રાપ્ત થયા. આ ઘટના માનીએ તેટલી નાની ન હતી. એ એક એવો ચમત્કાર હતો, જેના મૂળમાં ઋગ્વેદના એક સંદેશનો પ્રભાવ હતો : 'દરેક દિશાઓમાંથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. (આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ ય)' જો આવું ખુલ્લું મન ભારતીય પ્રજાને પ્રાપ્ત ન થયું હોય તો ઈશ્વરમાં ન માનનારા ચાર્વાકનું ખૂન થયું હોત. અહીં બંનેનો સ્વીકાર છે. 'અહં બ્રહ્માસ્મિ' અને વળી 'નેતિ નેતિ'. જેને જે ફાવે તે માર્ગે સાધના કરે. આમ પૂર્ણત્વ અને શૂન્યત્વ એકબીજામાં ઓતપ્રોત છે.

નાસ્તિકતાની ધાર પર બેઠેલો આસ્તિક

નાસ્તિકતાની ધાર પર બેઠેલા એક આસ્તિક તરીકે હું નિહાળું ત્યારે આજે દેશમાં સેક્યુલરિઝમના પણ બે પ્રવાહો નજરે પડે છે. પ્રથમ પ્રવાહ ગાંધીજીના ઈશ્વરવાદી સર્વધર્મ-સમભાવ થકી પ્રગટ થતો દીસે છે અને બીજો પ્રવાહ પશ્ચિમમાં પ્રસરેલા અને પંડિત નેહરુએ પ્રમાણેલા ધર્મશૂન્ય સેક્યુલરિઝમ થકી પ્રગટ થતો જણાય છે. ભારતમાં આજે સેક્યુલરિઝમના બે પ્રકાર પડી ગયા છે : પૂર્ણતાવાદી અને શૂન્યતાવાદી. બંનેનું પોતીકું સૌંદર્ય છે. પ્રથમ પ્રવાહનો મૂળ સ્રોત ઈશાવાસ્ય ઉપનિષદમાં પ્રારંભે ઉદ્‌ગારાતા મંત્રમાં રહેલો છે :

પૂર્ણમ્ અદઃ પૂર્ણમ્ ઈદમ્
પૂર્ણાત્ પૂર્ણમ્ ઉદચ્યતે ।

(ઈશાવાસ્ય-શાંતિમંત્ર)

બીજા પ્રવાહનો મૂળ સ્રોત શૂન્યત્વના મહિમામાં પ્રતિષ્ઠિત છે. તેનો મૂળ મંત્ર ઋગ્વેદમાં જડે છે :

નાસદાસીન્નો સદાસીત્ તદાનીમ્
ન મૃત્યુરાસીદમૃતં ન તર્હિ ॥

(ઋગ્વેદ ૧૦, ૧૨૯, ૧-૨)

ત્યારે ન હતું સત્, કે ન હતું અસત્.
ન હતું મૃત્યુ, કે ન હતું અમૃતત્વ !

ગુરુ નાનકે લંકામાં ઉપદેશ આપ્યો

પંડિત બ્રહ્મદાસે એક વાર નાનકને પૂછ્યું : 'સૃષ્ટિની પહેલાં શું હશે ?' નાનકે ઉત્તરમાં કહ્યું : 'ત્યારે ન હતો દિવસ કે ન હતી રાત્રિ; ન હતો ચંદ્ર કે ન હતો સૂર્ય ! તેનું ધ્યાન શૂન્યલગ્ન હતું.' આચાર્ય ક્ષિતિમોહન સેને નોંધ્યું છે કે ગુરુ નાનકે લંકામાં જઈને ત્યાંના રાજા શિવનાભને બોધ આપ્યો હતો. તેમના ઘેહો અને સૈદો નામના બે શિષ્યોએ પાછળથી તેની નોંધ કરેલી છે. એ પુસ્તકનું મથાળું છે : 'પ્રાણસંગલી'. પુસ્તકનું બીજું પ્રકરણ 'પરમતત્ત્વ ધ્યાન' પર છે. નાનક શૂન્યના મહેલમાં પ્રવેશે છે અને અમૂલ્ય રત્ન પામે છે :

નાનક સુન્ન મહલિકો સંન્ન લગાવૈ ।
સુન્ન મહલ મહિં જાય સમાવૈ ।
રત્ન અમોલકુ તદિ હી પાવૈ ॥

કવિ સ્નેહરશ્મિની પંક્તિઓમાં શૂન્યની શોભા આ રીતે પ્રગટ થઈ છે : પતંગિયું
ત્યાં થયું અલોપ,
શૂન્ય ગયું રંગાઈ !

પૂર્ણતા અને શૂન્યતા બ્રહ્મની બે સગી બહેનો છે. બંને બહેનો વચ્ચે કોઈ તકરાર નથી. બંને પરમ સ્નેહભાવે સાથોસાથ રહે છે. આકાશમાં વિસ્તરેલું મહાશૂન્ય અનંત છે. એ મહાશૂન્યમાં જ પરમ પૂર્ણતાનો નિવાસ છે. શૂન્યતા નકારવાચક બાબત નથી. બીજગણિતના સમીકરણની ભાષામાં કહેવું હોય તો કહી શકાય : શૂન્યતા + પૂર્ણતા = પરબ્રહ્મ.

☐ 'પતંગિયાની અમૃતયાત્રા'માંથી સાભાર

યોજના હંમેશ માટે ખુલ્લી છે

- આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી

'આ શાયરીઓ તારી રચના છે ?'

'હા'

'આવી ગંદી શાયરીઓ તેં રચી ?'

'હા'

'કયા પુસ્તકનો આધાર લઈને બનાવી ?'

'આ !'

●●●

'પરમાત્માની આવી મસ્ત સ્તુતિઓ તેં રચી ?'

'હા'

'કયા પુસ્તકના આધારે ?'

'આ !'

આશ્ચર્ય તો ત્યારે સર્જાયું કે બંનેએ જે પુસ્તક બતાડ્યું એ એક જ હતું. જેના પર નામ હતું 'શબ્દકોશ' એક જણાએ એ શબ્દકોશના શબ્દોને એ રીતે ગોઠવ્યા કે જેમાંથી ગંદી શાયરીઓનું સર્જન થયું અને એક જણાએ શબ્દકોશના શબ્દોને એ રીતે ગોઠવ્યા કે જેમાંથી પ્રભુની સ્તુતિઓનું સર્જન થયું !

●●●

આશ્ચર્ય કહો તો આશ્ચર્ય અને કરુણતા કહો તો કરુણતા, આ જ છે કે જેની પાસે સદ્‌બુદ્ધિનો વૈભવ છે એ વસ્તુનો, વ્યક્તિનો કે સંયોગનો એવો ઉપયોગ કરે છે કે એ વસ્તુને, વ્યક્તિને અને સંયોગને ગૌરવ આપીને જ રહે છે જ્યારે એ જ વસ્તુ, એ જ વ્યક્તિ કે એ જ સંયોગ દુર્વિકલ્પોમાં જેની બુદ્ધિ અટવાયેલી છે એ વ્યક્તિને મળે છે અને એ વ્યક્તિ એના દુરુપયોગ દ્વારા એ તમામનું ગૌરવ ઘટાડીને જ રહે છે.

એક હકીકત સતત આંખ સામે રાખજો કે પરિણામ પ્રાપ્તિ પર એટલું નિર્ભર નથી કે જેટલું પાત્રતા પર નિર્ભર છે. સાપને પ્રાપ્તિ તો દૂધની થાય છે, એ બનાવે છે ઝેર. ગાયને પ્રાપ્તિ તો ઘાસની થાય છે, એ સર્જે છે દૂધ ! અરે, જે પથ્થર શિલ્પીના હાથમાં આવીને લાખોને પૂજ્ય એવી પ્રતિમાના ગૌરવને પામી જાય છે એ જ પથ્થર જો ગુંડાના હાથમાં જઈ ચડે છે તો કોઈકનું માથું ફોડી નાખવા દ્વારા સહુ વચ્ચે બદનામ થઈને જ રહે છે.

શું કહું ? આ તો સંસાર છે. અહીં આંખને વાસનાલંપટ બનવું હોય તો સ્ત્રી પણ હાજર છે અને ભક્તિના નશામાં પાગલ બનવું હોય તો પ્રભુની નયનરમ્ય પ્રતિમા પણ હાજર છે. જીભને નિંદારસમાં ડૂબી જવું હોય તો અહીં દુર્જનોની વણજાર પણ હાજર છે અને ગુણાનુવાદની પાવન ગંગામાં ડૂબકી લગાવતા રહેવું હોય તો સજ્જનો અને સંતોની આખી ફોજ હાજર છે. કાન જો હલકી અને ગંદી વાતોના શ્રવણમાં જ વ્યસ્ત રહેવા માગતા હોય તો અહીં એવી વાતો સંભળાવનાર તમને કદાચ ગલીએ ગલીએ મળી શકે છે અને તમારે ઉત્તમ અને ઉદાત્ત વાતોના શ્રવણમાં જ પાગલ બન્યા રહેવું હોય તો અહીં એવી ઉત્તમ વાતો સંભળાવનાર પવિત્ર આત્માઓ પણ હાજર છે. સંપત્તિના માધ્યમે માનવના ખોળિયે તમારે શેતાન બનવું હોય તો અહીં એવી ઉત્તમ વાતો સંભળાવનાર પવિત્ર આત્માઓ પણ હાજર છે. સંપત્તિના માધ્યમે માનવના ખોળિયે તમારે શેતાન બનવું હોય તો અહીં એ અંગેની તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ છે અને સંપત્તિના સદુપયોગ દ્વારા માનવના ખોળિયે તમારે 'દેવપુરુષ'નું બિરુદ મેળવવું હોય તો એ અંગેની તમામ અનુકૂળતાઓ પણ અહીં હાજર છે.

ટૂંકમાં, જે માનવજીવન આજે તમારા હાથમાં છે એ જીવનમાં તમે જે બનવા માગતા હો, બની શકો છો. જે બચાવવા માગો છો, બચાવી શકો છો. જે છોડવા માગો છો, છોડી શકો છો.

સજ્જન બનવું છે ? સદ્‌ગુણો બચાવી લેવા છે ? દુર્ગુણો છોડી દેવા છે ? તમને સ્વતંત્રતા છે. દુર્જન બની રહેવું છે ? સદ્‌ગુણો પ્રત્યે આંખમીંચામણાં કરવા છે ? દુર્ગુણો સાથેની અનાદિકાલીન દોસ્તી ટકાવી રાખવી છે ? તમને છૂટ છે.

વાંચી લો કોક અજ્ઞાત લેખકની આ પંક્તિઓ.

તું જ છીણી, તું જ શિલ્પી અને પથ્થર પણ તું.
ઘડી લે આકાર જીવનનો જેવો તું ચાહે તેવો તું !

આવો, ડૂબી જવાનો સ્વભાવ ધરાવતી ખીલીને જો લાકડા સાથે જોડીને તારી શકાય છે તો ડૂબી જવાની સંભાવના ધરાવતી શક્તિઓને સદ્‌બુદ્ધિ સાથે જોડીને તારક બનાવી દઈએ.

☐ 'સૂચનાઓનું સૌંદર્ય'માંથી સાભાર

મન - ઊર્જાશક્તિનો અનંત ભંડાર

ડૉ. હરીશ દ્વિવેદી

આપણે મનુષ્ય શા માટે કહેવાઈએ છીએ ? એના વિશે સરસ મજાની વાત કરતાં કહેવામાં આવ્યું છે કે, 'મનનાત્ મનુષ્યઃ' અર્થાત્ મનને કારણે મન થકી આપણે મનુષ્ય કહેવાઈએ છીએ. જો આપણી પાસે મન ન હોત અને માત્ર તન કે શરીર હોત તો આપણું નામ 'તનુષ્ય' પડ્યું હોત. તનુષ્ય એટલે જેમની પાસે માત્ર શરીર છે તે. હવે આપણે જો મનનો સદુપયોગ ન કરીએ તો આપણે પણ તનુષ્ય કહેવાઈએ. આપણે જો મનુષ્ય કહેવડાવવું હોય તો મનની અગાધ શક્તિઓથી પરિચિત થવું પડે. એક મનોવૈજ્ઞાનિકે તો મનની આ અગાધ શક્તિઓ સમક્ષ મસ્તક ઝુકાવી એટલી હદ સુધી કહ્યું છે કે, 'મનુષ્ય એના મનનું સર્જન છે' અર્થાત્ આપણું મન જેવું વિચારે છે એવાં આપણે બનતાં હોઈએ છીએ. આપણું મન એટલે આપણી માન્યતા. આપણી જે પ્રમાણેની માન્યતા હશે તેવા આપણે બનીશું. આપણને લાગશે કે જીવનના રહસ્યની કેટલી મોટી વાત અહીં કરવામાં આવી છે ! પરંતુ એમાં જરા પણ અતિશયોક્તિ નથી. તમને, મને અને આપણને સહુને મળેલું 'મન' એ આપણા સહુની આગવી વિશેષતા છે.

આપણું મન સમગ્ર માનવજાતના વિકાસની આત્મકથાને બે-ચાર શબ્દો દ્વારા વ્યક્ત કરતું એક હાઈકુ-કાવ્ય છે. એની શક્તિઓ અપાર છે. 'સુપર કોમ્પ્યુટર'ની શોધ કરનાર આ મનની અગાધ શક્તિઓનો તો કોઈ અંદાજ લગાવી શકાય તેમ નથી. કહેવાય છે કે, આપણા મનની અનંત ક્ષમતાઓના દસ હજારમા ભાગનો ઉપયોગ પણ આપણે કરતા હોતા નથી.

ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ એ અમીબાથી આદમ સુધીની વિકાસયાત્રાનો સિદ્ધાંત છે. ત્યારબાદ આદમથી અવકાશયાત્રા તરફની અનેક આશ્ચર્યચકિત કરનારી શોધખોળો એ આપણા મસ્તિષ્કનો ડાબા હાથનો ખેલ છે. વાસ્તવમાં આપણા મગજનો ડાબો ભાગ ગણિત, વિજ્ઞાન, ભાષા તથા સમગ્ર બૌદ્ધિક વિકાસનો મૂળ સ્રોત છે. આપણી શિક્ષણ પ્રણાલીમાં પણ એને જ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરિણામે એ ડાબા ભાગનો વિકાસ આજે અંતરિક્ષને આંબવા લાગ્યો છે, જ્યારે એનાથી પણ વધુ ક્ષમતા ધરાવતો જમણો ભાગ સાવ સુષુપ્ત અવસ્થામાં પડેલો છે. આપણી લાગણીઓ, ઉદાત્ત ભાવનાઓ તથા અનેક સર્જનાત્મક શક્તિઓનાં બીજ ત્યાં પડેલાં છે. એ તરફ હજુ આપણું ખાસ ધ્યાન ગયું જ નથી. એ ખૂબ જ ફળદ્રુપ પ્રદેશ સાવ વણખેડાયેલો પડ્યો છે. કેટલાક વિજ્ઞાનીઓનું ધ્યાન આજે એ તરફ ગયું છે અને એ જમણા ભાગની અનંત સર્જનાત્મક શક્તિઓનો ખ્યાલ એમને જેમ જેમ આવતો જાય છે. તેટલા વધુ ને વધુ તેઓ અધ્યાત્મની નજીક પહોંચતા જાય છે.

માનવજાતના વિકાસનો આ ત્રીજો તબક્કો એ અવકાશ યાત્રાથી આંતરવિકાસની અનંત યાત્રાનો છે. એનો સમય હવે આવી પહોંચ્યો છે. એમાં હવે એક ક્ષણનો વિલંબ પણ થઈ શકે તેમ નથી. આપણી એ સર્જનાત્મક શક્તિઓનો વિકાસ જ માનવજાતને મહાવિનાશમાંથી ઉગારી શકે તેમ છે. એકવીસમી સદીનો માત્ર આ એક જ તરણોપાય આપણી પાસે બાકી રહ્યો છે. માનવજાતે વિનાશથી બચવું હશે, તો વિજ્ઞાન અને અધ્યાત્મને એકબીજાથી ખૂબ જ નજીક લાવી 'સહ નાવવતુ'નો શાંતિપાઠ કરવો પડશે, અને છેવટે વિજ્ઞાનનું અધ્યાત્મમાં રૂપાંતરણ કરવું પડશે. આ સંદર્ભમાં ખૂબ જ માર્મિક એક સુંદર વાત યાદ આવે છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ વિશેની અનેક વાતો સાંભળીને તે સમયના પ્રખર તેજસ્વી બુદ્ધિમત્તા ધરાવતા પંડિત કેશવચંદ્ર સેનને ખૂબ આશ્ચર્ય થાય છે. ગામડાની સાવ અભણ એવી એક વ્યક્તિને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો હોય ! એ માનવા જ તેઓ તૈયાર નહોતા, છતાં મિત્રોના ખૂબ આગ્રહથી તેમણે શ્રીરામકૃષ્ણ પરમહંસને મળવાનું નક્કી કર્યું. કેશવચંદ્ર સેને પોતાની બુદ્ધિપ્રતિભા દ્વારા શુદ્ધ તાર્કિક દલીલોથી 'ઈશ્વરનું અસ્તિત્વ જ નથી' એવું સાબિત કરવાનું મનથી વિચાર્યું હતું. એટલે ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કરવાની સંપૂર્ણ તૈયારી કરીને તેઓ આવ્યા હતા. બંને વચ્ચેની મુલાકાતનો આરંભ થાય છે. કેશવચંદ્રના ઘણા બધા મિત્રો પણ ત્યાં હાજર છે. બધાને ભારે કુતૂહલ છે. કેશવચંદ્રની દલીલોનો પ્રત્યુત્તર પરમહંસદેવ કેવી રીતે આપે છે, એ જાણવાની સૌને ખૂબ ઇંતેજારી છે.

કંઈક નવું બનવાનો અણસાર ત્યાંના વાતાવરણમાં છુપાયેલો હતો. કેશવચંદ્ર સેને ઈશ્વરના અસ્તિત્વનો

ઈન્કાર કરતી શુદ્ધ તાર્કિક દલીલોનો અસ્ખલિત પ્રવાહ વહેવડાવવો શરૂ કર્યો. વાતાવરણ સ્તબ્ધ બની ગયું. ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહિ - એ વાત હવામાં ગુંજવા લાગી. 'છે આનો પ્રત્યુત્તર તમારી પાસે ?' કેશવચંદ્રે પોતાની તમામ દલીલોને અંતે શ્રીરામકૃષ્ણ પરમહંસને પૂછ્યું. સહુપ્રથમ તો રામકૃષ્ણદેવે કહ્યું કે, કેશવચંદ્રની પ્રખર બુદ્ધિપ્રતિભા અને અસ્ખલિત વાણી દ્વારા ઈશ્વર કેટલો પ્રગટ થઈ રહ્યો છે ! એને મારા શતશઃ પ્રણામ !

કેશવચંદ્ર સેનના હૃદયમાં એ શબ્દો ચૈતન્યનો પ્રકાશપૂંજ ફેલાવી ગયા. પોતાની તમામ તાર્કિક દલીલોની આગળ પોતે જ હારી ગયા હતા. તેઓ પોતાના પાંડિત્ય અને અહંકારને ભૂલી જઈ રામકૃષ્ણ દેવના પરમભક્ત બની ગયા.

તર્ક અને બુદ્ધિના સૂક્ષ્મ વિજ્ઞાન ઉપર અધ્યાત્મનો આ અદ્ભુત વિજય હતો. આપણા મસ્તિષ્કના ડાબેરી વિકાસે આજે વિજ્ઞાનના ક્ષેત્રે માન્યામાં ન આવે એવી સિદ્ધિઓ હાંસલ કરી છે. એ સહુનું પોતપોતાના સ્થાને જરૂર મૂલ્ય છે. એ શોધખોળો આવકાર્ય પણ છે. માનવજાતનાં અનેક કષ્ટો અને યાતનાઓને એણે દૂર કર્યાં છે. મહાન પ્રયોગવીર થોમસ આલ્વા એડિસનની એકમાત્ર વીજળીના ગોળાની શોધે આજે સમગ્ર વિશ્વને પ્રકાશના તેજપૂંજથી ઝગમગાવી દીધું છે. માણસજાત પ્રત્યેના એ ઉપકારની સમક્ષ આપણે સહુ નતમસ્તક છીએ અને એનો માનીએ તેટલો આભાર ઓછો છે, પરંતુ એની સાથે સાથે વિજ્ઞાનની એ શોધખોળોમાંથી જ પ્રગટેલ અણુબોમ્બનો રાક્ષસ આજે સમગ્ર માનવજાતને બીવડાવી રહ્યો છે. સમગ્ર વિશ્વનો અનેકવાર વિનાશ કરવાની તાકાત ધરાવતાં શસ્ત્ર-સરંજામો આપણી ચિંતાનો વિષય બન્યા છે. આ બધાનું મૂળ કારણ મનુષ્યજાતના મસ્તિષ્કનો અસંતુલિત અને એકતરફી વિકાસ છે.

તો હવે આમાંથી બચવાનો કોઈ ઉપાય ખરો ? એનો ઉત્તર આપવો થોડું મુશ્કેલ છે. આજે આપણે સહુ ક્યાંક અટવાઈ ગયા છીએ એટલે માર્ગ સૂઝતો નથી. બાકી સમસ્યા જેટલી અઘરી હોય એટલો જ સરળ એનો ઉપાય પણ હોય છે ! આપણા મસ્તિષ્કની અગાધ શક્તિઓના અસંતુલિત વિકાસનો એકમાત્ર ઉપાય 'અધ્યાત્મ' છે. માણસજાતે ભયંકર વિનાશમાંથી બચવા માટે અધ્યાત્મ તરફ વળ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

અહીં 'અધ્યાત્મ' શબ્દને એના સાવ ઘસાઈ ગયેલા ચીલાચાલુ અર્થમાં લેવાનો નથી. અધ્યાત્મ એ તો આપણા મનની સુષુપ્ત અનેક સર્જનાત્મક શક્તિઓના જાગરણની પ્રક્રિયાનું નામ છે. આંતરવિકાસની અનંત યાત્રાનું એ મંગલાચરણ છે. માનવતાના છોડવે ઊગેલું જીવન પરિમલ પ્રસરાવતું પુષ્પ એટલે અધ્યાત્મ. આપણા અસ્તિત્વના કેન્દ્રસ્થાને રહેલ આત્મદેવનાં દર્શન કરાવે તે અધ્યાત્મ.

આપણે આ અધ્યાત્મ અને જીવન-વ્યવહાર એ બંનેને અલગ અલગ માની એક મોટો ગૂંચવાડો ઊભો કર્યો છે. અધ્યાત્મને માત્ર સેવા-પૂજા, ધર્મ, ધ્યાન અને ચિંતન પૂરતો મર્યાદિત બનાવી અમુક નિશ્ચિત સમયમાં એનો ક્રિયાયોગ વગેરે પતાવી દઈ પછી એનાથી મુક્ત બની વ્યવહારમાં તો 'જેમ થતું હોય એમ જ થાય' એમ માની લઈ વર્તતાં હોઈએ છીએ. પરિણામે આપણે અધ્યાત્મની મોટી મોટી વાતો કરી પોતે મહાન આધ્યાત્મિક વ્યક્તિ હોવાનો દેખાવ કરતા હોઈએ છીએ, પરંતુ વ્યવહાર તો સાવ જુદાં જ પ્રકારનો કરતા હોઈએ છીએ, વાસ્તવમાં અધ્યાત્મ અને વ્યવહાર એ તો જીવનરૂપી સિક્કાની બે બાજુઓ છે. આપણે એ બંને વચ્ચેની ભેદરેખાને ઓળંગી જઈ આપણા પ્રત્યેક વ્યવહારમાંથી અધ્યાત્મની સુવાસ ફેલાવતાં શીખવાનું છે.

આ 'મન' એ તો આપણું સર્વસ્વ છે. એની અનંત શક્તિઓનો આપણે જેટલો વધુ ને વધુ ઉપયોગ કરતાં શીખીશું, એટલા આપણે વધુ ને વધુ સર્જનાત્મક બની શકીશું. મનની આ અપાર ક્ષમતાઓને ધ્યાનમાં રાખી ડૉ. લોપનોવે 'સુપર લર્નિંગ' નામની એક નવી શિક્ષણ પ્રણાલીનો આવિષ્કાર કર્યો છે અને એના અનેક સફળ પ્રયોગો પણ તેમણે કર્યા છે. એ બધાનું મૂળ સ્રોત તો આપણું મન જ છે.

આપણા મનની આવી સર્જનાત્મક શક્તિઓ વિશે આપણે ખાસ વિચાર્યું પણ નથી. આપણા મસ્તિષ્કના જમણા ભાગમાં સુષુપ્ત પડેલી એ શક્તિઓને વધુમાં વધુ જાગૃત કરી બંનેનો સંતુલન કરવાનો પ્રયત્ન કરીએ. આજે અવકાશયાત્રા સુધી પહોંચેલ માનવજાતને હજુ આંતરવિકાસની અધ્યાત્મયાત્રા કરવાની બાકી છે. એ ભવ્ય ઉડ્ડયનના 'ટેઈક ઓફ'નો સમય આવી પહોંચ્યો છે, જેનાં કાઉન્ટ ડાઉન પણ શરૂ થઈ ગયાં છે, અને જુઓ આપણી અધ્યાત્મ યાત્રાની એ સફર શરૂ પણ થઈ ગઈ છે ! એનાં સફળ ઉડ્ડયન માટેની ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ.

વૃત્તાંત

દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : ૧૯ વર્ષે પહેલી એપ્રિલે ફરીથી શ્રીરામનવમીનું આગમન થયું. શિવાનંદ આશ્રમમાં ચૈત્ર શુકલ પ્રતિપદા ચૈત્રી નવરાત્રીના આગમન સાથે શ્રી અષ્ટલક્ષ્મી-આદિ શક્તિપીઠમાં શ્રીરામચરિત માનસનું નવાહ્ન પારાયણ થયું. શ્રીરામનવમીની પ્રાતઃકાળે આ પારાયણની પૂર્ણાહુતિ ઉપરાંત શ્રી રામમંદિરમાં ભગવાન શ્રી રામની પૂજા, અર્ચના, અભિષેક, મહાઆરતી અને મહાપ્રસાદ ખૂબ જ ધામધૂમથી થયાં.

પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ભારતીય સૈન્યની એક વરિષ્ઠ અધિકારીઓની સભાને બપોરે ૧૨-૩૦ થી ૧-૩૦ વાગ્યા સુધી સંબોધિત કરી.

બપોરે ૪-૦૦ થી ૭-૩૦ વાગ્યા સુધી મિઝોરમની વિદ્યાર્થિની બહેનોના શિક્ષણના લાભાર્થે આયોજિત કાર્યક્રમમાં અતિથિવિશેષ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ રહ્યા.

શુક્રવાર તા.૬ઠી એપ્રિલના રોજ શ્રી હનુમાન જયંતીના પર્વે આશ્રમના શ્રી દુઃખભંજન હનુમાન મંદિરમાં મારુતિયજ્ઞ થયો. શ્રી સુંદરકાંડ પારાયણ ઉપરાંત પૂજા અર્ચના પછી મહાપ્રસાદ ભંડારાનું આયોજન પણ થયું.

મંગળવાર તા.૧૦મીની રાત્રે નવ વાગ્યે બાપુનગર ખાતે શ્રી ચંદ્રકાંત દેસાઈ સ્મૃતિ ભવન ખાતે 'જીવનમાં યોગ અભ્યાસની આવશ્યકતા' વિષયક પ્રેરક પ્રવચનનું આયોજન, બાપુનગર વિસ્તારના હીરાઘસુ તથા સ્લમ વિસ્તારના ભાઈ-બહેનોના લાભાર્થે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી આયોજવામાં આવ્યું હતું. ત્યારબાદ રવિવાર તા.૧૫મી એપ્રિલથી શનિવાર ૨૧મી એપ્રિલ સુધી યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનનો શિબિર આયોજાયો હતો. આ શિબિરનું ઉદ્‌ઘાટન મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી અસિત વોરાએ દીપ પ્રજ્વલન કરીને કર્યું હતું. આ પ્રસંગે અનેક મ્યુનિસિપલ કોર્પોરેટ્સ તથા સંસદસભ્ય શ્રી વલ્લભભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

શુક્રવારે ૨૦મી એપ્રિલની રાત્રે પ્રશ્નોત્તરનો વિશેષ કાર્યક્રમ આયોજાયો હતો તથા સૌ યોગપ્રેમીઓએ પરિવારના સભ્યો સાથે દાબડા ઉજાણી પણ માણી હતી. તા.૨૧મીની સવારે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ સંચાલિત ૭૪૬મા યોગ શિબિરની પૂર્ણાહુતિ થઈ હતી. આ શિબિરમાં ૨૯૪ શિબિરાર્થીઓએ લાભ લીધો.

પવિત્ર વૈશાખીના શુભ પર્વે નવનીત પ્રકાશનના વિક્રેતાઓને પ્રેરણા આપવા માટે અને 'કર્મ'નો પદાર્થબોધ કરવા નવનીત હાઉસમાં પૂજ્ય સ્વામીજી મહારાજનું તા.૧૪મી એપ્રિલે ખૂબ જ પ્રેરણાસ્પદ પ્રવચન આયોજાયું હતું.

તા.૧૮ એપ્રિલને બુધવારે નિરમા સ્કૂલ ઓફ એક્ષલન્સમાં શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું સ્વાસ્થ્ય પ્રેરક પ્રવચન શાળાના શિક્ષકો તથા ઉચ્ચસ્તરીય વિદ્યાર્થીઓ માટે આયોજાયું.

'નિષ્કલ સ્કૂલ ઓફ થૉટ' પરિવારના સભ્યો સાથે સત્સંગ અને પ્રસાદનો કાર્યક્રમ તા.૧૯મી એપ્રિલને ગુરુવારની સાંજે અંકુર ખાતે આયોજાયો હતો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ યુવકોને 'તેજસ્વી જીવન' હેતુ સંબોધન કર્યું હતું.

ડૉ. નીલકંઠરાય છત્રપતિ મેમોરિયલ એવૉર્ડ વર્ષ ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦ના વિજેતાઓનો એવોર્ડ પ્રદાન સમારંભ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે અંધ કલ્યાણ કેન્દ્ર-રાણીપ અમદાવાદ ખાતે તા.૨૧મી એપ્રિલને શનિવારની ઢળતી સાંજે આયોજાયેલો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી ઉપરાંત પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, ગુજરાત રાજ્યના નિવૃત્ત મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરી (I.A.S.), કેન્સર હોસ્પિટલના નિવૃત્ત પ્રમુખ અધિક્ષક ડૉ. પંકજ શાહ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શ્રી અરવિંદ દલાલ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદના ડૉ. વિપીનભાઈ પ્રજાપતિ, માધાપર (કચ્છ)ના સુપ્રસિદ્ધ પ્રજ્ઞાચક્ષુ શ્રી લાલજીભાઈ અને અમરેલી અંધજન મંડળના અધ્યક્ષા પ્રજ્ઞાચક્ષુ બહેન મુક્તાબેન ડગલીને તેમની વિશિષ્ટ સેવાઓ બદલ એવોર્ડ આપવામાં આવ્યો. કાર્યક્રમનું સંચાલન સુપ્રસિદ્ધ લાયન શ્રીમતી કુમુદબેન રશ્મીકાંતે કર્યું.

શ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદ્ય શક્તિપીઠના અગિયારમા બ્રહ્મોત્સવ પ્રસંગે તા.૨૨થી તા.૨૮ એપ્રિલ સુધી પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીની વ્યાસપીઠે શ્રી દેવી ભાગવત પુરાણની કથાનું મંગળમય આયોજન થયું. તા.૨૨મીની વહેલી સવારે સત્યાગ્રહ છાવણીમાંથી પોથીયાત્રા ખૂબ જ ઉત્સાહ, સંગીતમય નર્તન અને વાદન સાથે આરંભાઈ. આનંદમય આધ્યાત્મિક વાતાવરણમાં પોથીયાત્રા પછી બપોરે ૩-૩૦થી સાંજે ૭-૦૦ વાગ્યા સુધી પૂજ્ય સ્વામીજીએ દરરોજ કથાનું રસપાન કરાવ્યું. શુક્રવાર તા.૨૭મીની સવારે ગંગાપૂજન અને ૨૮મીની રાત્રે કથા સમાપન સમયે કન્યાપૂજનનો ઉત્સવ પણ ખૂબ ધામધૂમથી સંપન્ન થયો. શ્રીમતી તારાબેન અને શ્રી જયંતિભાઈ મેઘમણી પરિવારના યજમાનપદે અને પારિવારિક ઉત્સાહ થકી સમગ્ર ઉત્સવ ખૂબ જ ભક્તિભાવસભર વાતાવરણમાં સંપન્ન થયો. દરરોજ સાંજે કથાસમાપન પછી સર્વે શ્રોતાઓને ભોજન-પ્રસાદ પિરસવામાં આવ્યું. કથા પ્રારંભનું દીપપ્રાકટ્ય મહામંડળેશ્વર ૧૦૮ શ્રી સ્વામી અદ્વૈતાનંદજી મહારાજશ્રીએ કર્યું.

તા.૨૩મી એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ'ની અમદાવાદની સુપ્રસિદ્ધ 'વિશાલા' ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અમદાવાદ-ગાંધીનગરના જાણીતા સાહિત્યકારો, લેખકો, કવિઓ તથા પ્રકાશકોએ હાજરી આપી હતી. ઉપસ્થિત સારસ્વતોએ એક એક દીપ પ્રકટાવી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. પૂ. સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજના આશીર્વચનથી કાર્યક્રમનું સમાપન થયું.

સમસ્ત ગુજરાત દિવ્ય જીવન સંઘનું સંમેલન શ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિ શક્તિપીઠના ૧૧માં બ્રહ્મોત્સવના રોજ તા.૨૯મી એપ્રિલ રવિવારના રોજ આયોજાયું. જેમાં રાજકોટ આર્ષ વિદ્યાપીઠના પૂજ્ય શ્રી સ્વામી પરમાત્માનંદજી મહારાજ, હેરંજના સ્વામી શ્રી અસંગાનંદજી મહારાજ, નિવૃત્ત મુખ્ય રચીવ, ગુજ. રાજ્ય શ્રી પી.કે. લહેરી સાહેબ તથા શ્રી ઇન્દુબેન કાટદરે (પુનરુત્થાન ટ્રસ્ટ ગુજરાત) ઉપરાંત પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ઉદ્‌બોધનો કર્યા. સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર શ્રી અરુણ ઓઝા રહ્યા. તેમણે દિવ્ય જીવનના કાર્યને ગુજરાતમાં વધુ સક્રિય અને વધુ મજબૂત કરવા વાતો કરી. (આ પ્રસંગનો વિગતવાર અહેવાલ જૂન-૨૦૧૨ના અંકમાં આપવામાં આવશે)

વહેલી સવારે શ્રી અષ્ટલક્ષ્મી-આદિ શક્તિપીઠના શ્રીયંત્ર પૂજા, નવચંડી યજ્ઞ અને સાંજે મહાઆરતી પછી વિશાળ ભંડારો થયો. રાત્રે મુંબઈના કુ. અનાર વૈદ્ય અને અમદાવાદના પંડિત વિકાસચંદ્ર પરીખનું ભક્તિ તથા શાસ્ત્રીય સંગીત થયું.

સોમવાર ૩૦મી તારીખની સવારે નવથી બપોરે બાર વાગ્યા સુધી દિલ્હીના શ્રી અજય યાજ્ઞિકજી દ્વારા સુંદરકાંડ પારાયણ થયું અને સાંજે આશ્રમની વિશાળ લોનમાં ભરચક ભીડ અને શ્રોતાઓ વચ્ચે સુપ્રસિદ્ધ સીને ગાયક શ્રી નીતિન મુકેશે પૂજ્ય સ્વામીજીના જન્મદિવસની પૂર્વ સંધ્યાને બિરદાવવા માટે સ્વ. મુકેશના યાદગાર ગીતોની રમઝટ જમાવી.

તા.પહેલી અને બીજી મેની સાંજે શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન શ્રી સિંધુભવન ખાતે થયું. આ પ્રસંગે શ્રી રામકૃષ્ણ આશ્રમ, વડોદરાના પૂજ્ય સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજ, છારોડી ગુરુકુળના પવિત્ર સંત શ્રી સ્વામી માધવપ્રિયદાસજી મહારાજ, અનેક યુનિવર્સિટીઓના નિવૃત્ત ઉપકુલપતિ શ્રી નરેશ વેદ અને પાર્લા સંન્યાસ આશ્રમના અધ્યક્ષ ૧૦૦૮ મહામંડળેશ્વર અને ડૉ. શ્રીમત્ સ્વામી વિશ્વેશ્વરાનંદજી મહારાજનાં ઉદ્‌બોધનો થયાં. સિંધુ ભવનની નિઃશુલ્ક વ્યવસ્થા સિંધુ ભવન ટ્રસ્ટ સૌજન્યથી મળી, હૃદય પૂર્વક તેમનો સૌનો આભાર.

ત્રીજી તારીખે બ્રાહ્મમુહૂર્તે શરણાઈના મંગળ સ્વર પ્રાર્થના અને ધ્યાન પછી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૬૮મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે તેમનું સન્માન, આયુષ્યહોમ, દરિદ્રનારાયણ ભોજન પછી સાંજે સંતોની વિશાળ સભાનું આયોજન થયું. રાત્રે શ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠમાં પૂજ્યા માતૃસ્વરૂપા વિભાબેન અને આદરણીય શ્રી રાસબિહારી દેસાઈ સાહેબે તથા શ્રી સોનિક સુથારે ભક્તિસંગીત પ્રસ્તુત કરી શ્રીશ્રીમાની ભક્તિ વંદના કરી. મધ્યરાત્રીએ મહાનિશા ધ્યાન, આરતી અને પ્રસાદ પછી ઉત્સવનું સમાપન થયું.

શુક્રવાર ૪થી મેની સાંજે ગોંડલના સુપ્રસિદ્ધ શ્રી સાંઈરામ દવેનો હાસ્ય રસદરબાર અવિસ્મરણીય રહ્યો. આ સર્વે કાર્યક્રમો, ઉત્સવો, ભંડારાઓ વગેરે શ્રીશ્રી ગુરુકૃપાએ સંપન્ન થયા.

આ ઉપરાંત તા.૨૩ એપ્રિલ થી ૨ મે સુધી મહામંડળેશ્વર ૧૦૮ શ્રી સ્વામી અદ્વૈતાનંદજી મહારાજશ્રીએ શાંકરભાષ્ય-ઈશાવાસ્યોપનિષદનો સ્વાધ્યાય દરરોજ સવારે સાતથી આઠ વાગ્યા સુધી કરાવ્યો.

મુંબઈ : રાજસ્થાન યુનિવર્સિટી દ્વારા D'Litની ઉપાધિ આપવાનો એક ભવ્ય સમારંભ વિલેપાર્લાના ભાઈદાસ હોલમાં તા.૬ઠી એપ્રિલની સવારે ૯-૩૦થી ૧-૦૦ વાગ્યા સુધી ખૂબ જ ભવ્યતાથી ઉજવાયો. પાર્લા સન્યાસઆશ્રમના મહામંડળેશ્વર ૧૦૦૮ શ્રીમત્ સ્વામી વિશ્વેશ્વરાનંદજી મહારાજ, ગુજરાત, આસામ અને મીઝોરમના રાજ્યપાલશ્રીઓ, આસામમાં સ્થિત રાજસ્થાનના સુપ્રસિદ્ધ લેખક સાંવરીયાજી વગેરેને ડૉક્ટરેટની માનદ ઉપાધિથી નવાજવામાં આવ્યા, આ પ્રસંગે પૂજ્યપાદ શ્રીમદ્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીને અતિથિવિશેષ સ્વરૂપે નિમંત્રિત કરવામાં આવ્યા હતા.

પૂજ્ય સ્વામીજીએ રાજસ્થાનનાં ગૌરવગરીમાનું ગાયન કર્યું. અને કહ્યું, મને પણ મારા જીવનમાં રાજસ્થાનની માટીની સુગંધ મળી છે, સ્વામીજીએ જ્યારે રાજસ્થાની ભાષામાં 'પ્રાણા શું ભી પ્યારો લાગે માને રાજસ્થાન જી, અલબેલા વીરારો પ્યારો મારો રાજસ્થાનજી' ગાયું ત્યારે સમગ્ર સભા સાધુવાદથી મુખરિત થઈ હતી.

મુંબઈના ટૂંકા નિવાસ દરમિયાન પૂજ્ય સ્વામીજીએ શારીરિક અસ્વસ્થતા ભોગવતા રોગી લોકોની મુલાકાતો પણ લીધી હતી, તા.૭મીની બપોરે શુભેચ્છકોને ત્યાં સત્સંગ-પ્રસાદ ગ્રહણ કરી સ્વામીજી નાગપુર જવા રવાના થયા હતા.

નાગપુર : તા.૭મી એપ્રિલની બળબળતી સાંજે ૪૨° સેન્ટિગ્રેડના તાપમાન વચ્ચે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ નાગપુર હવાઈમથકે આવી પહોંચ્યા હતા. નાગપુર લાયન મિત્રોના નિમંત્રણે આવેલા પૂજ્ય સ્વામીજીએ તા.૭મીની સાંજે શ્રી રામકૃષ્ણ આશ્રમમાં સાયં આરતી અને સત્સંગ માણી વરિષ્ઠ સંતોનો સત્સંગ કર્યો હતો.

તા.૮મી એપ્રિલ રવિવારની સવારે નાગપુર લાયન્સ ક્લબની ઝોનલ કોન્ફરન્સનું પૂજ્ય સ્વામીજીએ દીપપ્રજ્વલન કરીને ઉદ્ઘાટન કર્યું હતું. 'પરિવર્તન' હેતુસર ચિંતન આ પરિષદમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમની સંબંધી તેવી ૩૯ ક્લબો સમગ્ર ડિસ્ટ્રીક્ટ 323 H-1 વિદર્ભમાંથી આવેલ હતી. ૧૫૦૦થી વધુ લાયન મિત્રોની આ સભાના સભાસદોએ સમગ્ર વર્ષમાં કરેલી સેવાપ્રવૃત્તિઓનું સરવૈયું કર્યું. તેઓ કેમ વધુ લાયનપદે રહીને સેવા નિરત થઈ શકે તે માટેનું જ્ઞાનેશ્વરીના ઉદાહરણો ટાંકી પૂજ્ય સ્વામીએ મરાઠી ભાષામાં એક કલાક ઉદ્બોધન કરતાં સૌ ગદગદ થઈ ગયા હતા. ૮મી એપ્રિલની મોડી રાત્રે સ્વામીજી અમદાવાદ પાછા ફર્યા.

દિલ્હી : તા.બારમી એપ્રિલના રોજ દિલ્હીના શ્રી ત્યાગરાજ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 'ગુરુસંગમમ્'નો એક ખૂબ જ અર્થપૂર્ણ અને પ્રભાવશાળી કાર્યક્રમ આયોજાયો. ભારતના તમામ ભાષાભાષી સંતો (૧૦૦થી વધુ) ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમ સુપ્રસિદ્ધ સદ્ગુરુ શ્રી જગ્ગીસ્વામીની આગેવાની હેઠળ ચાલ્યો. આ કાર્યક્રમમાં વિદેશમાં સ્થિત થયેલા ભારતીય સંતો પણ તેમના વિદેશી સંન્યાસી શિષ્યો સાથે ઉપસ્થિત રહ્યા.

સમગ્ર કાર્યક્રમ ખૂબ જ વ્યવસ્થિત, ભારતીય-સનાતન ધર્મની સંસ્કૃતિ અને સંસ્કારને ગૌરવપૂર્ણ હતો. કાર્યક્રમનો હેતુ સર્વે સંતો વચ્ચે સમવાયતા વધે. સૌ પોતપોતાની રીતે અદ્ભુત કાર્યો કરી જ રહ્યા છે, છતાં હિન્દુધર્મને દરિયાપારના દેશોમાં જે વિકૃત રીતે ચિતરવામાં આવ્યો છે, કે આવી રહ્યો છે, તેના તરફ લાલબત્તી ધરવામાં આવે. આદિવાસી અને પછાત વિસ્તારના લોકોનું ધાર્મિક, આર્થિક, ભૌતિક સંરક્ષણ કરવામાં સંતો આગળ આવે, તે પ્રમાણેનો હતો. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી તથા આશ્રમના સેવક શ્રીરામકૃષ્ણે આ પરિષદમાં ભાગ લીધો.

દિલ્હી નિવાસ દરમિયાન આદરણીય શ્રી સંજય મહેતાજીના નિવાસસ્થાને મહારાણીબાગમાં પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજનો સત્સંગ આયોજાયો.

વેદોમાં કથિત આત્મચિંતનથી જ મુક્તિનો પથ પ્રશસ્ત થઈ શકે, કથાઓ પ્રભુમાર્ગે દોરે છે, જ્યારે સ્વાધ્યાય આત્મચિંતન, મનન અને નિદિધ્યાસન પછી આત્મસ્થ થવા માટે જ વૈદિક વાંઙ્મયનું પ્રયોજન છે. પૂજ્ય સ્વામીજીનો નિવાસ શ્રી સંજય મહેતાને ત્યાં હતો. તેમના આતિથ્ય તથા સેવાઓ અર્થે શિવાનંદ આશ્રમ સદૈવ ઋણી રહેશે. ૐ શાંતિ.

સ્વાદ અને
ગુણવત્તાની પરંપરા
રામદેવ
સ્વાદના શોખ અને સ્વાસ્થ્યની કાળજી માટે
હંમેશા તમારી સાથે રહેલી એક ભરોસાપાત્ર બ્રાન્ડ.
એક સરખી પ્રીમિયમ ક્વૉલિટીનું એ જ પ્રોમિસ.
ISO 22000
Ramdev
Garam Masala
TURMERIC POWDER
हल्दी पाउडर
CHILLI POWDER
मिर्च पाउडर
Garam Masala
PREMIUM HING
મસાલા • ઈન્સ્ટન્ટ મિક્સ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ
રામદેવ ફૂડ પ્રોડક્ટસ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com